શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

# પ્રવચનસાર

(ગાથા-શીર્ષક, ગુજરાતી પદ્યાનુવાદ (હરિગીત) તથા અન્વયાર્થ સહિત)



શાસનનાયક શ્રી મહાવીરસ્વામી



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો
પોતે વિદેહ જઈ દિવ્યધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.



પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પૂજ્ય બહેનશ્રી ચંપાબેન



ગદ્ય-પદ્યાનુવાદક
પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૨૧૬ *

ॐ

नमः सर्वज्ञवीतरागाय।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# પ્રવચનસાર

ગાથાઓના મથાળા, ગુજરાતી પદ્યાનુવાદ (હરિગીત),
તથા અન્વયાર્થ

卐

-: અનુવાદક :-

**પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ**
બી.એસસી.

卐

-: પ્રકાશક :-

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ—૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

પ્રથમ આવૃત્તિ    પ્રત : ૩૦૦૦    વીર સં. ૨૫૩૪

શ્રી પ્રવચનસાર હરિગીત-ગાથાર્થ(ગુજરાતી)ના

**❀ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❀**

સ્વ. કંચનબેન વસંતલાલ તલાટી, દાહોદ.

હ. મહેન્દ્રભાઈ, સ્વ. શરદભાઈ, સુભાષભાઈ, સિદ્ધાર્થભાઈ, ભદ્રેશભાઈ (સુપુત્રો) સ્વ. સુલોચનાબેન, નિરંજનાબેન (સુપુત્રીઓ)

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૧૪=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા. ૭=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૭=૦૦**


મુદ્રક

**કહાન મુદ્રણાલય**

જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

PH (02846) 244081



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રકાશકીય નિવેદન

દેવાધિદેવ પરમ ભટ્ટારક શાસનનાયક શ્રી તીર્થંકર ભગવાન મહાવીરના ગુરુપરંપરાએ પ્રાપ્ત ઉપદેશથી તથા વિદેહક્ષેત્રના વિદ્યમાન તીર્થંકર શ્રી સીમંધર ભગવાન પાસેથી મળેલ સાક્ષાત્ દિવ્યધ્વનિ શ્રવણથી ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. તે પૈકીનું આ પ્રવચનસાર એક ઉત્તમ શાસ્ત્ર છે. જેમાં આચાર્યદેવે દિવ્યધ્વનિનો સાર વીણી લીધો છે. આ મહાન ગ્રંથ શ્રી પ્રવચનસારનો સાચો મર્મ આ કાળે આપણા પરમતારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની અકારણ કરુણાથી જ પ્રાપ્ત થયો છે. તથા તેઓશ્રીના પ્રતાપે જ મુમુક્ષુઓમાં આ પ્રવચનસાર ગ્રંથનો સ્વાધ્યાય કરવાની અપૂર્વ રુચિ જાગૃત થઈ છે, તથા ઊંડા આદર્શ, આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પરમાગમ શ્રી પ્રવચનસારની ગાથાઓનો ગુજરાતી હરિગીતમાં પદ્યાનુવાદ તેમ જ સંસ્કૃત ટીકાનો અક્ષરશઃ અનુવાદ થવાથી આ પરમાગમના ભાવો મુમુક્ષુ સમાજને ઘણી જ સરળતાથી સમજાયા છે.

શ્રી પ્રવચનસાર પરમાગમ પ્રત્યે મુમુક્ષુસમાજમાં પ્રવર્તતી ભાવભીની ભક્તિ તથા તેની લોકપ્રિયતાને ધ્યાનમાં લઈ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા પ્રવચનસારના હરિગીતો, મથાળા તથા અન્વયાર્થ સાથે સંગીતમય ઑડિયો CDમાં તૈયાર કરવામાં આવ્યાં છે. આ CDના શ્રવણ સમયે મુમુક્ષુસમાજના સ્વાધ્યાય હેતુ ‘‘પ્રવચનસાર’’નું આ લઘુ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આશા છે કે મુમુક્ષુસમાજ આના સ્વાધ્યાયથી નિજાત્મકલ્યાણ સાધી લાભાન્વિત થશે.

પૂજ્ય ગુરુદેવશ્રીની
૧૧૯મી જન્મજયંતી મહોત્સવ
તા. ૭-૫-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પ્રવચનસાર પરિચય

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ પોતાના સાતિશય દિવ્યધ્વનિ દ્વારા કરતા હતા. તેમના શાસનમાં અનેક કેવલીઓ તથા અંગજ્ઞાનના ધારક શ્રુતકેવળીઓ થયા જેમાં છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી થયા. તેમની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થયા. દિગંબર જૈનપરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તદુપરાંત તેઓશ્રીએ વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધરસ્વામીના સમવસરણમાં સદેહે જઈ તેમનો ઉપદેશ પ્રત્યક્ષ ઝીલી તેમની પાસેથી મળેલા જ્ઞાનથી મહાન ગ્રંથોની રચના કરી ભારતવર્ષના ભવ્ય જીવોને પ્રતિબોધ કરી ભગવાન મહાવીરના સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ શાસનને જીવંત રાખ્યું છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી હતી તેમનાં સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય નામનાં ત્રણ ઉત્તમોત્તમ શાસ્ત્રો પ્રાભૃતત્રય કહેવાય છે. તે પૈકીના આ પ્રવચનસારમાં તેના નામ અનુસાર જ જિનપ્રવચનનો સાર સંઘર્યો છે. જેમાં શાસ્ત્રકર્તાએ વીતરાગ ચારિત્ર માટેની પોતાની ઝંખના વ્યક્ત કરી છે. વારંવાર અંતરમાં ડૂબકી મારતા આચાર્યભગવાન નિરંતર અંદર જ સમાઈ રહેવાને ઝંખે છે. તે અંતર-અનુભવથી બહાર આવી સવિકલ્પ દશામાં જે અમૂલ્ય વચનમૌક્તિકોની માળા ગુંથાઈ તે આ પ્રવચનસાર પરમાગમ છે. આખા પરમાગમમાં વીતરાગ ચારિત્રની ઝંખનાનો મુખ્ય ધ્વનિ ગુંજી રહ્યો છે.

વિક્રમની ૨૦-૨૧મી સદીમાં થયેલા સંત અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ તીર્થધામ સુવર્ણપુરીમાં નિજાત્મ સાધના કરી સમગ્ર ભારતવર્ષમાં અધ્યાત્મની રુચિનો યુગ પ્રવર્તાવ્યો છે. તેઓશ્રી દ્વારા જ આ યુગમાં આ પરમાગમ પ્રવચનસારનો સાચો મર્મ મુમુક્ષુઓને પ્રાપ્ત થયો છે.

તેમના શાસનમાં તેમના સદુપદેશથી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનાર પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના વડીલબંધુ ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહ દ્વારા—પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવનાનુસાર પૂજ્ય બહેનશ્રીની કૃપાભીની અનુમોદનાથી—૨૦૦૦ વર્ષમાં પ્રથમ વાર કુંદકુંદાચાર્યદેવ રચિત પરમાગમોની મૂળ પ્રાકૃત ગાથાઓનો ભાવવાહી ગુર્જર ભાષામાં પદ્યાનુવાદ તથા સંસ્કૃત ટીકાઓનો શબ્દશઃ ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે. જે સમગ્ર ભારતના મુમુક્ષુઓને અત્યંત ઉપકારક અને પ્રિય લાગ્યો છે.

તે પૈકી આ પ્રવચનસારના પદ્યાનુવાદને સંગીતમય રજુ કરી લોકભોગ્ય બનાવવાનો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢનો આ નમ્ર પ્રયાસ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૯મી
જન્મ-જયંતી
તા. ૭-૫-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–364250

# ❀ જિનજીની વાણી ❀

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

*રચયિતા : હિંમતલાલ જેઠાલાલ શાહ*

# જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન

આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે ત્રણ શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરસન્મુખ જીવોને 'હું જ્ઞાનસ્વભાવ છું અને મારું સુખ મારામાં જ છે' એવી શ્રદ્ધા કદી થઈ નથી અને તેથી તેની ઓશિયાળી પરસન્મુખ વૃત્તિ કદી ટળતી નથી. એવા દીન દુઃખી જીવો પર આચાર્યભગવાને પરમ કરુણા કરી આ અધિકારમાં જીવનો જ્ઞાનાનંદસ્વભાવ વિસ્તારથી સમજાવ્યો છે તેમ જ કેવળીના જ્ઞાન અને કેવળીના સુખ માટેની ધોધમાર ઉત્કૃષ્ટ ભાવના વહાવી છે. 'ક્ષાયિક જ્ઞાન જ ઉપાદેય છે, ક્ષાયોપશમિક જ્ઞાનવાળા તો કર્મભારને જ ભોગવે છે, પ્રત્યક્ષ જ્ઞાન જ એકાંતિક સુખ છે, પરોક્ષ જ્ઞાન તો અત્યંત આકુળ છે, કેવળીનું અતીન્દ્રિય સુખ તે જ સુખ છે, ઇન્દ્રિયજનિત સુખ તો દુઃખ જ છે, સિદ્ધભગવાન સ્વયમેવ જ્ઞાન, સુખ ને દેવ છે, ઘાતિકર્મરહિત ભગવાનનું સુખ સાંભળીને પણ જેમને તેની શ્રદ્ધા થતી નથી તેઓ અભવ્ય (દૂરભવ્ય) છે' એમ અનેક અનેક પ્રકારે આચાર્યભગવાને કેવળજ્ઞાન અને અતીન્દ્રિય પરિપૂર્ણ સુખ માટે પોકાર કર્યો છે. કેવળીનાં જ્ઞાન અને આનંદ માટે આચાર્યભગવાને એવી ભાવભીની ધૂન મચાવી છે કે તે વાંચીને સહેજે એમ લાગી જાય છે કે વિદેહવાસી સીમંધરભગવાન પાસેથી અને કેવળીભગવંતોનાં ટોળાં પાસેથી ભરતક્ષેત્રમાં આવીને તુરત જ કદાચ આચાર્યભગવાને આ અધિકાર રચી પોતાની હૃદયોર્મિઓ વ્યક્ત કરી હોય. આ રીતે જ્ઞાન અને સુખનું અનુપમ નિરૂપણ કરી આ અધિકારમાં આચાર્યભગવાને મુમુક્ષુઓને અતીન્દ્રિય જ્ઞાન અને સુખની રુચિ તથા શ્રદ્ધા કરાવી છે અને છેલ્લી ગાથાઓમાં મોહરાગદ્વેષને નિર્મૂળ કરવાનો જિનોક્ત યથાર્થ ઉપાય સંક્ષેપમાં દર્શાવ્યો છે.

❋

# જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રોનું અવતરણ કરવામાં આવે છે :—

સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને; ૧.
વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,
મુનિ જ્ઞાન-દ્રગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨.
તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩.
અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને; ૪.
તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,
પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫

**અન્વયાર્થ :**—આ હું સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી જે વંદિત છે અને ઘાતિકર્મમળ જેમણે ધોઈ નાખેલ છે એવા તીર્થરૂપ અને ધર્મના કર્તા શ્રી વર્ધમાનસ્વામીને પ્રણમું છું.

વળી વિશુદ્ધ સત્તાવાળા શેષ તીર્થંકરોને સર્વ સિદ્ધભગવંતો સાથે, અને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારવાળા પશ્રમણોને પ્રણમું છું.

તે તે સર્વને તથા મનુષ્યક્ષેત્રમાં વર્તતા અર્હન્તોને સાથે સાથે—સમુદાયરૂપે અને પ્રત્યેક પ્રત્યેકને—વ્યક્તિગત વંદું છું.

એ રીતે અર્હન્તોને અને સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયવર્ગને અને સર્વ સાધુઓને નમસ્કાર કરીને, તેમના વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન આશ્રમને

પામીને હું સામ્યને પ્રાપ્ત કરું છું કે જેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. ॥૧-૫॥

હવે આ જ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) વીતરાગચારિત્ર ઈષ્ટ ફળવાળું હોવાથી તેનું ઉપાદેયપણું અને સરાગચારિત્ર અનિષ્ટ ફળવાળું હોવાથી તેનું હેયપણું વિવેચે છેઃ—

સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની
પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬.

**અન્વયાર્થ** :—જીવને દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી દેવેન્દ્ર, અસુરેન્દ્ર ને નરેન્દ્રના વૈભવો સહિત નિર્વાણ પ્રાપ્ત થાય છે. (જીવને સરાગચારિત્રથી દેવેન્દ્ર વગેરેના વૈભવની અને વીતરાગચારિત્રથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.) ॥૬॥

હવે ચારિત્રનું સ્વરૂપ વ્યક્ત કરે છેઃ—

ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;
ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે. ૭.

**અન્વયાર્થ** :—ચારિત્ર ખરેખર ધર્મ છે. જે ધર્મ છે તે સામ્ય છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. સામ્ય મોહક્ષોભરહિત એવો આત્માનો પરિણામ (ભાવ) છે.॥૭॥

હવે આત્માનું ચારિત્રપણું (અર્થાત્ આત્મા જ ચારિત્ર છે એમ) નક્કી કરે છે :—

જે ભાવમાં પ્રણમે દરવ, તે કાળ તન્મય તે કહ્યું;
જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. ૮.

**અન્વયાર્થ** :—દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે કાળે તે-મય છે એમ (જિનેન્દ્રદેવે) કહ્યું છે; તેથી ધર્મપરિણત આત્મા ધર્મ જાણવો.॥૮॥

હવે જીવનું શુભપણું, અશુભપણું અને શુદ્ધપણું (અર્થાત્ જીવ જ શુભ, અશુભ અને શુદ્ધ છે એમ) નક્કી કરે છે :—

શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,
શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯.

**અન્વયાર્થ** :—જીવ, પરિણામસ્વભાવી હોવાથી, જ્યારે શુભ કે અશુભ ભાવે પરિણમે છે ત્યારે શુભ કે અશુભ (પોતે જ) થાય છે અને જ્યારે શુદ્ધ ભાવે પરિણમે છે ત્યારે શુદ્ધ થાય છે.।।૯।।

હવે પરિણામ વસ્તુનો સ્વભાવ છે એમ નક્કી કરે છે :—

પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;
ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦.

**અન્વયાર્થ** :—આ લોકમાં પરિણામ વિના પદાર્થ નથી, પદાર્થ વિના પરિણામ નથી; પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો અને (ઉત્પાદવ્યયધ્રૌવ્યમય) અસ્તિત્વથી બનેલો છે.।।૧૦।।

હવે જેમને ચારિત્રપરિણામ સાથે સંપર્ક (સંબંધ) છે એવા જે શુદ્ધ અને શુભ (બે પ્રકારના) પરિણામો તેમના ગ્રહણ તથા ત્યાગ માટે (—શુદ્ધ પરિણામને ગ્રહવા અને શુભ પરિણામને છોડવા માટે) તેમનું ફળ વિચારે છે :—

જો ધર્મપરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો
તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગસુખ શુભયુક્ત જો. ૧૧.

**અન્વયાર્થ** :—ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભ ઉપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને (બંધને) પામે છે.।।૧૧।।

હવે ચારિત્રપરિણામ સાથે સંપર્ક વિનાનો હોવાથી જે અત્યંત હેય છે એવા અશુભ પરિણામનું ફળ વિચારે છે :—

અશુભોદયે આત્મા કુનર, તિર્યંચ ને નારકપણે
નિત્યે સહસ્ર દુખે પીડિત સંસારમાં અતિ અતિ ભમે. ૧૨.

**અન્વયાર્થ** :—અશુભ ઉદયથી આત્મા કુમનુષ્ય (હલકો મનુષ્ય), તિર્યંચ અને નારક થઈને હજારો દુઃખોથી સદા પીડિત થતો (સંસારમાં) અત્યંત ભમે છે.।।૧૨।।

આ રીતે આ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) સમસ્ત શુભાશુભોપયોગવૃત્તિને (શુભ ઉપયોગરૂપ અને અશુભ ઉપયોગરૂપ પરિણતિને) અપાસ્ત કરીને (–તિરસ્કારીને) શુદ્ધોપયોગવૃત્તિને આત્મસાત્ (આત્મરૂપ, પોતારૂપ) કરતા થકા શુદ્ધોપયોગ-અધિકાર શરૂ કરે છે. તેમાં (પ્રથમ) શુદ્ધોપયોગના ફળને આત્માના પ્રોત્સાહન માટે પ્રશંસે છે :–

અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને
વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩.

**અન્વયાર્થ** :—શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું (કેવળીભગવંતોનું અને સિદ્ધભગવંતોનું) સુખ અતિશય, આત્મોત્પન્ન, વિષયાતીત (અતીન્દ્રિય), અનુપમ (ઉપમા વિનાનું), અનંત અને અવિચ્છિન્ન (અતૂટક) છે.।।૧૩।।

હવે શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ નિરૂપે છે :—

સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને
સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪.

**અન્વયાર્થ** :—જેમણે (નિજ શુદ્ધ આત્માદિ) પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યાં છે, જે સંયમ અને તપ સહિત છે, જે વીતરાગ અર્થાત્ રાગરહિત છે અને જેમને સુખ-દુઃખ સમાન છે, એવા શ્રમણને (મુનિવરને) 'શુદ્ધોપયોગી' કહેવામાં આવ્યા છે.।।૧૪।।

હવે શુદ્ધોપયોગની પ્રાપ્તિ પછી તુરત જ (અંતર પડ્યા વિના) થતી શુદ્ધ આત્મ-સ્વભાવની (કેવળજ્ઞાનની) પ્રાપ્તિને પ્રશંસે છે.

જે ઉપયોગવિશુદ્ધ તે મોહાદિઘાતિરજ થકી
સ્વયમેવ રહિત થયો થકો જ્ઞેયાન્તને પામે સહી. ૧૫.

**અન્વયાર્થ** :—જે ઉપયોગવિશુદ્ધ (અર્થાત્ શુદ્ધોપયોગી) છે, તે આત્મા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહરૂપ રજથી રહિત સ્વયમેવ થયો થકો જ્ઞેયભૂત પદાર્થોના પારને પામે છે.।।૧૫।।

હવે શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ અન્ય કારકોથી નિરપેક્ષ (–સ્વતંત્ર) હોવાથી અત્યંત આત્માધીન છે (–લેશમાત્ર પરાધીન નથી) એમ પ્રકાશે છે :—

સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેન્દ્રપૂજિત એ રીતે
સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે. ૧૬.

**અન્વયાર્થ** :—એ રીતે તે આત્મા સ્વભાવને પામેલો, સર્વજ્ઞ અને સર્વ (ત્રણે) લોકના અધિપતિઓથી પૂજિત સ્વયમેવ થયો હોવાથી ‘સ્વયંભૂ’ છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.।।૧૬।।

હવે આ સ્વયંભૂને શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિનું અત્યંત અવિનાશીપણું અને કથંચિત્ (કોઈ પ્રકારે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તપણું વિચારે છે :—

વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,
તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.

**અન્વયાર્થ** :—તેને (–શુદ્ધાત્મસ્વભાવને પામેલા આત્માને) વિનાશ રહિત ઉત્પાદ છે અને ઉત્પાદ રહિત વિનાશ છે. તેને જ વળી સ્થિતિ, ઉત્પાદ અને વિનાશનો સમવાય (–મેળાપ, એકઠાપણું) છે.।।૧૭।।

હવે ઉત્પાદ આદિ ત્રય (ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય) સર્વ દ્રવ્યોને સાધારણ હોવાથી શુદ્ધ આત્માને (કેવળીભગવાનને અને સિદ્ધભગવાનને) પણ અવશ્યંભાવી છે એમ વ્યક્ત કરે છે :—

ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,
વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્ભૂત ખરે. ૧૮.

**અન્વયાર્થ** :—કોઈ પર્યાયથી ઉત્પાદ અને કોઈ પર્યાયથી વિનાશ સર્વ પદાર્થમાત્રને હોય છે; વળી કોઈ પર્યાયથી પદાર્થ ખરેખર ધ્રુવ છે.।।૧૮।।

હવે શુદ્ધોપયોગના પ્રભાવથી સ્વયંભૂ થયેલા આ (પૂર્વોક્ત) આત્માને ઇન્દ્રિયો વિના કઈ રીતે જ્ઞાન અને આનંદ હોય એવા સંદેહનું નિરાકરણ કરે છે :—

પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને
ઇન્દ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.

**અન્વયાર્થ** :—જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે, જે અતીન્દ્રિય થયો છે, અનંત જેનું ઉત્તમ વીર્ય છે અને ૧અધિક જેનું (કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ) તેજ છે એવો તે (સ્વયંભૂ આત્મા) જ્ઞાન અને સુખરૂપે પરિણમે છે.।।૧૯।।

હવે અતીન્દ્રિયપણાને લીધે જ શુદ્ધ આત્માને (કેવળીભગવાનને) શારીરિક સુખદુઃખ નથી એમ વ્યક્ત કરે છે :—

કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,
જેથી અતીન્દ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.

**અન્વયાર્થ** :—કેવળજ્ઞાનીને શરીર સંબંધી સુખ કે દુઃખ નથી. કારણ કે અતીન્દ્રિયપણું થયું છે તેથી એમ જાણવું.।।૨૦।।

હવે, જ્ઞાનના સ્વરૂપનો વિસ્તાર અને સુખના સ્વરૂપનો વિસ્તાર ક્રમે પ્રવર્તતા બે અધિકારો દ્વારા કહે છે. તેમાં (પ્રથમ), અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી કેવળી-ભગવાનને બધું પ્રત્યક્ષ છે એમ પ્રગટ કરે છે :—

પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;
જાણે નહીં તે તેમને અવગ્રહ-ઈહાદિ ક્રિયા વડે. ૨૧.

**અન્વયાર્થ** :—ખરેખર જ્ઞાનરૂપે (કેવળજ્ઞાનરૂપે) પરિણમતા

કેવળીભગવાનને સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે; તે તેમને અવગ્રહ આદિ ક્રિયાઓથી નથી જાણતા.॥૨૧॥

હવે, અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી જ, આ ભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી એવો અભિપ્રાય કહે છે :—

ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,
ઈન્દ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.

**અન્વયાર્થ** :—જે સદા ઈન્દ્રિયાતીત છે, જે સર્વ તરફથી (-સર્વ આત્મપ્રદેશે) સર્વ ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ છે અને જે સ્વયમેવ જ્ઞાનરૂપ થયેલા છે, તે કેવળીભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી.॥૨૨॥

સહજ ચિદાનંદ.

હવે આત્માનું જ્ઞાનપ્રમાણપણું અને જ્ઞાનનું સર્વગતપણું પ્રકાશે છે :—

જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ ભાખ્યું, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે;
ને જ્ઞેય લોકાલોક તેથી સર્વગત એ જ્ઞાન છે. ૨૩.

**અન્વયાર્થ** :—આત્મા જ્ઞાનપ્રમાણ છે; જ્ઞાન જ્ઞેયપ્રમાણ કહ્યું છે. જ્ઞેય લોકાલોક છે, તેથી જ્ઞાન સર્વગત (અર્થાત્ સર્વવ્યાપક) છે.।।૨૩।।

હવે આત્માને જ્ઞાનપ્રમાણ નહિ માનવામાં બે પક્ષ રજૂ કરીને દોષ બતાવે છે :—

જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ નહિ—એ માન્યતા છે જેહને,
તેના મતે જીવ જ્ઞાનથી હીન કે અધિક અવશ્ય છે. ૨૪.

જો હીન આત્મા હોય, નવ જાણે અચેતન જ્ઞાન એ,
ને અધિક જ્ઞાનથી હોય તો વણ જ્ઞાન ક્યમ જાણે અરે? ૨૫.

**અન્વયાર્થ** :—આ જગતમાં જેના મતમાં આત્મા જ્ઞાનપ્રમાણ નથી, તેના મતમાં તે આત્મા અવશ્ય જ્ઞાનથી હીન અથવા અધિક હોવો જોઈએ.

જો તે આત્મા જ્ઞાનથી હીન હોય તો જ્ઞાન અચેતન થવાથી જાણે નહિ, અને જો (આત્મા) જ્ઞાનથી અધિક હોય તો (તે આત્મા) જ્ઞાન વિના કેમ જાણે?।।૨૪-૨૫।।

હવે જ્ઞાનની જેમ આત્માનું પણ સર્વગતપણું ન્યાયસિદ્ધ છે એમ કહે છે :—

છે સર્વગત જિનવર અને સૌ અર્થ જિનવરપ્રાપ્ત છે,
જિન જ્ઞાનમય ને સર્વ અર્થો વિષય જિનના હોઈને. ૨૬.

**અન્વયાર્થ** :—જિનવર સર્વગત છે અને જગતના સર્વ પદાર્થો જિનવરગત (જિનવરમાં પ્રાપ્ત) છે; કારણ કે જિન જ્ઞાનમય છે અને સર્વ

પદાર્થો જ્ઞાનના વિષય હોવાથી જિનના વિષય કહેવામાં આવ્યા છે.૨૬.

હવે આત્મા અને જ્ઞાનનું એકત્વ-અન્યત્વ વિચારે છે :—

છે જ્ઞાન આત્મા જિનમતે; આત્મા વિના નહિ જ્ઞાન છે,
તે કારણે છે જ્ઞાન જીવ, જીવ જ્ઞાન છે વા અન્ય છે. ૨૭.

**અન્વયાર્થ** :—જ્ઞાન આત્મા છે એમ જિનદેવનો મત છે. આત્મા વિના (બીજા કોઈ દ્રવ્યમાં) જ્ઞાન હોતું નથી તેથી જ્ઞાન આત્મા છે; અને આત્મા તો (જ્ઞાનગુણ દ્વારા) જ્ઞાન છે અથવા (સુખાદિ અન્ય ગુણ દ્વારા) અન્ય છે.૨૭.

હવે જ્ઞાન અને જ્ઞેયના પરસ્પર ગમનને રદ કરે છે (અર્થાત્ જ્ઞાન અને જ્ઞેયો એકબીજામાં પ્રવેશતાં નથી એમ કહે છે) :—

છે 'જ્ઞાની' જ્ઞાનસ્વભાવ, અર્થો જ્ઞેયરૂપ છે 'જ્ઞાની'ના,
જ્યમ રૂપ છે નેત્રો તણાં, નહિ વર્તતા અન્યોન્યમાં. ૨૮.

**અન્વયાર્થ** :—આત્મા જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થો આત્માના જ્ઞેયસ્વરૂપ છે, જેમ રૂપ (–રૂપી પદાર્થો) નેત્રોનાં જ્ઞેય છે તેમ. તેઓ એકબીજામાં વર્તતા નથી.૨૮.

હવે આત્મા પદાર્થોમાં નહિ વર્તતો હોવા છતાં જેનાથી (જે શક્તિવૈચિત્ર્યથી) તેને પદાર્થોમાં વર્તવું સિદ્ધ થાય છે તે શક્તિવૈચિત્ર્યને પ્રકાશે (-દર્શાવે) છે :—

જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને
નિત્યે અતીન્દ્રિય આતમા, જ્યમ નેત્ર જાણે રૂપને. ૨૯.

**અન્વયાર્થ** :—જેવી રીતે ચક્ષુ રૂપને (જ્ઞેયોમાં અપ્રવેશેલું રહીને તેમ જ અપ્રવેશેલું નહિ રહીને જાણે–દેખે છે) તેવી રીતે આત્મા ઇન્દ્રિયાતીત થયો થકો અશેષ જગતને (–સમસ્ત લોકાલોકને) જ્ઞેયોમાં અપ્રવિષ્ટ રહીને તેમ જ અપ્રવિષ્ટ નહિ રહીને નિરંતર જાણે-દેખે છે.૨૯.

હવે, આ રીતે (નીચે પ્રમાણે) જ્ઞાન પદાર્થોમાં વર્તે છે એમ (દૃષ્ટાંત દ્વારા) સ્પષ્ટ કરે છે :—

જ્યમ દૂધમાં સ્થિત ઈન્દ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે
દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦.

**અન્વયાર્થ** :—જેમ આ જગતને વિષે દૂધમાં રહેલું ઈન્દ્રનીલ રત્ન પોતાની પ્રભા વડે તે દૂધમાં વ્યાપીને વર્તે છે, તેમ જ્ઞાન (અર્થાત્ જ્ઞાતૃદ્રવ્ય) પદાર્થોમાં વ્યાપીને વર્તે છે.॥૩૦॥

હવે, આ રીતે પદાર્થો જ્ઞાનમાં વર્તે છે એમ વ્યક્ત કરે છે :—

નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,
ને સર્વગત છે જ્ઞાન તો ક્યમ જ્ઞાનસ્થિત અર્થો નહીં? ૩૧.

**અન્વયાર્થ** :—જો તે પદાર્થો જ્ઞાનમાં ન હોય તો જ્ઞાન સર્વગત ન હોઈ શકે. અને જો જ્ઞાન સર્વગત છે તો પદાર્થો જ્ઞાનસ્થિત કઈ રીતે નથી? (અર્થાત્ છે જ.)॥૩૧॥

હવે, એ રીતે (વ્યવહારે) આત્માને પદાર્થો સાથે એકબીજામાં વર્તાવાપણું હોવા છતાં, (નિશ્ચયથી) તે પરને ગ્રહ્યા-મૂક્યા વિના તથા પરરૂપે પરિણમ્યા વિના સર્વને દેખતો-જાણતો હોવાથી તેને (પદાર્થો સાથે) અત્યંત ભિન્નપણું છે એમ દર્શાવે છે :—

પ્રભુકેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે;
દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.

**અન્વયાર્થ** :—કેવળીભગવાન પરને ગ્રહતા નથી, છોડતા નથી, પરરૂપે પરિણમતા નથી; તેઓ નિરવશેષપણે સર્વને (આખા આત્માને, સર્વ જ્ઞેયોને) સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) દેખે-જાણે છે.॥૩૨॥

હવે કેવળજ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીને અવિશેષપણે દર્શાવીને વિશેષ આકાંક્ષાના ક્ષોભને ક્ષય કરે છે (અર્થાત્ કેવળજ્ઞાનીમાં અને શ્રુતજ્ઞાનીમાં તફાવત નથી એમ દર્શાવીને વધારે જાણવાની ઈચ્છાના ક્ષોભને નષ્ટ કરે છે) :—

શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,
ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩.

**અન્વયાર્થ** :—જે ખરેખર શ્રુતજ્ઞાન વડે સ્વભાવથી જ્ઞાયક (અર્થાત્ જ્ઞાયકસ્વભાવ) આત્માને જાણે છે, તેને લોકના પ્રકાશક ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે.॥૩૩॥

હવે, જ્ઞાનના શ્રુત-ઉપાધિકૃત ભેદને દૂર કરે છે (અર્થાત્ શ્રુતજ્ઞાન પણ જ્ઞાન જ છે, શ્રુતરૂપ ઉપાધિને કારણે જ્ઞાનમાં કાંઈ ભેદ પડતો નથી એમ દર્શાવે છે) :—

પુદ્ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે,
છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.

**અન્વયાર્થ** :—સૂત્ર એટલે પુદ્ગલદ્રવ્યાત્મક વચનો વડે જિનભગવંતે ઉપદેશેલું તે. તેની જ્ઞપ્તિ તે જ્ઞાન છે અને તેને સૂત્રની જ્ઞપ્તિ (શ્રુતજ્ઞાન) કહી છે.॥૩૪॥

હવે આત્મા અને જ્ઞાનનો કર્તૃત્વ-કરણત્વકૃત ભેદ દૂર કરે છે (અર્થાત્ પરમાર્થે અભેદ આત્મામાં, 'આત્મા જાણનક્રિયાનો કર્તા છે અને જ્ઞાન કરણ છે' એમ વ્યવહારે ભેદ પાડવામાં આવે છે, તોપણ આત્મા ને જ્ઞાન જુદાં નહિ હોવાથી અભેદનયથી 'આત્મા જ જ્ઞાન છે' એમ સમજાવે છે) :—

જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;
પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫.

**અન્વયાર્થ** :—જે જાણે છે તે જ્ઞાન છે (અર્થાત્ જે જ્ઞાયક છે તે જ જ્ઞાન છે), જ્ઞાન વડે આત્મા જ્ઞાયક છે એમ નથી. પોતે જ જ્ઞાનરૂપે પરિણમે છે અને સર્વ પદાર્થો જ્ઞાનસ્થિત છે.॥૩૫॥

હવે શું જ્ઞાન છે અને શું જ્ઞેય છે તે વ્યક્ત કરે છે :—

છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;
એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬.

**અન્વયાર્થ** :—તેથી જીવ જ્ઞાન છે અને જ્ઞેય ત્રિધા વર્ણવવામાં આવેલું (ત્રિકાળસ્પર્શી) દ્રવ્ય છે. (એ જ્ઞેયભૂત) દ્રવ્ય એટલે આત્મા (સ્વાત્મા) અને પર કે જેઓ પરિણામવાળાં છે.।।૩૬।।

હવે દ્રવ્યોના અતીત અને અનાગત પર્યાયો પણ, તાત્કાળિક પર્યાયોની માફક, પૃથક્પણે જ્ઞાનમાં વર્તે છે એમ સમજાવે છે :—

તે દ્રવ્યના સદ્ભૂત-અસદ્ભૂત પર્યયો સૌ વર્તતા,<br>
તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭.

**અન્વયાર્થ** :—તે (જીવાદિ) દ્રવ્યજાતિઓના સમસ્ત વિદ્યમાન અને અવિદ્યમાન પર્યાયો, તાત્કાળિક (વર્તમાન) પર્યાયોની માફક, વિશિષ્ટતાપૂર્વક (પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે) જ્ઞાનમાં વર્તે છે.।।૩૭।।

હવે અવિદ્યમાન પર્યાયોનું (પણ) કથંચિત્ (–કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ) વિદ્યમાનપણું કહે છે :—

જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,<br>
તે સૌ અસદ્ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮.

**અન્વયાર્થ** :—જે પર્યાયો ખરેખર ઉત્પન્ન થયા નથી, તથા જે પર્યાયો ખરેખર ઉત્પન્ન થઈને નાશ પામી ગયા છે, તે અવિદ્યમાન પર્યાયો જ્ઞાનપ્રત્યક્ષ છે.।।૩૮।।

હવે આ જ અવિદ્યમાન પર્યાયોનું જ્ઞાનપ્રત્યક્ષપણું દ્રઢ કરે છે :—

જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા<br>
નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા? ૩૯

**અન્વયાર્થ** :—જો અનુત્પન્ન પર્યાય તથા નષ્ટ પર્યાય જ્ઞાનને (કેવળજ્ઞાનને) પ્રત્યક્ષ ન હોય, તો તે જ્ઞાનને 'દિવ્ય' કોણ પ્રરૂપે?।।૩૯।।

હવે ઈન્દ્રિયજ્ઞાનને માટે જ નષ્ટ અને અનુત્પન્ન જાણવાનું અશક્ય છે (અર્થાત્ ઈન્દ્રિયજ્ઞાન જ નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોને–પર્યાયોને જાણી શકતું નથી) એમ ન્યાયથી નક્કી કરે છે :—

ઈહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,
તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના—જિનજી કહે. ૪૦.

**અન્વયાર્થ** :—જેઓ અક્ષપતિત અર્થાત્ ઈન્દ્રિયગોચર પદાર્થને ઈહાદિક વડે જાણે છે, તેમને માટે પરોક્ષભૂત પદાર્થને જાણવાનું અશક્ય છે એમ સર્વજ્ઞદેવે કહ્યું છે.।।૪૦।।

હવે, અતીન્દ્રિય જ્ઞાન માટે જે જે કહેવામાં આવે તે તે (બધું) સંભવે છે એમ સ્પષ્ટ કરે છે :—

જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,
પર્યાય નષ્ટ-અજાતને, ભાખ્યું અતીન્દ્રિય જ્ઞાન તે. ૪૧.

**અન્વયાર્થ** :—જે જ્ઞાન અપ્રદેશને, સપ્રદેશને, મૂર્તને, અને અમૂર્તને, તથા અનુત્પન્ન તેમ જ નષ્ટ પર્યાયને જાણે છે, તે જ્ઞાન અતીન્દ્રિય કહેવામાં આવ્યું છે.।।૪૧।।

હવે જ્ઞેય પદાર્થરૂપે પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા જ્ઞાનમાંથી ઉદ્ભવતી નથી એમ શ્રદ્ધે છે (અર્થાત્ એવી શ્રદ્ધા વ્યક્ત કરે છે) :—

જો જ્ઞેય અર્થે પરિણમે જ્ઞાતા, ન ક્ષાયિક જ્ઞાન છે;
તે કર્મને જ અનુભવે છે એમ જિનદેવો કહે. ૪૨.

**અન્વયાર્થ** :—જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય તો તેને ક્ષાયિક જ્ઞાન નથી જ. જિનેન્દ્રોએ તેને કર્મને જ અનુભવનાર કહ્યો છે.।।૪૨।।

(જો એમ છે) તો પછી જ્ઞેય પદાર્થરૂપ પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થ-પરિણમનસ્વરૂપ) ક્રિયા અને તેનું ફળ શામાંથી ઉત્પન્ન થાય છે (અર્થાત્ કયા કારણથી થાય છે) એમ હવે વિવેચે છે :—

ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,
તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે. ૪૩.

**અન્વયાર્થ** :—(સંસારી જીવને) ઉદયપ્રાપ્ત કર્માંશો (જ્ઞાનાવરણીયાદિ પુદ્‌ગલકર્મના ભેદો) નિયમથી જિનવર-વૃષભોએ કહ્યા છે. જીવ તે કર્માંશો હોતાં, મોહી, રાગી અથવા દ્વેષી થયો થકો બંધને અનુભવે છે.।।૪૩।।

હવે કેવળીભગવંતોને ક્રિયા પણ ક્રિયાફળ (–બંધ) ઉત્પન્ન કરતી નથી એમ ઉપદેશે છે :—

ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને<br>વર્તે સહજ તે કાળમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪.

**અન્વયાર્થ** :—તે અર્હંતભગવંતોને તે કાળે ઊભા રહેવું, બેસવું, વિહાર અને ધર્મોપદેશ, સ્ત્રીઓને માયાચારની માફક, સ્વાભાવિક જ—પ્રયત્ન વિના જ—હોય છે.।।૪૪।।

એ પ્રમાણે હોવાથી તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે (–કાંઈ કરતો નથી, સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી) એમ હવે નક્કી કરે છે :—

છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયિકી;<br>મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫.

**અન્વયાર્થ** :—અર્હંતભગવંતો પુણ્યના ફળવાળા છે અને તેમની ક્રિયા ઔદયિકી છે; મોહાદિકથી રહિત છે તેથી તે ક્ષાયિકી માનવામાં આવી છે.।।૪૫।।

હવે કેવળીભગવંતોની માફક બધાય જીવોને સ્વભાવવિઘાતનો અભાવ હોવાનું નિષેધે છે :—

આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ-અશુભ બને નહીં,<br>તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહીં! ૪૬.

**અન્વયાર્થ** :—જો એમ માનવામાં આવે કે આત્મા સ્વયં સ્વભાવથી (-પોતાના ભાવથી) શુભ કે અશુભ થતો નથી (અર્થાત્

શુભાશુભ ભાવે પરિણમતો જ નથી) તો સર્વ જીવનિકાયોને સંસાર પણ વિદ્યમાન નથી એમ ઠરે!।।૪૬।।

હવે ફરીને પાછા પ્રકૃતને (–ચાલુ વિષયને) અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે અભિનંદે છે (અર્થાત્ અતીન્દ્રિય જ્ઞાન સર્વનું જાણનાર છે એમ તેની પ્રશંસા કરે છે) :—

સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને
યુગપદ્ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.

**અન્વયાર્થ** :—જે જ્ઞાન યુગપદ્ સર્વતઃ (સર્વ આત્મ- પ્રદેશેથી) તાત્કાલિક કે અતાત્કાલિક, વિચિત્ર (–અનેક પ્રકારના) અને વિષમ (મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના) સર્વ પદાર્થોને જાણે છે, તે જ્ઞાનને ક્ષાયિક કહ્યું છે.।।૪૭।।

હવે સર્વને નહિ જાણનાર એકને પણ જાણતો નથી એમ નક્કી કરે છે :—

જાણે નહીં યુગપદ્ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,
તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.

**અન્વયાર્થ** :—જે એકીસાથે ત્રૈકાલિક ત્રિભુવનસ્થ (–ત્રણે કાળના અને ત્રણે લોકના) પદાર્થોને જાણતો નથી, તેને પર્યાય સહિત એક દ્રવ્ય પણ જાણવું શક્ય નથી.।।૪૮।।

હવે એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી એમ નક્કી કરે છે :—

જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને
યુગપદ્ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને? ૪૯.

**અન્વયાર્થ** :—જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (-આત્મદ્રવ્યને) તથા અનંત દ્રવ્યસમૂહને યુગપદ્ જાણતો નથી તો તે (પુરુષ) સર્વને (–અનંત દ્રવ્યસમૂહને) કઈ રીતે જાણી શકે? (અર્થાત્ જે આત્મદ્રવ્યને ન જાણતો હોય તે સમસ્ત દ્રવ્યસમૂહને ન જાણી શકે.)।।૪૯।।

હવે ક્રમે પ્રવર્તતા જ્ઞાનનું સર્વગતપણું સિદ્ધ થતું નથી એમ નક્કી કરે છે:—

જો જ્ઞાન ‘જ્ઞાની’નું ઊપજે ક્રમશઃ અરથ અવલંબીને,
તો નિત્ય નહિ, ક્ષાયિક નહીં ને સર્વગત નહિ જ્ઞાન એ. ૫૦.

**અન્વયાર્થ** :—જો આત્માનું જ્ઞાન ક્રમશઃ પદાર્થોને અવલંબીને ઉત્પન્ન થતું હોય તો તે (જ્ઞાન) નિત્ય નથી, ક્ષાયિક નથી, સર્વગત નથી.॥૫૦॥

હવે યુગપદ્ પ્રવૃત્તિ વડે જ જ્ઞાનનું સર્વગતત્વ સિદ્ધ થાય છે (અર્થાત્ અક્રમે પ્રવર્તતું જ્ઞાન જ સર્વગત હોઈ શકે) એમ નક્કી થાય છે :—

નિત્યે વિષમ, વિધવિધ, સકળ પદાર્થગણ સર્વત્રનો
જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો! ૫૧.

**અન્વયાર્થ** :—ત્રણે કાળે સદાય વિષમ (અસમાન જાતિના), સર્વ ક્ષેત્રના અને અનેક પ્રકારના સમસ્ત પદાર્થોને જિનદેવનું જ્ઞાન યુગપદ્ જાણે છે. અહો! જ્ઞાનનું માહાત્મ્ય!॥૫૧॥

હવે જ્ઞાનીને (–કેવળજ્ઞાની આત્માને) જ્ઞપ્તિક્રિયાનો સદ્‌ભાવ હોવા છતાં પણ તેને ક્રિયાના ફળરૂપ બંધનો નિષેધ કરતાં ઉપસંહાર કરે છે (અર્થાત્ કેવળજ્ઞાની આત્માને જાણનક્રિયા હોવા છતાં બંધ થતો નથી એમ કહી જ્ઞાન-અધિકાર પૂર્ણ કરે છે) :—

તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,
સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.

**અન્વયાર્થ** :—(કેવળજ્ઞાની) આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે-રૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી તેથી તેને અબંધક કહ્યો છે.॥૫૨॥

આ રીતે જ્ઞાન-અધિકાર પૂર્ણ થયો.

હવે જ્ઞાનથી અભિન્ન એવા સુખનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવતાં જ્ઞાન અને સુખનું હેય-ઉપાદેયપણું (અર્થાત્ કયું જ્ઞાન તેમ જ સુખ હેય છે અને કયું ઉપાદેય છે તે) વિચારે છે :—

અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીન્દ્રિ ને ઐન્દ્રિય છે,
છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩

**અન્વયાર્થ** :—પદાર્થો સંબંધી જ્ઞાન અમૂર્ત કે મૂર્ત, અતીંદ્રિય કે ઐંદ્રિય હોય છે; અને એ જ પ્રમાણે (અમૂર્ત કે મૂર્ત, અતીંદ્રિય કે ઐંદ્રિય) સુખ હોય છે. તેમાં જે પ્રધાન–ઉત્કૃષ્ટ છે તે ઉપાદેયપણે જાણવું.।।૫૩।।

હવે અતીંદ્રિય સુખના સાધનભૂત (–કારણરૂપ) અતીંદ્રિય જ્ઞાન ઉપાદેય છે—એમ તેને પ્રશંસે છે :—

દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીન્દ્રિને, પ્રચ્છન્નને,
તે સર્વને—પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪.

**અન્વયાર્થ** :—દેખનારનું જે જ્ઞાન અમૂર્તને, મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિયને, અને પ્રચ્છન્નને એ બધાંયને—સ્વ તેમ જ પરને—દેખે છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે.।।૫૪।।

હવે ઇન્દ્રિયસુખના સાધનભૂત (–કારણરૂપ) ઇન્દ્રિયજ્ઞાન હેય છે—એમ તેને નિંદે છે :—

પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી
કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫

**અન્વયાર્થ** :—સ્વયં અમૂર્ત એવો જીવ મૂર્ત શરીરને પ્રાપ્ત થયો થકો તે મૂર્ત શરીર વડે યોગ્ય મૂર્ત પદાર્થને અવગ્રહીને (—ઇન્દ્રિયગ્રહણયોગ્ય મૂર્ત પદાર્થનો ૨અવગ્રહ કરીને) તેને જાણે છે અથવા નથી જાણતો (—કોઈ વાર જાણે છે અને કોઈ વાર નથી જાણતો).।।૫૫।।

હવે, ઈન્દ્રિયો માત્ર પોતાના વિષયોમાં પણ યુગપદ્ નહિ પ્રવર્તતી હોવાથી ઈન્દ્રિયજ્ઞાન હેય જ છે એમ નક્કી કરે છે :—

રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્ગલિક તે
છે ઈન્દ્રિવિષયો, તેમનેય ન ઈન્દ્રિયો યુગપદ ગ્રહે. ૫૬.

**અન્વયાર્થ** :—સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ—કે જેઓ પુદ્ગલ છે તેઓ—ઈન્દ્રિયોના વિષયો છે. (પરંતુ) તે ઈન્દ્રિયો તેમને (પણ) યુગપદ્ ગ્રહતી (–જાણતી) નથી.।।૫૬।।

હવે ઈંદ્રિયજ્ઞાન પ્રત્યક્ષ નથી એમ નક્કી કરે છે :—

તે ઈન્દ્રિયો પરદ્રવ્ય, જીવસ્વભાવ ભાખી ન તેમને;
તેનાથી જે ઉપલબ્ધ તે પ્રત્યક્ષ કઈ રીત જીવને ? ૫૭.

**અન્વયાર્થ** :—તે ઈન્દ્રિયો પરદ્રવ્ય છે, તેમને આત્માના સ્વભાવરૂપ કહી નથી; તેમના વડે જણાયેલું આત્માને પ્રત્યક્ષ કઈ રીતે હોય?।।૫૭।।

હવે પરોક્ષ અને પ્રત્યક્ષનાં લક્ષણ દર્શાવે છે :—

અર્થો તણું જે જ્ઞાન પરતઃ થાય તેહ પરોક્ષ છે;
જીવમાત્રથી જ જણાય જો, તો જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૮.

**અન્વયાર્થ** :—પર દ્વારા થતું જે પદાર્થો સંબંધી વિજ્ઞાન તે તો પરોક્ષ કહેવામાં આવ્યું છે; જો કેવળ જીવ વડે જ જાણવામાં આવે તો તે જ્ઞાન પ્રત્યક્ષ છે.।।૫૮।।

હવે આ જ પ્રત્યક્ષ જ્ઞાનને પારમાર્થિક સુખપણે દર્શાવે છે :—

સ્વયમેવ જાત, સમંત, અર્થ અનંતમાં વિસ્તૃત ને
અવગ્રહ-ઈહાદિ રહિત, નિર્મળ જ્ઞાન સુખ એકાંત છે. ૫૯.

**અન્વયાર્થ** :—સ્વયં (–પોતાથી જ) ઊપજતું, સમંત (અર્થાત્ સર્વ પ્રદેશેથી જાણતું), અનંત પદાર્થોમાં વિસ્તૃત, વિમળ અને

અવગ્રહાદિથી રહિત—એવું જ્ઞાન એકાંતિક સુખ છે એમ (સર્વજ્ઞદેવે) કહ્યું છે.।।૫૯।।

હવે 'કેવળજ્ઞાનને પણ પરિણામ દ્વારા ખેદનો સંભવ હોવાથી કેવળજ્ઞાન એકાંતિક સુખ નથી' એવા અભિપ્રાયનું ખંડન કરે છે :—

જે જ્ઞાન 'કેવળ' તે જ સુખ, પરિણામ પણ વળી તે જ છે;
ભાખ્યો ન તેમાં ખેદ જેથી ઘાતિકર્મ વિનષ્ટ છે. ૬૦.

**અન્વયાર્થ** :—જે 'કેવળ' નામનું જ્ઞાન છે તે સુખ છે. પરિણામ પણ તે જ છે. તેને ખેદ કહ્યો નથી (અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વજ્ઞદેવે ખેદ કહ્યો નથી) કારણ કે ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે.।।૬૦।।

હવે ફરીને પણ 'કેવળ (અર્થાત્ કેવળજ્ઞાન) સુખસ્વરૂપ છે' એમ નિરૂપણ કરતાં ઉપસંહાર કરે છે :—

અર્થાન્તગત છે જ્ઞાન, લોકાલોકવિસ્તૃત દૃષ્ટિ છે;
છે નષ્ટ સર્વ અનિષ્ટ ને જે ઈષ્ટ તે સૌ પ્રાપ્ત છે. ૬૧.

**અન્વયાર્થ** :—જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે; સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે અને જે ઈષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે. (તેથી કેવળ અર્થાત્ કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે.)।।૬૧।।

હવે, કેવળીઓને જ પારમાર્થિક સુખ હોય છે એમ શ્રદ્ધા કરાવે છે :—

સુણી 'ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે',
શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે. ૬૨.

**અન્વયાર્થ** :—' જેમનાં ઘાતિકર્મો નાશ પામ્યાં છે તેમનું સુખ (સર્વ) સુખોમાં પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ છે' એવું વચન સાંભળીને જેઓ તેને શ્રદ્ધતા નથી તેઓ અભવ્ય છે; અને ભવ્યો તેનો સ્વીકાર (—આદર, શ્રદ્ધા) કરે છે.।।૬૨।।

હવે પરોક્ષજ્ઞાનવાળાઓના અપારમાર્થિક ઈન્દ્રિયસુખનો વિચાર કરે છે :—

સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઈન્દ્રિયો વડે,
નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે. ૬૩.

**અન્વયાર્થ** :—મનુષ્યેંદ્રો, અસુરેંદ્રો અને સુરેંદ્રો સ્વાભાવિક (અર્થાત્ પરોક્ષજ્ઞાનવાળાઓને જે સ્વાભાવિક છે એવી) ઈંદ્રિયો વડે પીડિત વર્તતા થકા તે દુઃખ નહિ સહી શકવાથી રમ્ય વિષયોમાં રમે છે.।।૬૩।।

હવે જ્યાં સુધી ઈન્દ્રિયો છે ત્યાં સુધી સ્વભાવથી જ દુઃખ છે એમ ન્યાયથી નક્કી કરે છે :—

વિષયો વિષે રતિ જેમને, દુખ છે સ્વભાવિક તેમને;
જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે. ૬૪.

**અન્વયાર્થ** :—જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણ કે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય.।।૬૪।।

હવે, મુક્ત આત્માના સુખની પ્રસિદ્ધિ માટે, શરીર સુખનું સાધન હોવાની વાતનું ખંડન કરે છે (અર્થાત્ સિદ્ધભગવાનને શરીર વિના પણ સુખ હોય છે એ વાત સ્પષ્ટ સમજાવવા માટે, સંસારાવસ્થામાં પણ શરીર સુખનું—ઈન્દ્રિયસુખનું—સાધન નથી એમ નક્કી કરે છે) :—

ઈન્દ્રિયસમાશ્રિત ઈષ્ટ વિષયો પામીને, નિજ ભાવથી
જીવ પ્રણમતો સ્વયમેવ સુખરૂપ થાય, દેહ થતો નથી. ૬૫

**અન્વયાર્થ** :—સ્પર્શનાદિક ઈન્દ્રિયો જેમનો આશ્રય કરે છે એવા ઈષ્ટ વિષયોને પામીને (પોતાના અશુદ્ધ) સ્વભાવે પરિણમતો થકો આત્મા સ્વયમેવ સુખરૂપ (—ઈન્દ્રિયસુખરૂપ) થાય છે, દેહ સુખરૂપ થતો નથી.।।૬૫।।

હવે આ જ વાતને દ્રઢ કરે છે :—

એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહિ સુખ દેહીને,
પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુખ થાય છે. ૬૬.

**અન્વયાર્થ** :—એકાંતે અર્થાત્ નિયમથી સ્વર્ગમાં પણ દેહ દેહીને (—આત્માને) સુખ કરતો નથી; પરંતુ વિષયોના વશે સુખ અથવા દુઃખરૂપ સ્વયં આત્મા થાય છે.॥૬૬॥

હવે, આત્મા સ્વયમેવ સુખપરિણામની શક્તિવાળો હોવાથી વિષયોનું અકિંચિત્કરપણું પ્રકાશે છે :—

જો દ્રષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;
જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં? ૬૭.

**અન્વયાર્થ** :—જો પ્રાણીની દ્રષ્ટિ તિમિરનાશક હોય તો દીવાથી કાંઈ પ્રયોજન નથી અર્થાત્ દીવો કાંઈ કરતો નથી, તેમ જ્યાં આત્મા સ્વયં સુખરૂપ પરિણમે છે ત્યાં વિષયો શું કરે છે?॥૬૭॥

હવે આત્માનું સુખસ્વભાવપણું દ્રષ્ટાંત વડે દ્રઢ કરે છે :—

જ્યમ આભમાં સ્વયમેવ ભાસ્કર ઉષ્ણ, દેવ, પ્રકાશ છે,
સ્વયમેવ લોકે સિદ્ધ પણ ત્યમ જ્ઞાન, સુખ ને દેવ છે. ૬૮.

**અન્વયાર્થ** :—જેમ આકાશમાં સૂર્ય સ્વયમેવ તેજ, ઉષ્ણ અને દેવ છે, તેમ લોકમાં સિદ્ધભગવાન પણ (સ્વયમેવ) જ્ઞાન, સુખ અને દેવ છે.॥૬૮॥

આ રીતે આનંદ-અધિકાર પૂર્ણ થયો.

અહીં શુભ પરિણામનો અધિકાર શરૂ થાય છે.

હવે ઇન્દ્રિયસુખના સ્વરૂપ સંબંધી વિચાર ઉપાડતાં–આરંભતાં, તેના (ઇન્દ્રિયસુખના) સાધનનું (–શુભોપયોગનું) સ્વરૂપ કહે છે :—

ગુરુ-દેવ-યતિપૂજા વિષે, વળી દાન ને સુશીલો વિષે,
જીવ રક્ત ઉપવાસાદિકે, શુભ-ઉપયોગસ્વરૂપ છે. ૬૯.

**અન્વયાર્થ** :—દેવ, ગુરુ ને યતિની પૂજામાં, દાનમાં, સુશીલોમાં તથા ઉપવાસાદિકમાં રક્ત આત્મા શુભોપયોગાત્મક છે.॥૬૯॥

હવે ઇન્દ્રિયસુખને શુભોપયોગના સાધ્ય તરીકે (અર્થાત્ શુભોપયોગ સાધન છે અને તેનું સાધ્ય ઇન્દ્રિયસુખ છે એમ) કહે છે :—

શુભયુક્ત આત્મા દેવ વા તિર્યંચ વા માનવ બને;
તે પર્યયે તાવત્સમય ઇન્દ્રિયસુખ વિધવિધ લહે. ૭૦.

**અન્વયાર્થ** :—શુભોપયોગયુક્ત આત્મા તિર્યંચ, મનુષ્ય અથવા દેવ થઈને, તેટલો કાળ વિવિધ ઇન્દ્રિયસુખ પામે છે.॥૭૦॥

એ રીતે ઇન્દ્રિયસુખની વાત ઉપાડીને હવે ઇન્દ્રિયસુખને દુઃખપણામાં નાખે છે :—

સુરનેય સૌખ્ય સ્વભાવસિદ્ધ ન—સિદ્ધ છે આગમ વિષે;
તે દેહવેદનથી પીડિત રમણીય વિષયોમાં રમે. ૭૧.

**અન્વયાર્થ** :—(જિનદેવના) ઉપદેશમાં સિદ્ધ છે કે– દેવોને પણ સ્વભાવનિષ્પન્ન સુખ નથી; તેઓ (પંચેન્દ્રિયમય) દેહની વેદનાથી પીડિત હોવાથી રમ્ય વિષયોમાં રમે છે.॥૭૧॥

એ રીતે ઇન્દ્રિયસુખને દુઃખપણે યુક્તિથી પ્રગટ કરીને, હવે ઇન્દ્રિયસુખના સાધનભૂત પુણ્યને ઉત્પન્ન કરનાર શુભોપયોગનું, દુઃખના સાધનભૂત પાપને ઉત્પન્ન કરનાર અશુભોપયોગથી અવિશેષપણું પ્રગટ કરે છે :—

તિર્યંચ-નારક-સુર-નરો જો દેહગત દુખ અનુભવે,
તો જીવનો ઉપયોગ એ શુભ ને અશુભ કઈ રીત છે? ૭૨.

**અન્વયાર્થ** :—મનુષ્યો, નારકો, તિર્યંચો અને દેવો (–બધાંય) જો દેહોત્પન્ન દુઃખને અનુભવે છે, તો જીવોનો તે (શુદ્ધોપયોગથી વિલક્ષણ–અશુદ્ધ) ઉપયોગ શુભ અને અશુભ—બે પ્રકારનો કઈ રીતે છે? (અર્થાત્ નથી.)।।૭૨।।

(જેમ ઈન્દ્રિયસુખને દુઃખરૂપ અને શુભોપયોગને અશુભોપયોગ સમાન દર્શાવ્યો તેમ) હવે શુભોપયોગજન્ય એવું જે ફળવાળું પુણ્ય તેને વિશેષતઃ દૂષણ દેવા માટે (અર્થાત્ તેમાં દોષ દર્શાવવા અર્થે) તે પુણ્યને (–તેની હયાતીને) સ્વીકારીને તે (પુણ્યની) વાતનું ઉત્થાન કરે છે :—

ચક્રી અને દેવેન્દ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી
પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩

**અન્વયાર્થ** :—વજ્રધરો અને ચક્રધરો (–ઈન્દ્રો અને ચક્રવર્તીઓ) શુભોપયોગમૂલક (પુણ્યોના ફળરૂપ) ભોગો વડે દેહાદિની પુષ્ટિ કરે છે અને (એ રીતે) ભોગોમાં રત વર્તતા થકા સુખી જેવા ભાસે છે (માટે પુણ્યો વિદ્યમાન છે ખરાં).।।૭૩।।

હવે, એ રીતે સ્વીકારવામાં આવેલાં પુણ્યો દુઃખના બીજના હેતુ છે (અર્થાત્ તૃષ્ણાનાં કારણ છે) એમ ન્યાયથી પ્રગટ કરે છે :—

પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,
તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્ભવ કરે. ૭૪.

**અન્વયાર્થ** :—(પૂર્વોક્ત રીતે) જો (શુભોપયોગરૂપ) પરિણામથી ઊપજતાં વિવિધ પુણ્યો વિદ્યમાન છે, તો તેઓ દેવો સુધીના જીવોને વિષયતૃષ્ણા ઉત્પન્ન કરે છે.।।૭૪।।

હવે, પુણ્યમાં દુઃખના બીજનો વિજય જાહેર કરે છે (અર્થાત્ પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે—ફાલે છે એમ જાહેર કરે છે) :—

તે ઉદિતતૃષ્ણ જીવો, દુખિત તૃષ્ણાથી, વિષયિક સુખને
ઈચ્છે અને આમરણ દુખસંતપ્ત તેને ભોગવે. ૭૫.

**અન્વયાર્થ** :—વળી, જેમને તૃષ્ણા ઉદિત છે એવા તે જીવો તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા, મરણપર્યંત વિષયસુખોને ઈચ્છે છે અને દુઃખથી સંતપ્ત થયા થકા (–દુઃખદાહને નહિ સહી શક્તા થકા) તેમને ભોગવે છે.II૭૫II

હવે ફરીને પણ પુણ્યજન્ય ઈન્દ્રિયસુખનું ઘણા પ્રકારે દુઃખપણું પ્રકાશે છે :—

પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;
જે ઈન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬.

**અન્વયાર્થ** :—જે ઈંદ્રિયોથી પ્રાપ્ત થાય છે, તે સુખ પરના સંબંધવાળું, બાધાસહિત, વિચ્છિન્ન, બંધનું કારણ અને વિષમ છે; એ રીતે તે દુઃખ જ છે.II૭૬II

હવે પુણ્ય અને પાપનું અવિશેષપણું નિશ્ચિત કરતા થકા (આ વિષયનો) ઉપસંહાર કરે છે :—

નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.

**અન્વયાર્થ** :—એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.II૭૭II

હવે, એ રીતે શુભ અને અશુભ ઉપયોગનું અવિશેષપણું અવધારીને, સમસ્ત રાગદ્વેષના દ્વૈતને દૂર કરતા થકા, અશેષ દુઃખનો ક્ષય કરવાનો મનમાં દ્રઢ નિશ્ચય કરી શુદ્ધોપયોગમાં વસે છે (–તેને અંગીકાર કરે છે) :—

વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,
શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુખનો કરે. ૭૮.

**અન્વયાર્થ** :—એ રીતે વસ્તુસ્વરૂપ જાણીને જે દ્રવ્યો પ્રત્યે રાગ કે દ્વેષને પામતો નથી, તે ઉપયોગવિશુદ્ધ વર્તતો થકો દેહોત્પન્ન દુઃખનો ક્ષય કરે છે.।।૭૮।।

હવે, સર્વ સાવદ્યયોગને છોડીને ચારિત્ર અંગીકાર કર્યું હોવા છતાં જો હું શુભોપયોગપરિણતિને વશપણે મોહાદિકનું ઉન્મૂલન ન કરું, તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય—એમ વિચારી મોહાદિકના ઉન્મૂલન પ્રત્યે સર્વ આરંભથી (–ઉદ્યમથી) કટિબદ્ધ થાય છે :—

જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,
જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.

**અન્વયાર્થ** :—પાપારંભ છોડીને શુભ ચારિત્રમાં ઉદ્યત હોવા છતાં જો જીવ મોહાદિકને છોડતો નથી, તો તે શુદ્ધ આત્માને પામતો નથી.।।૭૯।।

હવે, 'મારે મોહની સેનાને કઈ રીતે જીતવી'—એમ (તેને જીતવાનો) ઉપાય વિચારે છે :—

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.

**અન્વયાર્થ** :—જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય લય પામે છે.।।૮૦।।

હવે, એ રીતે મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છે :—

જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,
જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.

**અન્વયાર્થ** :—જેણે મોહને દૂર કર્યો છે અને આત્માના સમ્યક્ તત્ત્વને (—સાચા સ્વરૂપને) પ્રાપ્ત કર્યું છે એવો જીવ જો રાગદ્વેષને છોડે છે, તો તે શુદ્ધ આત્માને પામે છે.।।૮૧।।

હવે, આ જ એક (—પૂર્વોક્ત ગાથાઓમાં વર્ણવ્યો તે જ એક), ભગવંતોએ પોતે અનુભવીને દર્શાવેલો નિઃશ્રેયસનો પારમાર્થિક પંથ છે— એમ મતિને વ્યવસ્થિત કરે છે :—

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨.

**અન્વયાર્થ** :—બધાય અર્હંતભગવંતો તે જ વિધિથી કર્માંશોનો (—જ્ઞાનાવરણીયાદિ કર્મભેદોનો) ક્ષય કરીને તથા (અન્યને પણ) એ જ પ્રકારે ઉપદેશ કરીને મોક્ષ પામ્યા છે. તેમને નમસ્કાર હો.।।૮૨।।

હવે શુદ્ધાત્મલાભનો પરિપંથી જે મોહ તેનો સ્વભાવ અને પ્રકારો (—ભેદો) વ્યક્ત કરે છે :—

દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;
તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને. ૮૩.

**અન્વયાર્થ** :—જીવને દ્રવ્યાદિક વિષે જે મૂઢ ભાવ (—દ્રવ્યગુણપર્યાય વિષે જે મૂઢતારૂપ પરિણામ) તે મોહ છે; તેનાથી આચ્છાદિત વર્તતો થકો જીવ રાગ અથવા દ્વેષને પામીને ક્ષુબ્ધ થાય છે.।।૮૩।।

હવે, ત્રણે પ્રકારના મોહને અનિષ્ટ કાર્યનું કારણ કહીને તેનો (—ત્રણે પ્રકારના મોહનો) ક્ષય કરવાનું સૂત્રદ્વારા કહે છે :—

રે! મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને
વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪.

**અન્વયાર્થ** :—મોહરૂપે, રાગરૂપે અથવા દ્વેષરૂપે પરિણમતા જીવને વિવિધ બંધ થાય છે; તેથી તેમને (મોહ-રાગ-દ્વેષને) સંપૂર્ણ રીતે ક્ષય કરવાયોગ્ય છે.।।૮૪।।

હવે, આ મોહરાગદ્વેષને આ લિંગો વડે (હવેની ગાથામાં કહેવામાં આવતાં ચિહ્નો-લક્ષણો વડે) ઓળખીને ઉદ્ભવતાં વેંત જ મારી નાખવાયોગ્ય છે એમ વ્યક્ત કરે છે :—

અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,
વિષયો તણો વળી સંગ,—લિંગો જાણવાં આ મોહનાં. ૮૫

**અન્વયાર્થ** :—પદાર્થનું અયથાગ્રહણ (અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિષે અન્યથા સમજણ) અને તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, તથા વિષયોનો સંગ (અર્થાત્ ઇષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ)—આ મોહનાં લિંગો છે.।।૮૫।।

હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર (–અન્ય ઉપાય) વિચારે છે :—

શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,
તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.

**અન્વયાર્થ** :—જિનશાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણનારને નિયમથી મોહોપચય ક્ષય પામે છે, તેથી શાસ્ત્ર સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે.।।૮૬।।

હવે જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા (–પદાર્થોની સ્થિતિ) કઈ રીતે છે તે વિચારે છે :—

દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ 'અર્થ' સંજ્ઞાથી કહ્યાં;
ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.

**અન્વયાર્થ** :—દ્રવ્યો, ગુણો અને તેમના પર્યાયો 'અર્થ' નામથી કહ્યાં છે. તેમાં, ગુણ-પર્યાયોનો આત્મા દ્રવ્ય છે (અર્થાત્ ગુણો અને પર્યાયોનું સ્વરૂપ–સત્ત્વ દ્રવ્ય જ છે, તેઓ ભિન્ન વસ્તુ નથી) એમ (જિનેંદ્રનો) ઉપદેશ છે.।।૮૭।।

હવે, એ રીતે મોહક્ષયના ઉપાયભૂત જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ

થવા છતાં પણ પુરુષાર્થ અર્થક્રિયાકારી છે તેથી પુરુષાર્થ કરે છે :—

જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,
તે જીવ પામે અલ્પ કાળે સર્વ દુઃખવિમોક્ષને. ૮૮.

**અન્વયાર્થ** :—જે જિનના ઉપદેશને પામીને મોહ-રાગ-દ્વેષને હણે છે, તે અલ્પ કાળમાં સર્વ દુઃખથી મુક્ત થાય છે.॥૮૮॥

હવે, સ્વ-પરના વિવેકની (–ભેદજ્ઞાનની) સિદ્ધિથી જ મોહનો ક્ષય થઈ શકે છે તેથી સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે :—

જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે
દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯.

**અન્વયાર્થ** :—જે નિશ્ચયથી જ્ઞાનાત્મક એવા પોતાને અને પરને નિજ નિજ દ્રવ્યત્વથી સંબદ્ધ (–સંયુક્ત) જાણે છે, તે મોહનો ક્ષય કરે છે.॥૮૯॥

હવે, સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે એમ ઉપસંહાર કરે છે :—

તેથી યદિ જીવ ઈચ્છતો નિર્મોહતા નિજ આત્મને,
જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦.

**અન્વયાર્થ** :—માટે (સ્વ-પરના વિવેકથી મોહનો ક્ષય કરી શકાતો હોવાથી) જો આત્મા પોતાને નિર્મોહપણું ઈચ્છતો હોય, તો જિનમાર્ગ દ્વારા ગુણો વડે દ્રવ્યોમાં સ્વ અને પરને જાણો (અર્થાત્ જિનાગમ દ્વારા વિશેષ ગુણો વડે અનંત દ્રવ્યોમાંથી 'આ સ્વ છે ને આ પર છે' એમ વિવેક કરો).॥૯૦॥

હવે, જિનોદિત અર્થોના શ્રદ્ધાન વિના ધર્મલાભ થતો નથી (અર્થાત્ જિનદેવે કહેલા પદાર્થોની શ્રદ્ધા કર્યા વિના શુદ્ધાત્મ-અનુભવરૂપ ધર્મપ્રાપ્તિ થતી નથી) એમ ન્યાયપૂર્વક વિચારે છે :—

શ્રામણ્યમાં સત્તામયી સવિશેષ આ દ્રવ્યો તણી
શ્રદ્ધા નહીં, તે શ્રમણ ના; તેમાંથી ધર્મોદ્‌ભવ નહીં. ૯૧.

**અન્વયાર્થ** :—જે (જીવ) શ્રમણપણામાં આ ૧સત્તાસંયુક્ત ૨સવિશેષ પદાર્થોને શ્રદ્ધતો નથી, તે શ્રમણ નથી; તેનામાંથી ધર્મ ઉદ્‌ભવતો નથી (અર્થાત્ તે શ્રમણાભાસને ધર્મ થતો નથી).।।૯૧।।

આચાર્ય ભગવાન સામ્યનું ધર્મત્વ સિદ્ધ કરીને 'હું સાક્ષાત્ ધર્મ જ છું' એવા ભાવમાં નિશ્ચળ ટકે છે.

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,
વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨.

**અન્વયાર્થ** :—જે આગમમાં કુશળ છે, જેની મોહદૃષ્ટિ હણાઈ ગઈ છે અને જે વીતરાગચારિત્રમાં આરૂઢ છે, તે મહાત્મા શ્રમણને (શાસ્ત્રમાં) 'ધર્મ' કહેલ છે.।।૯૨।।

આમ, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રનો જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

સહજ સિદ્ધાનંદ.

# જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન

બીજા શ્રુતસ્કંધનું નામ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરિભ્રમણ કરતો જીવ બધું કરી ચૂક્યો છે પણ સ્વ-પરનું ભેદવિજ્ઞાન તેણે કદી કર્યું નથી. 'બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં જીવ એકલો જ કર્તા, કર્મ, કરણ અને કર્મફળ બને છે, પર સાથે તેને કદીયે કાંઈ જ સંબંધ નથી' એવી સાનુભવ શ્રદ્ધા તેને કદી થઈ નથી. તેથી હજારો મિથ્યા ઉપાયો કરવા છતાં તે દુઃખમુક્ત થતો નથી. આ શ્રુતસ્કંધમાં આચાર્યભગવાને દુઃખનું મૂળ છેદવાનું સાધન—ભેદવિજ્ઞાન—સમજાવ્યું છે. 'જગતનું પ્રત્યેક સત્ અર્થાત્ પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિવાય કે ગુણપર્યાય-સમૂહ સિવાય બીજું કાંઈ જ નથી. સત્ કહો, દ્રવ્ય કહો, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહો, ગુણપર્યાયપિંડ કહો—એ બધું એક જ છે.' આ, ત્રિકાળજ્ઞ જિનભગવંતોએ સાક્ષાત્ દેખેલા વસ્તુસ્વરૂપનો મૂળભૂત—પાયાનો—સિદ્ધાંત છે. વીતરાગવિજ્ઞાનનો આ મૂળભૂત સિદ્ધાંત શરૂઆતની ઘણી ગાથાઓમાં અત્યંત અત્યંત સુંદર રીતે કોઈ લોકોત્તર વૈજ્ઞાનિકની ઢબથી સમજાવવામાં આવ્યો છે. ત્યાં દ્રવ્યસામાન્યનું સ્વરૂપ જે અલૌકિક શૈલીથી સિદ્ધ કર્યું છે તેનો ખ્યાલ વાચકને એ ભાગ જાતે જ વાંચ્યા વિના આવવો અશક્ય છે. ખરેખર પ્રવચનસારમાં વર્ણવેલું આ દ્રવ્યસામાન્યનિરૂપણ અત્યંત અબાધ્ય અને પરમ પ્રતીતિકર છે. એ રીતે દ્રવ્યસામાન્યના જ્ઞાનરૂપી સુદૃઢ ભૂમિકા રચીને, દ્રવ્યવિશેષનું અસાધારણ વર્ણન, પ્રાણાદિથી જીવનું ભિન્નપણું, જીવ દેહાદિકનો કર્તા-કારયિતા-અનુમંતા નથી એ હકીકત, જીવને પુદ્ગલપિંડનું અકર્તાપણું, નિશ્ચયબંધનું સ્વરૂપ, શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ, એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન વગેરે અનેક વિષયો અતિ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યા છે. એ બધામાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન જ નીતરી રહ્યું છે. આખા અધિકારમાં વીતરાગપ્રણીત દ્રવ્યાનુયોગનું સત્ત્વ ઠાંસી ઠાંસીને ભર્યું છે,

જિનશાસનના મૌલિક સિદ્ધાંતોને અબાધ્ય યુક્તિથી સિદ્ધ કર્યા છે. આ અધિકાર જિનશાસનના સ્તંભ સમાન છે. એનો ઊંડાણથી અભ્યાસ કરનાર મધ્યસ્થ સુપાત્ર જીવને 'જૈનદર્શન જ વસ્તુદર્શન છે' એમ લાગ્યા વિના રહેતું નથી. વિષયનું પ્રતિપાદન એટલું પ્રૌઢ, અગાધ ઊંડપવાળું, મર્મસ્પર્શી અને ચમત્કૃતિમય છે કે તે મુમુક્ષુના ઉપયોગને તીક્ષ્ણ બનાવી શ્રુતરત્નાકરના ગંભીર ઊંડાણમાં લઈ જાય છે, કોઈ ઉચ્ચ કોટિના મુમુક્ષુને નિજ સ્વભાવરત્નની પ્રાપ્તિ કરાવે છે અને કોઈ સામાન્ય મુમુક્ષુ ત્યાં સુધી ન પહોંચી શકે તો તેના હૃદયમાં પણ 'શ્રુતરત્નાકર અદ્‌ભુત અને અપાર છે' એવો મહિમા તો જરૂર ઘર કરી જાય છે. ગ્રંથકાર શ્રી કુંદકુંદાચાર્યદેવ અને ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના હૃદયમાંથી વહેલી શ્રુતગંગાએ તીર્થંકરના અને શ્રુતકેવળીઓના વિરહને ભુલાવ્યા છે.

❋

સહજ ચિદાનંદ.

# જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન

હવે જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કરે છે અર્થાત્ જ્ઞેયતત્ત્વ જણાવે છે. તેમાં (પ્રથમ) પદાર્થનું સમ્યક્ (–સાચું) દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ વર્ણવે છે :—

છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,
વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩.

**અન્વયાર્થ** :—પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે; દ્રવ્યો ગુણાત્મક કહેવામાં આવ્યાં છે; અને વળી દ્રવ્ય તથા ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયમૂઢ જીવો પરસમય (અર્થાત્ મિથ્યાદ્રષ્ટિ) છે.।।૯૩।।

હવે આનુષંગિક એવી આ જ સ્વસમય-પરસમયની વ્યવસ્થા (અર્થાત્ સ્વસમય અને પરસમયનો ભેદ) નક્કી કરીને (તે વાતનો) ઉપસંહાર કરે છે :—

પર્યાયમાં રત જીવ જે તે ‘પરસમય’ નિર્દિષ્ટ છે;
આત્મસ્વભાવે સ્થિત જે તે ‘સ્વકસમય’ જ્ઞાતવ્ય છે. ૯૪.

**અન્વયાર્થ** :—જે જીવો પર્યાયોમાં લીન છે તેમને પરસમય કહેવામાં આવ્યા છે; જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા.।।૯૪।।

હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે :—

છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે,
વળી ગુણ ને પર્યય સહિત જે, ‘દ્રવ્ય’ ભાખ્યું તેહને. ૯૫.

**અન્વયાર્થ** :—સ્વભાવને છોડ્યા વિના જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે તથા ગુણવાળું ને પર્યાયસહિત છે, તેને ‘દ્રવ્ય’ કહે છે.।।૯૫।।

હવે અનુક્રમે અસ્તિત્વ બે પ્રકારનું કહે છે : સ્વરૂપ-અસ્તિત્વ અને સાદ્રશ્ય-અસ્તિત્વ. તેમાં આ સ્વરૂપ-અસ્તિત્વનું કથન છે :—

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી
અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.

**અન્વયાર્થ** :—સર્વ કાળે ગુણો તથા અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે દ્રવ્યનું જે અસ્તિત્વ, તે ખરેખર સ્વભાવ છે.।।૯૬।।

હવે આ (નીચે પ્રમાણે) સાદ્રશ્ય-અસ્તિત્વનું કથન છે :—

વિધવિધલક્ષણીનું સરવ-ગત 'સત્ત્વ' લક્ષણ એક છે,
—એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.

**અન્વયાર્થ** :—ધર્મને ખરેખર ઉપદેશતા જિનવરવૃષભે આ વિશ્વમાં વિવિધ લક્ષણવાળાં (ભિન્ન ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળાં સર્વ) દ્રવ્યોનું, 'સત્' એવું ૨સર્વગત લક્ષણ (સાદ્રશ્ય-અસ્તિત્વ) એક કહ્યું છે.।।૯૭।।

હવે દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું અને દ્રવ્યથી સત્તાનું અર્થાંતરપણું હોવાનું ખંડન કરે છે (અર્થાત્ કોઈ દ્રવ્યથી અન્ય દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી અને દ્રવ્યથી અસ્તિત્વ કોઈ જુદો પદાર્થ નથી એમ નક્કી કરે છે) :—

દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'—તત્ત્વતઃ શ્રી જિનો કહે;
એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.

**અન્વયાર્થ** :—દ્રવ્ય સ્વભાવથી સિદ્ધ અને (સ્વભાવથી જ) 'સત્' છે એમ જિનોએ તત્ત્વતઃ કહ્યું છે; એ પ્રમાણે આગમ દ્વારા સિદ્ધ છે; જે ન માને તે ખરેખર પરસમય છે.।।૯૮।।

હવે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક હોવા છતાં દ્રવ્ય 'સત્' છે એમ દર્શાવે છે :—

દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી ‘સત્’ સૌ દ્રવ્ય છે;
ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯.

**અન્વયાર્થ** :—સ્વભાવમાં ૧અવસ્થિત (હોવાથી) દ્રવ્ય ‘સત્’ છે; દ્રવ્યનો જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય સહિત પરિણામ તે પદાર્થોનો સ્વભાવ છે.॥૯૯॥

હવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર અવિનાભાવ દ્રઢ કરે છે :—

ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;
ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય-પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.

**અન્વયાર્થ** :—ઉત્પાદ ૨ભંગ વિનાનો હોતો નથી અને ભંગ ઉત્પાદ વિનાનો હોતો નથી; ઉત્પાદ તેમ જ ભંગ ધ્રૌવ્ય પદાર્થ વિના હોતા નથી.॥૧૦૦॥

હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે) :—

ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,
ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.

**અન્વયાર્થ** :—ઉત્પાદ, સ્થિતિ અને ભંગ પર્યાયોમાં વર્તે છે; પર્યાયો નિયમથી દ્રવ્યમાં હોય છે, તેથી (તે) બધુંય દ્રવ્ય છે.॥૧૦૧॥

હવે ઉત્પાદાદિકનો ક્ષણભેદ ૧નિરસ્ત કરીને તેઓ દ્રવ્ય છે એમ સમજાવે છે:—

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે
એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.

**અન્વયાર્થ** :—દ્રવ્ય એક જ સમયમાં ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના ૧અર્થો સાથે ખરેખર ૨સમવેત (એકમેક) છે; તેથી એ ૩ત્રિક ખરેખર દ્રવ્ય છે.॥૧૦૨॥

હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ૨અનેકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :—

ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,
પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.

**અન્વયાર્થ** :—દ્રવ્યનો અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે અને કોઈ અન્ય પર્યાય નષ્ટ થાય છે; પરંતુ દ્રવ્ય તો નષ્ટ પણ નથી, ઉત્પન્ન પણ નથી (–ધ્રુવ છે).।।૧૦૩।।

હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :—

અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,
તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪.

**અન્વયાર્થ** :—સત્તા-અપેક્ષાએ અવિશિષ્ટપણે, દ્રવ્ય પોતે જ ગુણમાંથી ગુણાંતરે પરિણમે છે (અર્થાત્ દ્રવ્ય પોતે જ એક ગુણપર્યાયમાંથી અન્ય ગુણપર્યાયે પરિણમે છે અને તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે અવિશિષ્ટ—અભિન્ન—એક જ રહે છે), તેથી વળી ગુણપર્યાયો દ્રવ્ય જ કહેવામાં આવ્યા છે.।।૧૦૪।।

હવે સત્તા અને દ્રવ્ય અર્થાંતરો (ભિન્ન પદાર્થો, અન્ય પદાર્થો) નહિ હોવા વિષે યુક્તિ રજૂ કરે છે :—

જો દ્રવ્ય હોય ન સત્, ઠરે જ અસત્, બને ક્યમ દ્રવ્ય એ?
વા ભિન્ન ઠરતું સત્ત્વથી! તેથી સ્વયં તે સત્ત્વ છે. ૧૦૫.

**અન્વયાર્થ** :—જો દ્રવ્ય (સ્વરૂપથી જ) સત્ ન હોય તો—(૧) નક્કી તે અસત્ હોય; જે અસત્ હોય તે દ્રવ્ય કેમ હોઈ શકે? અથવા (જો અસત્ ન હોય) તો (૨) તે સત્તાથી અન્ય (જુદું) હોય! (તે પણ કેમ બને?) માટે દ્રવ્ય પોતે જ સત્તા છે.।।૧૦૫।।

હવે પૃથક્ત્વનું અને અન્યત્વનું લક્ષણ ખુલ્લું કરે છે :—

જિન વીરનો ઉપદેશ એમ—પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા,
અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે-પણે તે એક ક્યાં? ૧૦૬.

**અન્વયાર્થ** :—વિભક્તપ્રદેશત્વ તે પૃથક્ત્વ છે એમ વીરનો ઉપદેશ છે. અતદ્‌ભાવ (અતત્પણું અર્થાત્ તે-પણે નહિ હોવું) તે અન્યત્વ છે. જે તે-પણે ન હોય તે એક કેમ હોય? (કથંચિત્ સત્તા દ્રવ્યપણે નથી અને દ્રવ્ય સત્તાપણે નથી માટે તેઓ એક નથી.)।।૧૦૬।।

હવે અતદ્‌ભાવને ઉદાહરણપૂર્વક વિસ્તારે છે :—

'સત્ દ્રવ્ય', 'સત્ પર્યાય', 'સત્‌ગુણ'—સત્ત્વનો વિસ્તાર છે;
નથી તે-પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭.

**અન્વયાર્થ** :—'સત્ દ્રવ્ય' 'સત્ ગુણ' અને 'સત્ પર્યાય'—એમ (સત્તાગુણનો) વિસ્તાર છે. (તેમને પરસ્પર) જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે-પણે હોવાનો અભાવ' છે તે 'તદ્-અભાવ' એટલે કે 'અતદ્‌ભાવ' છે.।।૧૦૭।।

હવે સર્વથા અભાવ તે અતદ્‌ભાવનું લક્ષણ હોવાનો નિષેધ કરે છે :–

સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,
—આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને. ૧૦૮.

**અન્વયાર્થ** :—સ્વરૂપ-અપેક્ષાએ જે દ્રવ્ય છે તે ગુણ નથી અને જે ગુણ છે તે દ્રવ્ય નથી;—આ અતદ્‌ભાવ છે; સર્વથા અભાવ તે અતદ્‌ભાવ નથી; આમ (જિનેન્દ્ર દ્વારા) દર્શાવવામાં આવ્યું છે.।।૧૦૮।।

હવે સત્તા ને દ્રવ્યનું ગુણ-ગુણીપણું સિદ્ધ કરે છે :—

પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ 'સત્'-અવિશિષ્ટ છે;
'દ્રવ્યો સ્વભાવે સ્થિત સત્ છે'—એ જ આ ઉપદેશ છે. ૧૦૯.

**અન્વયાર્થ** :—જે, દ્રવ્યના સ્વભાવભૂત (ઉત્પાદ-વ્યયધ્રૌવ્યાત્મક) પરિણામ છે તે (પરિણામ) 'સત્'થી અવિશિષ્ટ (-સત્તાથી કોઈ જુદો નહિ એવો) ગુણ છે. સ્વભાવમાં અવસ્થિત (હોવાથી) દ્રવ્ય સત્ છે'—એવો જે (૯૯મી ગાથામાં કહેલો) જિનોપદેશ તે જ આ છે (અર્થાત્ ૯૯મી ગાથાના કથનમાંથી આ ગાથામાં કહેલો ભાવ સહેજે નીકળે છે).।।૧૦૯।।

હવે ગુણ ને ગુણીના અનેકપણાનું ખંડન કરે છે :—

પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;
દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦.

**અન્વયાર્થ** :—આ વિશ્વમાં ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ, દ્રવ્ય વિના (–દ્રવ્યથી જુદું) હોતું નથી; અને દ્રવ્યત્વ તે ભાવ છે (અર્થાત્ અસ્તિત્વ તે ગુણ છે); તેથી દ્રવ્ય પોતે સત્તા (અર્થાત્ અસ્તિત્વ) છે.।।૧૧૦।।

હવે દ્રવ્યને સત્-ઉત્પાદ અને અસત્-ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે છે :—

આવું દરવ દ્રવ્યાર્થ-પર્યાયાર્થથી નિજભાવમાં
સદ્ભાવ-અણસદ્ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.

**અન્વયાર્થ** :—આવું (પૂર્વોક્ત) દ્રવ્ય સ્વભાવમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે સદ્ભાવસંબદ્ધ અને અસદ્ભાવસંબદ્ધ ઉત્પાદને સદા પામે છે.।।૧૧૧।।

હવે (સર્વ પર્યાયોમાં દ્રવ્ય અનન્ય છે અર્થાત્ તેનું તે જ છે માટે તેને સત્-ઉત્પાદ છે–એમ) સત્-ઉત્પાદને અનન્યપણા વડે નક્કી કરે છે :—

જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે-રૂપે
શું છોડતો દ્રવ્યત્વને? નહિ છોડતો ક્યમ અન્ય એ? ૧૧૨.

**અન્વયાર્થ** :—જીવ પરિણમતો હોવાથી મનુષ્ય, દેવ અથવા

બીજું કાંઈ (-તિર્યંચ, નારક કે સિદ્ધ) થશે. પરંતુ મનુષ્યદેવાદિક થઈને શું તે દ્રવ્યપણાને છોડે છે? નહિ છોડતો થકો તે અન્ય કેમ હોય? (અર્થાત્ તે અન્ય નથી, તેનો તે જ છે.)।।૧૧૨।।

હવે અસત્-ઉત્પાદને અન્યપણા વડે (અન્યપણા દ્વારા) નક્કી કરે છે :—

માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;
એ રીત નહિ હોતો થકો ક્યમ તે અનન્યપણું ધરે? ૧૧૩.

**અન્વયાર્થ** :—મનુષ્ય તે દેવ નથી, અથવા દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી; એમ નહિ હોતો થકો અનન્ય કેમ હોય?।।૧૧૩।।

હવે એક દ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે (અર્થાત્ તેમાં વિરોધ નથી આવતો એમ દર્શાવે છે) :—

દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે
છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.

**અન્વયાર્થ** :—દ્રવ્યાર્થિક (નય) વડે સઘળું દ્રવ્ય છે; અને વળી પર્યાયાર્થિક (નય) વડે તે (દ્રવ્ય) અન્ય-અન્ય છે, કારણ કે તે કાળે તન્મય હોવાને લીધે (દ્રવ્ય પર્યાયોથી) અનન્ય છે.।।૧૧૪।।

હવે સર્વ વિરોધને દૂર કરનારી સપ્તભંગી પ્રગટ કરે છે :—

અસ્તિ, તથા છે નાસ્તિ, તેમ જ દ્રવ્ય અણવક્તવ્ય છે,
વળી ઉભય કો પર્યાયથી, વા અન્યરૂપ કથાય છે. ૧૧૫.

**અન્વયાર્થ** :—દ્રવ્ય કોઈ પર્યાયથી 'અસ્તિ', કોઈ પર્યાયથી 'નાસ્તિ' અને કોઈ પર્યાયથી 'અવક્તવ્ય' છે; વળી કોઈ પર્યાયથી 'અસ્તિ-નાસ્તિ' અથવા કોઈ પર્યાયથી અન્ય ત્રણ ભંગરૂપ કહેવામાં આવે છે.।।૧૧૫।।

હવે, જેનો નિર્ધાર કરવાનો હોવાથી જેને ઉદાહરણરૂપ બનાવવામાં

આવ્યો છે એવો જે જીવ તેના મનુષ્યાદિપર્યાયો ક્રિયાનાં ફળ હોવાથી તે પર્યાયોનું અન્યત્વ (અર્થાત્ તે પર્યાયો બદલાયા કરે છે એમ) પ્રકાશે છે :—

નથી 'આ જ' એવો કોઈ, જ્યાં કિરિયા સ્વભાવ-નિપન્ન છે;
કિરિયા નથી ફળહીન, જો નિષ્ફળ ધરમ ઉત્કૃષ્ટ છે. ૧૧૬.

**અન્વયાર્થ** :—(મનુષ્યાદિપર્યાયોમાં) 'આ જ' એવો કોઈ (શાશ્વત પર્યાય) નથી; (કારણ કે સંસારી જીવને) સ્વભાવનિષ્પન્ન ક્રિયા નથી એમ નથી (અર્થાત્ વિભાવસ્વભાવથી નીપજતી રાગદ્વેષમય ક્રિયા અવશ્ય છે). અને જો પરમ ધર્મ અફળ છે તો ક્રિયા જરૂર અફળ નથી (અર્થાત્ એક વીતરાગ ભાવ જ મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ ઉપજાવતો નથી, રાગદ્વેષમય ક્રિયા તો અવશ્ય તે ફળ ઉપજાવે છે).।।૧૧૬।।

હવે મનુષ્યાદિપર્યાયો જીવને ક્રિયાનાં ફળ છે એમ વ્યક્ત કરે છે :—

નામાખ્ય કર્મ સ્વભાવથી નિજ જીવદ્રવ્ય-સ્વભાવને
અભિભૂત કરી તિર્યંચ, દેવ, મનુષ્ય વા નારક કરે. ૧૧૭.

**અન્વયાર્થ** :—ત્યાં, 'નામ' સંજ્ઞાવાળું કર્મ પોતાના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને, મનુષ્ય, તિર્યંચ, નારક અથવા દેવ (–એ પર્યાયોને) કરે છે.।।૧૧૭।।

હવે મનુષ્યાદિપર્યાયોમાં જીવને સ્વભાવનો પરાભવ કયા કારણે થાય છે તેનો નિર્ધાર કરે છે :—

તિર્યંચ-સુર-નર-નારકી જીવ નામકર્મ-નિપન્ન છે;
નિજ કર્મરૂપ પરિણમનથી જ સ્વભાવલબ્ધિ ન તેમને. ૧૧૮.

**અન્વયાર્થ** :—મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ જીવો ખરેખર નામકર્મથી નિષ્પન્ન છે. ખરેખર તેઓ પોતાના કર્મરૂપે પરિણમતા હોવાથી તેમને સ્વભાવની ઉપલબ્ધિ નથી.।।૧૧૮।।

હવે જીવનું દ્રવ્યપણે ૧અવસ્થિતપણું હોવા છતાં પર્યાયોથી ૨અનવસ્થિતપણું પ્રકાશે છે :—

નહિ કોઈ ઊપજે વિણસે ક્ષણભંગસંભવમય જગે,
કારણ જનમ તે નાશ છે; વળી જન્મ-નાશ વિભિન્ન છે. ૧૧૯.

**અન્વયાર્થ** :—ક્ષણે ક્ષણે ઉત્પાદ ને વિનાશવાળા જીવલોકમાં કોઈ ઉત્પન્ન થતું નથી ને નાશ પામતું નથી, કારણ કે જે ઉદ્‌ભવ છે તે જ વિલય છે; વળી ઉદ્‌ભવ અને વિલય એમ તેઓ અનેક (અર્થાત્ ભિન્ન) પણ છે.।।૧૧૯।।

હવે જીવના અનવસ્થિતપણાનો હેતુ પ્રકાશે છે :—

તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં;
સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦.

**અન્વયાર્થ** :—તેથી સંસારમાં સ્વભાવથી અવસ્થિત એવું કોઈ નથી (અર્થાત્ સંસારમાં કોઈનો સ્વભાવ કેવળ એકરૂપ રહેવાનો નથી); સંસાર તો સંસરણ કરતા દ્રવ્યની ક્રિયા છે.।।૧૨૦।।

હવે, પરિણામાત્મક સંસારમાં કયા કારણે પુદ્‌ગલનો સંબંધ થાય છે કે જેથી તે (-સંસાર) મનુષ્યાદિપર્યાયાત્મક હોય છે—તેનું અહીં સમાધાન વર્ણવે છે :—

કર્મે મલિન જીવ કર્મસંયુત પામતો પરિણામને,
તેથી કરમ બંધાય છે; પરિણામ તેથી કર્મ છે. ૧૨૧.

**અન્વયાર્થ** :—કર્મથી મલિન આત્મા કર્મસંયુક્ત પરિણામને (-દ્રવ્યકર્મના સંયોગે થતા અશુદ્ધ પરિણામને) પામે છે, તેથી કર્મ ચોંટે છે (-દ્રવ્યકર્મ બંધાય છે); માટે પરિણામ તે કર્મ છે.।।૧૨૧।।

હવે પરમાર્થે આત્માને દ્રવ્યકર્મનું અકર્તાપણું પ્રકાશે છે :—

પરિણામ પોતે જીવ છે, ને છે ક્રિયા એ જીવમયી;
કિરિયા ગણી છે કર્મ; તેથી કર્મનો કર્તા નથી. ૧૨૨.

**અન્વયાર્થ** :—પરિણામ પોતે આત્મા છે, અને તે જીવમયી ક્રિયા છે; ક્રિયાને કર્મ માનવામાં આવી છે; માટે આત્મા દ્રવ્યકર્મનો કર્તા તો નથી.।।૧૨૨।।

હવે, શું તે સ્વરૂપ છે કે જે-રૂપે આત્મા પરિણમે છે—તે કહે છે :—

જીવ ચેતનારૂપ પરિણમે; વળી ચેતના ત્રિવિધા ગણી;
તે જ્ઞાનવિષયક, કર્મવિષયક, કર્મફળવિષયક કહી. ૧૨૩.

**અન્વયાર્થ** :—આત્મા ચેતનારૂપે પરિણમે છે. વળી ચેતના ત્રણ પ્રકારે માનવામાં આવી છે; અને તેને જ્ઞાન સંબંધી, કર્મ સંબંધી અથવા કર્મના ફળ સંબંધી—એમ કહેવામાં આવી છે.।।૧૨૩।।

હવે જ્ઞાનનું, કર્મનું અને કર્મફળનું સ્વરૂપ વર્ણવે છે :—

છે 'જ્ઞાન' અર્થવિકલ્પ, ને જીવથી કરાતું 'કર્મ' છે,
—તે છે અનેક પ્રકારનું, 'ફળ' સૌખ્ય અથવા દુઃખ છે. ૧૨૪.

**અન્વયાર્થ** :—અર્થવિકલ્પ (અર્થાત્ સ્વ-પર પદાર્થોનું ભિન્નતા-પૂર્વક યુગપદ્ અવભાસન) તે જ્ઞાન છે; જીવ વડે જે કરાતું હોય તે કર્મ છે, તે અનેક પ્રકારનું છે; સુખ અથવા દુઃખ તે કર્મફળ કહેવામાં આવ્યું છે.।।૧૨૪।।

હવે જ્ઞાન, કર્મ અને કર્મફળને આત્માપણે નક્કી કરે છે :—

પરિણામ-આત્મક જીવ છે, પરિણામ જ્ઞાનાદિક બને;
તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે. ૧૨૫.

**અન્વયાર્થ** :—આત્મા પરિણામાત્મક છે; પરિણામ જ્ઞાનરૂપ, કર્મરૂપ અને કર્મફળરૂપ થાય છે. તેથી જ્ઞાન, કર્મ અને કર્મફળ આત્મા છે એમ જાણવું.।।૧૨૫।।

હવે, એ રીતે ઉજ્ઞેયપણાને પામેલા આત્માની શુદ્ધતાના નિશ્ચય દ્વારા

જ્ઞાનતત્ત્વની સિદ્ધિ થતાં શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ (–અનુભવ, પ્રાપ્તિ) થાય છે એમ તેને અભિનંદતા થકા (અર્થાત્ આત્માની શુદ્ધતાના નિર્ણયને પ્રશંસતા થકા—ધન્યવાદ દેતા થકા), દ્રવ્ય-સામાન્યના વર્ણનનો ઉપસંહાર કરે છે :—

'કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી
મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની. ૧૨૬.

**અન્વયાર્થ** :—જો શ્રમણ 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા છે' એવા નિશ્ચયવાળો થયો થકો અન્યરૂપે ન જ પરિણમે, તો તે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે.॥૧૨૬॥

હવે દ્રવ્યવિશેષનું પ્રજ્ઞાપન કરે છે (અર્થાત્ દ્રવ્યવિશેષોને–દ્રવ્યના ભેદોને–જણાવે છે). તેમાં (પ્રથમ), દ્રવ્યના જીવ-અજીવપણારૂપ વિશેષને નક્કી કરે છે (અર્થાત્ દ્રવ્યના, જીવ ને અજીવ એવા બે ભેદો દર્શાવે છે) :—

છે દ્રવ્ય જીવ, અજીવ; ચિત-ઉપયોગમય તે જીવ છે;
પુદ્‌ગલપ્રમુખ જે છે અચેતન દ્રવ્ય, તેહ અજીવ છે. ૧૨૭.

**અન્વયાર્થ** :—દ્રવ્ય જીવ અને અજીવ છે. ત્યાં, ચેતના-ઉપયોગમય (ચેતનામય તથા ઉપયોગમય) તે જીવ છે અને પુદ્‌ગલ-દ્રવ્યાદિક અચેતન દ્રવ્યો તે અજીવ છે.॥૧૨૭॥

હવે (દ્રવ્યનો) લોક-અલોકપણારૂપ વિશેષ (–ભેદ) નક્કી કરે છે :—

આકાશમાં જે ભાગ ધર્મ-અધર્મ-કાળ સહિત છે,
જીવ-પુદ્‌ગલોથી યુક્ત છે, તે સર્વકાળે લોક છે. ૧૨૮.

**અન્વયાર્થ** :—આકાશમાં જે ભાગ જીવ ને પુદ્‌ગલથી સંયુક્ત તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને કાળથી સમૃદ્ધ છે, તે સર્વ કાળે લોક છે. (બાકીનું એકલું આકાશ તે અલોક છે.)॥૧૨૮॥

હવે 'ક્રિયા'રૂપ અને 'ભાવ'રૂપ એવા જે દ્રવ્યના ભાવો તેમની અપેક્ષાએ દ્રવ્યનો વિશેષ (–ભેદ) નક્કી કરે છે :—

ઉત્પાદ, વ્યય ને ધ્રુવતા જીવપુદ્‌ગલાત્મક લોકને
પરિણામ દ્વારા, ભેદ વા સંઘાત દ્વારા થાય છે. ૧૨૯.

**અન્વયાર્થ** :—પુદ્‌ગલ-જીવાત્મક લોકને પરિણામ દ્વારા અને સંઘાત વા ભેદ દ્વારા ઉત્પાદ, ધ્રૌવ્ય ને વિનાશ થાય છે.॥૧૨૯॥

હવે, ગુણવિશેષથી દ્રવ્યવિશેષ છે (અર્થાત્ ગુણોના ભેદથી દ્રવ્યોનો ભેદ છે) એમ જણાવે છે :—

જે લિંગથી દ્રવ્યો મહીં 'જીવ' 'અજીવ' એમ જણાય છે,
તે જાણ મૂર્ત-અમૂર્ત ગુણ, અતત્પણાથી વિશિષ્ટ જે. ૧૩૦.

**અન્વયાર્થ** :—જે લિંગો વડે દ્રવ્ય જીવ અને અજીવ તરીકે જણાય છે, તે અતદ્ભાવવિશિષ્ટ (–દ્રવ્યથી અતદ્ભાવ વડે ભિન્ન એવા) મૂર્ત-અમૂર્ત ગુણો જાણવા.।।૧૩૦।।

હવે મૂર્ત અને અમૂર્ત ગુણોનાં લક્ષણ તથા સંબંધ (અર્થાત્ તેમને કયાં દ્રવ્યો સાથે સંબંધ છે તે) કહે છે :—

ગુણ મૂર્ત ઈન્દ્રિયગ્રાહ્ય તે પુદ્ગલમયી બહુવિધ છે;
દ્રવ્યો અમૂર્તિક જેહ તેના ગુણ અમૂર્તિક જાણજે. ૧૩૧.

**અન્વયાર્થ** :—ઈન્દ્રિયગ્રાહ્ય એવા મૂર્ત ગુણો પુદ્ગલદ્રવ્યાત્મક અનેકવિધ છે; અમૂર્ત દ્રવ્યોના ગુણો અમૂર્ત જાણવા.।।૧૩૧।।

હવે મૂર્ત પુદ્ગલદ્રવ્યના ગુણો કહે છે :—

છે વર્ણ તેમ જ ગંધ વળી રસ-સ્પર્શ પુદ્ગલદ્રવ્યને,
—અતિસૂક્ષ્મથી પૃથ્વી સુધી; વળી શબ્દ પુદ્ગલ, વિવિધ જે. ૧૩૨.

**અન્વયાર્થ** :—વર્ણ, રસ, ગંધ ને સ્પર્શ (–એ ગુણો) સૂક્ષ્મથી માંડીને પૃથ્વી પર્યંતના (સર્વ) પુદ્ગલને હોય છે; જે વિવિધ પ્રકારનો શબ્દ તે પુદ્ગલ અર્થાત્ પૌદ્ગલિક પર્યાય છે.।।૧૩૨।।

હવે અમૂર્ત એવાં બાકીનાં દ્રવ્યોના ગુણો કહે છે :—

અવગાહ ગુણ આકાશનો, ગતિહેતુતા છે ધર્મનો,
વળી સ્થાનકારણતારૂપી ગુણ જાણ દ્રવ્ય અધર્મનો. ૧૩૩.

છે કાળનો ગુણ વર્તના, ઉપયોગ ભાખ્યો જીવમાં,
એ રીત મૂર્તિવિહીનના ગુણ જાણવા સંક્ષેપમાં. ૧૩૪.

**અન્વયાર્થ** :—આકાશનો અવગાહ, ધર્મદ્રવ્યનો ગમનહેતુત્વ અને વળી અધર્મદ્રવ્યનો ગુણ સ્થાનકારણતા છે. કાળનો ગુણ વર્તના છે, આત્માનો ગુણ ઉપયોગ કહ્યો છે. આ રીતે અમૂર્ત દ્રવ્યોના ગુણો સંક્ષેપથી જાણવા.।।૧૩૩-૧૩૪।।

હવે દ્રવ્યોનો પ્રદેશવત્ત્વ અને અપ્રદેશવત્ત્વરૂપ વિશેષ (–ભેદ) જણાવે છે :—

જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, ધર્મ, અધર્મ વળી આકાશને
છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫.

**અન્વયાર્થ** :—જીવો, પુદ્‌ગલકાયો, ધર્મ, અધર્મ અને વળી આકાશ સ્વપ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાત અર્થાત્ અનેક છે; કાળને પ્રદેશો નથી.।।૧૩૫।।

હવે પ્રદેશી અને અપ્રદેશી દ્રવ્યો ક્યાં રહેલાં છે તે જણાવે છે :—

લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,
છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્‌ગલો તે શેષ છે. ૧૩૬.

**અન્વયાર્થ** :—આકાશ લોકાલોકમાં છે, લોક ધર્મ ને અધર્મથી વ્યાપ્ત છે, બાકીનાં બે દ્રવ્યોનો આશ્રય કરીને કાળ છે, અને તે બાકીનાં બે દ્રવ્યો જીવો ને પુદ્‌ગલો છે.।।૧૩૬।।

હવે પ્રદેશવત્ત્વ અને અપ્રદેશવત્ત્વ કયા પ્રકારે સંભવે છે–ઉદ્‌ભવે છે તે કહે છે :—

જે રીત આભ-પ્રદેશ, તે રીત શેષદ્રવ્ય-પ્રદેશ છે;
અપ્રદેશ પરમાણુ વડે ઉદ્‌ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.

**અન્વયાર્થ** :—જે રીતે તે આકાશપ્રદેશો છે, તે જ રીતે બાકીનાં દ્રવ્યોના પ્રદેશ છે (અર્થાત્ જેમ આકાશના પ્રદેશો પરમાણુરૂપી ગજથી મપાય છે તેમ બાકીનાં દ્રવ્યોના પ્રદેશ પણ એ જ રીતે મપાય છે). પરમાણુ અપ્રદેશી છે; તેના વડે પ્રદેશોદ્‌ભવ કહ્યો છે.।।૧૩૭।।

હવે 'કાળાણુ અપ્રદેશી જ છે' એવો નિયમ કરે છે (અર્થાત્ દર્શાવે છે) :—

છે કાળ તો અપ્રદેશ; એકપ્રદેશ પરમાણુ યદા
આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮.

**અન્વયાર્થ** :—કાળ તો અપ્રદેશી છે. પ્રદેશમાત્ર પુદ્ગલ-પરમાણુ આકાશ દ્રવ્યના પ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે.।।૧૩૮।।

હવે કાળપદાર્થનાં દ્રવ્ય અને પર્યાય જણાવે છે :—

તે દેશના અતિક્રમણ સમ છે ‘સમય’, તત્પૂર્વાપરે
જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી ‘સમય’ છે. ૧૩૯.

**અન્વયાર્થ** :—પરમાણુ એક આકાશપ્રદેશને (મંદ ગતિથી) ઓળંગે ત્યારે તેના બરાબર જે વખત તે ‘સમય’ છે; ‘સમય’ની પૂર્વે તેમ જ પછી એવો (નિત્ય) જે પદાર્થ છે તે કાળદ્રવ્ય છે; ‘સમય’ ઉત્પન્નધ્વંસી છે.।।૧૩૯।।

હવે આકાશના પ્રદેશનું લક્ષણ સૂત્ર દ્વારા કહે છે :—

આકાશ જે અણુવ્યાપ્ય, ‘આભપ્રદેશ’ સંજ્ઞા તેહને;
તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.

**અન્વયાર્થ** :—એક પરમાણુ જેટલા આકાશમાં રહે તેટલા આકાશને ‘આકાશપ્રદેશ’ એવા નામથી કહેવામાં આવ્યું છે; અને તે સર્વ પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.।।૧૪૦।।

હવે, તિર્યક્પ્રચય તથા ઊર્ધ્વપ્રચય જણાવે છે :—

વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને
બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧.

**અન્વયાર્થ** :—દ્રવ્યોને એક, બે, ઘણા, અસંખ્ય અથવા અનંત પ્રદેશો છે. કાળને ‘સમયો’ છે.।।૧૪૧।।

હવે કાળપદાર્થનો ઊર્ધ્વપ્રચય નિરન્વય હોવાની વાતનું ખંડન કરે છે :—

એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્ભાવ છે
જો કાળને, તો કાળ તેહ સ્વભાવ-સમવસ્થિત છે. ૧૪૨.

**અન્વયાર્થ** :—જો કાળને એક સમયમાં ઉત્પાદ અને ધ્વંસ વર્તે છે, તો તે કાળ સ્વભાવે અવસ્થિત અર્થાત્ ધ્રુવ (ઠરે) છે.।।૧૪૨।।

હવે (જેમ એક વૃત્ત્યંશમાં કાળપદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળો સિદ્ધ કર્યો તેમ) સર્વ વૃત્ત્યંશોમાં કાળપદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળો છે એમ સિદ્ધ કરે છે :—

પ્રત્યેક સમયે જન્મ-ધ્રૌવ્ય-વિનાશ અર્થો કાળને
વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્ભાવ છે. ૧૪૩.

**અન્વયાર્થ** :—એક એક સમયમાં ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો કાળને સદાય હોય છે. આ જ કાળાણુનો સદ્ભાવ છે (અર્થાત્ આ જ કાળાણુના અસ્તિત્વની સિદ્ધિ છે).।।૧૪૩।।

હવે કાળપદાર્થના અસ્તિત્વની અન્યથા અનુપપત્તિ હોવાથી (અર્થાત્ કાળપદાર્થનું અસ્તિત્વ બીજી કોઈ રીતે નહિ બની શકતું હોવાથી) તેનું પ્રદેશમાત્રપણું સિદ્ધ કરે છે :—

જે અર્થને ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી,
તે અર્થ જાણો શૂન્ય કેવળ—અન્ય જે અસ્તિત્વથી. ૧૪૪.

**અન્વયાર્થ** :—જે પદાર્થને પ્રદેશો અથવા એક પ્રદેશ પણ પરમાર્થે જણાતો નથી, તે પદાર્થને શૂન્ય જાણ—કે જે અસ્તિત્વથી અર્થાન્તરભૂત (–અન્ય) છે.।।૧૪૪।।

હવે, એ રીતે જ્ઞેયતત્ત્વ કહીને, જ્ઞાન અને જ્ઞેયના વિભાગ વડે આત્માને નક્કી કરતા થકા, આત્માને અત્યંત વિભક્ત (ભિન્ન) કરવા માટે વ્યવહારજીવત્વનો હેતુ વિચારે છે :—

સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;
તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫.

**અન્વયાર્થ** :—સપ્રદેશ પદાર્થો વડે સમાપ્તિ પામેલો આખો લોક નિત્ય છે. તેને જે જાણે છે તે જીવ છે—કે જે (સંસારદશામાં) ચાર પ્રાણોથી સંયુક્ત છે.।।૧૪૫।।

હવે પ્રાણો કયા છે તે કહે છે :—

ઇન્દ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને
વળી પ્રાણ શ્વાસોચ્છ્વાસ—એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬.

**અન્વયાર્થ** :—ઇન્દ્રિયપ્રાણ, બળપ્રાણ, આયુપ્રાણ તથા શ્વાસોચ્છ્વાસપ્રાણ—એ (ચાર) જીવોના પ્રાણો છે.।।૧૪૬।।

હવે વ્યુત્પત્તિથી પ્રાણોને જીવત્વનું હેતુપણું તથા તેમનું પૌદ્ગલિકપણું સૂત્ર દ્વારા કહે છે (અર્થાત્ પ્રાણો જીવત્વના હેતુ છે એમ વ્યુત્પત્તિથી દર્શાવે છે તથા પ્રાણો પૌદ્ગલિક છે એમ કહે છે) :—

જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,
તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્ગલદરવનિષ્પન્ન છે. ૧૪૭.

**અન્વયાર્થ** :—જે ચાર પ્રાણોથી જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો, તે જીવ છે. આમ છતાં પ્રાણો તો પુદ્ગલદ્રવ્યોથી નિષ્પન્ન છે.।।૧૪૭।।

હવે પ્રાણોનું પૌદ્ગલિકપણું સિદ્ધ કરે છે :—

મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણનો,
જીવ કર્મફળ-ઉપભોગ કરતાં, બંધ પામે કર્મનો. ૧૪૮.

**અન્વયાર્થ** :—મોહાદિક કર્મો વડે બંધાયો હોવાને લીધે જીવ પ્રાણોથી સંયુક્ત થયો થકો કર્મફળને ભોગવતાં અન્ય કર્મો વડે બંધાય છે.।।૧૪૮।।

હવે પ્રાણોને પૌદ્ગલિક કર્મનું કારણપણું (અર્થાત્ પ્રાણો પૌદ્ગલિક કર્મના કારણ કઈ રીતે છે તે) પ્રગટ કરે છે :—

જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,
તો બંધ જ્ઞાનાવરણ-આદિક કર્મનો તે થાય છે. ૧૪૯.

**અન્વયાર્થ** :—જો જીવ મોહ અને દ્વેષ વડે જીવોના (-

સ્વજીવના તથા પરજીવના) પ્રાણોને બાધા કરે છે, તો પૂર્વે કહેલો જ્ઞાનાવરણાદિક કર્મો વડે બંધ થાય છે.।।૧૪૯।।

હવે પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની (-પ્રવાહની, પરંપરાની) પ્રવૃત્તિનો અંતરંગ હેતુ સૂત્ર દ્વારા કહે છે :—

કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,
મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. ૧૫૦.

**અન્વયાર્થ** :—જ્યાં સુધી દેહપ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે.।।૧૫૦।।

હવે પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ સમજાવે છે :—

કરી ઇન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને—ઉપયોગને,
તે કર્મથી રંજિત નહીં; ક્યમ પ્રાણ તેને અનુસરે? ૧૫૧.

**અન્વયાર્થ** :—જે ઇન્દ્રિયાદિનો વિજયી થઈને ઉપયોગમાત્ર આત્માને ધ્યાવે છે, તે કર્મો વડે રંજિત થતો નથી; તેને પ્રાણો કઈ રીતે અનુસરે? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી.)।।૧૫૧।।

હવે ફરીને પણ, આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે, વ્યવહારજીવત્વના હેતુ એવા જે ગતિવિશિષ્ટ (દેવ-મનુષ્યાદિ) પર્યાયો તેમનું સ્વરૂપ વર્ણવે છે :—

અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થે ઊપજતો
જે અર્થ તે પર્યાય છે, જ્યાં ભેદ સંસ્થાનાદિનો. ૧૫૨.

**અન્વયાર્થ** :—અસ્તિત્વથી નિશ્ચિત અર્થનો (દ્રવ્યનો) અન્ય અર્થમાં (-દ્રવ્યમાં) ઊપજતો જે અર્થ (-ભાવ) તે પર્યાય છે—કે જે સંસ્થાનાદિ ભેદો સહિત હોય છે.।।૧૫૨।।

હવે પર્યાયના ભેદ દર્શાવે છે :—

તિર્યંચ, નારક, દેવ, નર—એ નામકર્મોદય વડે
છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩.

**અન્વયાર્થ** :—મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવ—એ, નામકર્મના ઉદયાદિકને લીધે જીવોના પર્યાય છે—કે જેઓ સંસ્થાનાદિ વડે અન્ય અન્ય પ્રકારના હોય છે.।।૧૫૩।।

હવે, આત્માનું અન્ય દ્રવ્ય સાથે સંયુક્તપણું હોવા છતાં, અર્થ-નિશ્ચાયક અસ્તિત્વને સ્વ-પરના વિભાગના હેતુ તરીકે સમજાવે છે :—

અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને
જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪.

**અન્વયાર્થ** :—જે જીવ તે (પૂર્વોક્ત) અસ્તિત્વનિષ્પન્ન, ત્રણ પ્રકારે કહેલા, ભેદોવાળા દ્રવ્યસ્વભાવને જાણે છે, તે અન્ય દ્રવ્યમાં મોહ પામતો નથી. ।।૧૫૪।।

હવે આત્માને અત્યંત વિભક્ત કરવા માટે પરદ્રવ્યના સંયોગના કારણનું સ્વરૂપ વિચારે છે :—

છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.

**અન્વયાર્થ** :—આત્મા ઉપયોગાત્મક છે; ઉપયોગ જ્ઞાન-દર્શન કહેલ છે; અને આત્માનો તે ઉપયોગ શુભ અથવા અશુભ હોય છે.।।૧૫૫।।

હવે આમાં કયો ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે તે કહે છે :—

ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,
ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહીં. ૧૫૬.

**અન્વયાર્થ** :—ઉપયોગ જો શુભ હોય તો જીવને પુણ્ય સંચય પામે છે અને જો અશુભ હોય તો પાપ સંચય પામે છે. તેમના (બન્નેના) અભાવમાં સંચય થતો નથી.।।૧૫૬।।

હવે શુભ ઉપયોગનું સ્વરૂપ પ્રરૂપે છે :—

જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને, અણગારને,
જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.

**અન્વયાર્થ** :—જે જિનેંન્દ્રોને જાણે છે, સિદ્ધોને તથા અણગારોને (આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને) શ્રદ્ધે છે, જીવો પ્રત્યે અનુકંપાયુક્ત છે, તેને તે શુભ ઉપયોગ છે.।।૧૫૭।।

હવે અશુભ ઉપયોગનું સ્વરૂપ પ્રરૂપે છે :—

કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,
જે ઉગ્ર ને ઉન્માર્ગ પર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮.

**અન્વયાર્થ** :—જેનો ઉપયોગ વિષય-કષાયમાં અવગાઢ (મગ્ન) છે, કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે, ઉગ્ર છે તથા ઉન્માર્ગમાં લાગેલો છે, તેને તે અશુભ ઉપયોગ છે.।।૧૫૮।।

હવે પરદ્રવ્યના સંયોગનું જે કારણ (અશુદ્ધ ઉપયોગ) તેના વિનાશને અભ્યાસે છે :—

મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને
શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯.

**અન્વયાર્થ** :—અન્ય દ્રવ્યમાં મધ્યસ્થ થતો હું અશુભોપયોગ રહિત થયો થકો તેમ જ શુભોપયુક્ત નહિ થયો થકો જ્ઞાનાત્મક આત્માને ધ્યાઉં છું.।।૧૫૯।।

હવે શરીરાદિ પરદ્રવ્ય પ્રત્યે પણ મધ્યસ્થપણું પ્રગટ કરે છે :—

હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.

**અન્વયાર્થ** :—હું દેહ નથી, મન નથી, તેમ જ વાણી નથી; તેમનું કારણ નથી, કર્તા નથી, કારયિતા (કરાવનાર) નથી, કર્તાનો અનુમોદક નથી.॥૧૬૦॥

હવે શરીર, વાણી અને મનનું પરદ્રવ્યપણું નક્કી કરે છે :—

મન, વાણી તેમ જ દેહ પુદ્ગલદ્રવ્યરૂપ નિર્દિષ્ટ છે;
ને તેહ પુદ્ગલદ્રવ્ય બહુ પરમાણુઓનો પિંડ છે. ૧૬૧.

**અન્વયાર્થ** :—દેહ, મન અને વાણી પુદ્ગલદ્રવ્યાત્મક (વીતરાગદેવે) કહ્યાં છે; અને તે દેહાદિ પુદ્ગલદ્રવ્ય પરમાણુદ્રવ્યોનો પિંડ છે.॥૧૬૧॥

હવે આત્માને પરદ્રવ્યપણાનો અભાવ અને પરદ્રવ્યના કર્તાપણાનો અભાવ સિદ્ધ કરે છે :—

હું પૌદ્ગલિક નથી, પુદ્ગલો મેં પિંડરૂપ કર્યાં નથી;
તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી. ૧૬૨.

**અન્વયાર્થ** :—હું પુદ્ગલમય નથી અને તે પુદ્ગલો મેં પિંડરૂપ કર્યાં નથી; તેથી હું દેહ નથી તેમ જ તે દેહનો કર્તા નથી.॥૧૬૨॥

હવે 'પરમાણુદ્રવ્યોને પિંડપર્યાયરૂપ પરિણતિ કઈ રીતે થાય છે' એવા સંદેહને દૂર કરે છે :—

પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,
તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.

**અન્વયાર્થ** :—પરમાણુ કે જે અપ્રદેશ છે, પ્રદેશમાત્ર છે અને પોતે અશબ્દ છે, તે સ્નિગ્ધ અથવા રૂક્ષ થયો થકો દ્વિપ્રદેશાદિપણું અનુભવે છે.॥૧૬૩॥

હવે પરમાણુને તે સ્નિગ્ધ-રૂક્ષપણું કેવા પ્રકારનું હોય છે તે કહે છે :—

એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે,
સ્નિગ્ધત્વ વા રૂક્ષત્વ એ પરિણામથી પરમાણુને. ૧૬૪.

**અન્વયાર્થ** :—પરમાણુને પરિણામને લીધે એકથી (—એક અવિભાગ પ્રતિચ્છેદથી) માંડીને એકેક વધતાં અનંતપણાને (—અનંત અવિભાગ પ્રતિચ્છેદપણાને) પામે ત્યાંસુધીનું સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ હોય છે એમ (જિનદેવે) કહ્યું છે.।।૧૬૪।।

હવે કેવાં સ્નિગ્ધ-રૂક્ષત્વથી પિંડપણું થાય છે તે કહે છે :—

હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,
બંધાય જો ગુણદ્વય અધિક; નહીં બંધ હોય જઘન્યનો. ૧૬૫

**અન્વયાર્થ** :—પરમાણુ-પરિણામો, સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો, જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય તો બંધાય છે; જઘન્ય અંશવાળો બંધાતો નથી.।।૧૬૫।।

સહજ ચિદાનંદ.

હવે પરમાણુઓને પિંડપણામાં યથોક્ત હેતુ છે (અર્થાત્ ઉપર કહ્યું તે જ કારણ છે) એમ નક્કી કરે છે :—

ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો;
પંચાંશી અણુ સહ બંધ થાય ત્રયાંશમય રૂક્ષાણુનો. ૧૬૬.

**અન્વયાર્થ** :—સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણુ સાથે બંધ અનુભવે છે; અથવા રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાયો થકો બંધાય છે.ાા૧૬૬ાા

હવે આત્માને પુદ્ગલોના પિંડના કર્તૃત્વનો અભાવ નક્કી કરે છે :—

સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે,
તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭.

**અન્વયાર્થ** :—દ્વિપ્રદેશાદિક સ્કંધો (બેથી માંડીને અનંત પ્રદેશવાળા સ્કંધો)—કે જેઓ સૂક્ષ્મ અથવા બાદર હોય છે અને સંસ્થાનો (આકારો) સહિત હોય છે તેઓ—પૃથ્વી, જળ, તેજ અને વાયુરૂપ પોતાના પરિણામોથી થાય છે.ાા૧૬૭ાા

હવે (જેમ આત્મા પુદ્ગલપિંડનો કરનાર નથી તેમ) આત્મા પુદ્ગલપિંડનો લાવનાર (પણ) નથી એમ નક્કી કરે છે :—

અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્ગલકાયથી
આ લોક બાદર-સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય-અયોગ્યથી. ૧૬૮.

**અન્વયાર્થ** :—લોક સર્વતઃ સૂક્ષ્મ તેમ જ બાદર તથા કર્મત્વને અયોગ્ય તેમ જ કર્મત્વને યોગ્ય પુદ્ગલકાયો (પુદ્ગલસ્કંધો) વડે (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.ાા૧૬૮ાા

હવે આત્મા પુદ્ગલપિંડોને કર્મપણે કરનારો નથી એમ નક્કી કરે છે :—

સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને
કર્મત્વને પામે; નહીં જીવ પરિણમાવે તેમને. ૧૬૯.

**અન્વયાર્થ** :—કર્મપણાને યોગ્ય સ્કંધો જીવની પરિણતિને પામીને કર્મભાવને પામે છે; તેમને જીવ પરિણમાવતો નથી.।।૧૬૯।।

હવે આત્માને કર્મપણે પરિણત પુદ્ગલદ્રવ્યાત્મક શરીરના કર્તૃત્વનો અભાવ નક્કી કરે છે( અર્થાત્ કર્મપણે પરિણમેલું જે પુદ્ગલદ્રવ્ય તે-સ્વરૂપ શરીરનો કર્તા આત્મા નથી એમ નક્કી કરે છે) :—

કર્મત્વપરિણત પુદ્ગલોના સ્કંધ તે તે ફરી ફરી
શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.

**અન્વયાર્થ** :—કર્મપણે પરિણમેલા તે તે પુદ્ગલકાયો દેહાંતરરૂપ ફેરફારને પામીને ફરી ફરીને જીવને શરીરો થાય છે.।।૧૭૦।।

હવે આત્માને શરીરપણાનો અભાવ નક્કી કરે છે :—

જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે,
કાર્મણ-અહારક દેહ જે, તે સર્વ પુદ્ગલરૂપ છે. ૧૭૧.

**અન્વયાર્થ** :—ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, તૈજસ શરીર, આહારક શરીર અને કાર્મણ શરીર—બધાં પુદ્ગલદ્રવ્યાત્મક છે.।।૧૭૧।।

હવે ત્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું છે તે કહે છે :—

છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,
વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.

**અન્વયાર્થ** :—જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ.।।૧૭૨।।

હવે અમૂર્ત એવા આત્માને સ્નિગ્ધ-રૂક્ષપણાનો અભાવ હોવાથી બંધ કઈ રીતે થઈ શકે એવો પૂર્વપક્ષ રજૂ કરે છે :—

અન્યોન્ય સ્પર્શથી બંધ થાય રૂપાદિગુણયુત મૂર્તને;
પણ જીવ મૂર્તિરહિત બાંધે કેમ પુદ્‌ગલકર્મને? ૧૭૩.

**અન્વયાર્થ** :—મૂર્ત (એવાં પુદ્‌ગલ) તો રૂપાદિગુણવાળાં હોવાથી અન્યોન્ય (–પરસ્પર બંધયોગ્ય) સ્પર્શો વડે બંધાય છે; (પરંતુ) તેનાથી વિપરીત (-અમૂર્ત) એવો આત્મા પૌદ્‌ગલિક કર્મ કઈ રીતે બાંધી શકે?।।૧૭૩।।

હવે આત્મા અમૂર્ત હોવા છતાં તેને આ પ્રમાણે બંધ થાય છે એવો સિદ્ધાંત નક્કી કરે છે :—

જે રીત દર્શન-જ્ઞાન થાય રૂપાદિનું—ગુણ-દ્રવ્યનું,
તે રીત બંધન જાણ મૂર્તિરહિતને પણ મૂર્તનું. ૧૭૪.

**અન્વયાર્થ** :—જે રીતે રૂપાદિરહિત (જીવ) રૂપાદિકને—દ્રવ્યોને તથા ગુણોને (રૂપી દ્રવ્યોને તથા તેમના ગુણોને)—દેખે છે અને જાણે છે, તે રીતે તેની સાથે (-અરૂપીને રૂપી સાથે) બંધ જાણ.।।૧૭૪।।

હવે ભાવબંધનું સ્વરૂપ જણાવે છે :—

વિધવિધ વિષયો પામીને ઉપયોગ-આત્મક જીવ જે
પ્રદ્વેષ-રાગ-વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫.

**અન્વયાર્થ** :—જે ઉપયોગમય જીવ વિવિધ વિષયો પામીને મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે, તે જીવ તેમના વડે (-મોહરાગદ્વેષ વડે) બંધરૂપ છે.।।૧૭૫।।

હવે ભાવબંધની યુક્તિ અને દ્રવ્યબંધનું સ્વરૂપ કહે છે :—

જે ભાવથી દેખે અને જાણે વિષયગત અર્થને,
તેનાથી છે ઉપરક્તતા; વળી કર્મબંધન તે વડે. ૧૭૬.

**અન્વયાર્થ** :—જીવ જે ભાવથી વિષયમાં આવેલ પદાર્થને દેખે છે અને જાણે છે, તેનાથી જ ઉપરક્ત થાય છે; વળી તેનાથી જ કર્મ બંધાય છે;—એમ ઉપદેશ છે.।।૧૭૬।।

હવે પુદ્‌ગલબંધનું સ્વરૂપ, જીવબંધનું સ્વરૂપ અને તે બન્નેના બંધનું સ્વરૂપ જણાવે છે :—

રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્‌ગલ તણો,
અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭.

**અન્વયાર્થ** :—સ્પર્શો સાથે પુદ્‌ગલોનો બંધ, રાગાદિક સાથે જીવનો બંધ અને અન્યોન્ય અવગાહ તે પુદ્‌ગલજીવાત્મક બંધ કહેવામાં આવ્યો છે.।।૧૭૭।।

હવે દ્રવ્યબંધનો હેતુ ભાવબંધ છે એમ પ્રગટ કરે છે :—

સપ્રદેશ છે તે જીવ, જીવપ્રદેશમાં આવે અને
પુદ્‌ગલસમૂહ રહે યથોચિત, જાય છે, બંધાય છે. ૧૭૮.

**અન્વયાર્થ** :—તે આત્મા સપ્રદેશ છે; એ પ્રદેશોમાં પુદ્‌ગલસમુહો પ્રવેશે છે, યથાયોગ્ય રહે છે, જાય છે અને બંધાય છે.।।૧૭૮।।

હવે, રાગપરિણામમાત્ર એવો જે ભાવબંધ તે દ્રવ્યબંધનો હેતુ હોવાથી તે જ નિશ્ચયબંધ છે એમ સિદ્ધ કરે છે :—

જીવ રક્ત બાંધે કર્મ, રાગ રહિત જીવ મુકાય છે;
—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય જાણજે. ૧૭૯.

**અન્વયાર્થ** :—રાગી આત્મા કર્મ બાંધે છે, રાગ રહિત આત્મા કર્મથી મુકાય છે;—આ, જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી જાણ.।।૧૭૯।।

હવે પરિણામનું દ્રવ્યબંધના સાધકતમ રાગથી વિશિષ્ટપણું સવિશેષ પ્રગટ કરે છે (અર્થાત્ પરિણામ દ્રવ્યબંધના ઉત્કૃષ્ટ હેતુભૂત રાગથી વિશેષતાવાળો હોય છે એમ ભેદો સહિત પ્રગટ કરે છે) :—

પરિણામથી છે બંધ, રાગ-વિમોહ-દ્વેષથી યુક્ત જે;
છે મોહ-દ્વેષ અશુભ, રાગ અશુભ વા શુભ હોય છે. ૧૮૦.

**અન્વયાર્થ** :—પરિણામથી બંધ છે, (જે) પરિણામ રાગ-દ્વેષ-મોહયુક્ત છે. (તેમાં) મોહ અને દ્વેષ અશુભ છે, રાગ શુભ અથવા અશુભ હોય છે.II૧૮૦II

હવે વિશિષ્ટ પરિણામના ભેદને તથા અવિશિષ્ટ પરિણામને, કારણમાં કાર્યનો ઉપચાર કરીને કાર્યપણે દર્શાવે છે :—

પર માંહી શુભ પરિણામ પુણ્ય, અશુભ પરમાં પાપ છે;
નિજદ્રવ્યગત પરિણામ સમયે દુઃખક્ષયનો હેતુ છે. ૧૮૧.

**અન્વયાર્થ** :—પર પ્રત્યે શુભ પરિણામ પુણ્ય છે અને (પર પ્રત્યે) અશુભ પરિણામ પાપ છે એમ કહ્યું છે; પર પ્રત્યે નહિ પ્રવર્તતો એવો પરિણામ સમયે દુઃખક્ષયનું કારણ છે.II૧૮૧II

હવે જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ અને પરદ્રવ્યથી નિવૃત્તિની સિદ્ધિને માટે સ્વપરનો વિભાગ દર્શાવે છે :—

સ્થાવર અને ત્રસ પૃથ્વીઆદિક જીવકાય કહેલ જે,
તે જીવથી છે અન્ય તેમ જ જીવ તેથી અન્ય છે. ૧૮૨.

**અન્વયાર્થ** :—હવે સ્થાવર અને ત્રસ એવા જે પૃથ્વીઆદિક જીવનિકાયો કહેવામાં આવ્યા છે, તે જીવથી અન્ય છે અને જીવ પણ તેમનાથી અન્ય છે.

હવે જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વપરના વિભાગનું જ્ઞાન છે અને પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વ-પરના વિભાગનું અજ્ઞાન છે એમ નક્કી કરે છે :—

પરને સ્વને નહિ જાણતો એ રીત પામી સ્વભાવને,
તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે. ૧૮૩.

**અન્વયાર્થ** :—જે એ રીતે સ્વભાવને પામીને (જીવપુદ્‌ગલના સ્વભાવને નક્કી કરીને) પરને અને સ્વને જાણતો નથી, તે મોહથી ' આ

હું છું, આ મારું છે’ એમ અધ્યવસાન કરે છે.।।૧૮૩।।

હવે આત્માનું કર્મ શું છે તેનું નિરૂપણ કરે છે :—

નિજ ભાવ કરતો જીવ છે કર્તા ખરે નિજ ભાવનો;
પણ તે નથી કર્તા સકલ પુદ્‌ગલદરવમય ભાવનો. ૧૮૪.

**અન્વયાર્થ** :—પોતાના ભાવને કરતો થકો આત્મા ખરેખર પોતાના ભાવનો કર્તા છે; પરંતુ પુદ્‌ગલદ્રવ્યમય સર્વ ભાવોનો કર્તા નથી.।।૧૮૪।।

હવે, ‘પુદ્‌ગલપરિણામ આત્માનું કર્મ કેમ નથી’—એવા સંદેહને દૂર કરે છે :—

જીવ સર્વ કાળે પુદ્‌ગલોની મધ્યમાં વર્તે ભલે,
પણ નવ ગ્રહે, ન તજે, કરે નહિ જીવ પુદ્‌ગલકર્મને. ૧૮૫.

**અન્વયાર્થ** :—જીવ સર્વ કાળે પુદ્‌ગલની મધ્યમાં રહેતો હોવા છતાં પણ પૌદ્‌ગલિક કર્મોને ખરેખર ગ્રહતો નથી, છોડતો નથી, કરતો નથી.।।૧૮૫।।

ત્યારે (જો આત્મા પુદ્‌ગલોને કર્મપણે પરિણમાવતો નથી તો પછી) આત્મા કઈ રીતે પુદ્‌ગલકર્મો વડે ગ્રહાય છે અને મુકાય છે તેનું હવે નિરૂપણ કરે છે :—

તે હાલ દ્રવ્યજનિત નિજ પરિણામનો કર્તા બને,
તેથી ગ્રહાય અને કદાપિ મુકાય છે કર્મો વડે. ૧૮૬.

**અન્વયાર્થ** :—તે હમણાં (સંસારાવસ્થામાં) દ્રવ્યથી (આત્મ-દ્રવ્યથી) ઉત્પન્ન થતા (અશુદ્ધ) સ્વપરિણામનો કર્તા થતો થકો કર્મરજ વડે ગ્રહાય છે અને કદાચિત્ મુકાય છે.।।૧૮૬।।

હવે પુદ્‌ગલકર્મોના વૈચિત્ર્યને (—જ્ઞાનાવરણ, દર્શનાવરણ ઈત્યાદિ અનેકપ્રકારતાને) કોણ કરે છે તેનું નિરૂપણ કરે છે :—

જીવ રાગ-દ્વેષથી યુક્ત જ્યારે પરિણમે શુભ-અશુભમાં,
જ્ઞાનાવરણઈત્યાદિભાવે કર્મધૂલિ પ્રવેશ ત્યાં. ૧૮૭.

**અન્વયાર્થ** :—જ્યારે આત્મા રાગદ્વેષયુક્ત થયો થકો શુભ અને અશુભમાં પરિણમે છે, ત્યારે કર્મરજ જ્ઞાનાવરણાદિભાવે તેનામાં પ્રવેશે છે.।।૧૮૭।।

હવે એકલો જ આત્મા બંધ છે એમ સમજાવે છે :—

સપ્રદેશ જીવ સમયે કષાયિત મોહરાગાદિ વડે,
સંબંધ પામી કર્મરજનો, બંધરૂપ કથાય છે. ૧૮૮.

**અન્વયાર્થ** :—સપ્રદેશ એવો તે આત્મા સમયે મોહ-રાગ-દ્વેષ વડે કષાયિત થવાથી કર્મરજ વડે શ્લિષ્ટ થયો થકો (અર્થાત્ જેને કર્મરજ વળગી છે એવો થયો થકો) 'બંધ' કહેવામાં આવ્યો છે.।।૧૮૮।।

હવે નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ દર્શાવે છે :—

—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો
અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.

**અન્વયાર્થ** :—આ (પૂર્વોક્ત રીતે), જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી અર્હંતદેવોએ યતિઓને કહ્યો છે; વ્યવહાર અન્ય રીતે કહ્યો છે.।।૧૮૯।।

હવે અશુદ્ધનયથી અશુદ્ધ આત્માની પ્રાપ્તિ જ થાય છે એમ કહે છે :—

'હું આ અને આ મારું' એ મમતા ન દેહ-ધને તજે,
તે છોડી જીવ શ્રામણ્યને ઉન્માર્ગનો આશ્રય કરે. ૧૯૦.

**અન્વયાર્થ** :—જે દેહ-ધનાદિકમાં 'હું આ છું અને આ મારું છે' એવી મમતા છોડતો નથી, તે શ્રામણ્યને છોડીને ઉન્માર્ગનો આશ્રય કરે છે.।।૧૯૦।।

હવે શુદ્ધનયથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ જ થાય છે એમ નક્કી કરે છે :—

હું પર તણો નહિ, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું
—જે એમ ધ્યાવે, ધ્યાનકાળે તેહ શુદ્ધાત્મા બને. ૧૯૧.

**અન્વયાર્થ** :—‘ હું પરનો નથી, પર મારાં નથી, હું એક જ્ઞાન છું’ એમ જે ધ્યાવે છે, તે ધ્યાતા ધ્યાનકાળે આત્મા અર્થાત્ શુદ્ધાત્મા થાય છે.।।૧૯૧।।

હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—

એ રીત દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,
માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ ધ્રુવ છે. ૧૯૨.

**અન્વયાર્થ** :—હું આત્માને એ રીતે જ્ઞાનાત્મક, દર્શનભૂત, અતીન્દ્રિય મહા પદાર્થ, ધ્રુવ, અચળ, નિરાલંબ અને શુદ્ધ માનું છું.।।૧૯૨।।

હવે, અધ્રુવપણાને લીધે આત્મા સિવાય બીજું કાંઈ ઉપલબ્ધ કરવાયોગ્ય નથી એમ ઉપદેશે છે :—

લક્ષ્મી, શરીર, સુખદુઃખ અથવા શત્રુમિત્ર જનો અરે!
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે. ૧૯૩.

**અન્વયાર્થ** :—શરીરો, ધન, સુખદુઃખ અથવા શત્રુમિત્રજનો—એ કાંઈ જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો ઉપયોગાત્મક આત્મા છે.।।૧૯૩।।

હવે, એ રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી શું થાય છે તે નિરૂપે છે :—

—આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્મને,
સાકાર અણ-આકાર હો, તે મોહગ્રંથિ ક્ષય કરે. ૧૯૪.

**અન્વયાર્થ** :—જે આમ જાણીને વિશુદ્ધાત્મા થયો થકો પરમ આત્માને ધ્યાવે છે, તે સાકાર હો કે અનાકાર હો—મોહદુર્ગ્રંથિને ક્ષય કરે છે.।।૧૯૪।।

હવે, મોહગ્રંથિ ભેદાવાથી શું થાય છે તે કહે છે :—

હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે
જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.

**અન્વયાર્થ** :—જે મોહગ્રંથિને નષ્ટ કરી, રાગ-દ્વેષનો ક્ષય કરી, સમસુખદુઃખ થયો થકો શ્રામણ્યમાં (મુનિપણામાં) પરિણમે છે, તે અક્ષય સૌખ્યને પ્રાપ્ત કરે છે.ાા૧૯૫ાા

હવે, એકાગ્ર સંચેતન જેનું લક્ષણ છે એવું ધ્યાન આત્માને અશુદ્ધતા લાવતું નથી એમ નક્કી કરે છે :—

જે મોહમળ કરી નષ્ટ, વિષયવિરક્ત થઈ, મન રોકીને,
આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૧૯૬.

**અન્વયાર્થ** :—જે મોહમળનો ક્ષય કરી, વિષયથી વિરક્ત થઈ, મનનો નિરોધ કરી, સ્વભાવમાં સમવસ્થિત છે, તે આત્મા ધ્યાનાર છે.ાા૧૯૬ાા

હવે જેમણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે એવા સકળજ્ઞાની (સર્વજ્ઞ) શું ધ્યાવે છે એવો પ્રશ્ન સૂત્ર દ્વારા કરે છે :—

શા અર્થને ધ્યાવે શ્રમણ, જે નષ્ટઘાતિકર્મ છે,
પ્રત્યક્ષસર્વપદાર્થ ને જ્ઞેયાન્તપ્રાપ્ત, નિઃશંક છે? ૧૯૭.

**અન્વયાર્થ** :—જેમણે ઘનઘાતિકર્મનો નાશ કર્યો છે, જે સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે અને જે જ્ઞેયના પારને પામેલા છે એવા સન્દેહ રહિત શ્રમણ કયા પદાર્થને ધ્યાવે છે?ાા૧૯૭ાા

હવે, જેણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે તે સકળજ્ઞાની (સર્વજ્ઞ આત્મા) આને (પરમ સૌખ્યને) ધ્યાવે છે એમ સૂત્ર દ્વારા (પૂર્વની ગાથાના પ્રશ્નનો) ઉત્તર કહે છે :—

બાધા રહિત, સકલાત્મમાં સંપૂર્ણસુખજ્ઞાનાઢ્ય જે,
ઈન્દ્રિય-અતીત અનિન્દ્રિ તે ધ્યાવે પરમ આનંદને. ૧૯૮.

**અન્વયાર્થ** :—અનિન્દ્રિય અને ઈન્દ્રિયાતીત થયેલો આત્મા સર્વ

બાધા રહિત અને આખા આત્મામાં સમંત (સર્વ પ્રકારનાં, પરિપૂર્ણ) સૌખ્ય તેમ જ જ્ઞાનથી સમૃદ્ધ વર્તતો થકો પરમ સૌખ્યને ધ્યાવે છે.।।૧૯૮।।

હવે 'આ જ (પૂર્વે કહ્યો તે જ), શુદ્ધ આત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવો મોક્ષનો માર્ગ છે' એમ નક્કી કરે છે :—

શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને
સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯.

**અન્વયાર્થ** :—જિનો, જિનેંદ્રો અને શ્રમણો (અર્થાત્ સામાન્ય કેવળીઓ, તીર્થંકરો અને મુનિઓ) આ રીતે (પૂર્વે કહેલી રીતે જ) માર્ગમાં આરૂઢ થયા થકા સિદ્ધ થયા. નમસ્કાર હો તેમને અને તે નિર્વાણમાર્ગને.।।૧૯૯।।

હવે, 'સામ્યને પ્રાપ્ત કરું છું' એવી (પાંચમી ગાથામાં કરેલી) પૂર્વ પ્રતિજ્ઞાનું નિર્વહણ કરતા થકા (આચાર્યભગવાન) પોતે પણ મોક્ષમાર્ગભૂત શુદ્ધાત્મપ્રવૃત્તિ કરે છે :—

એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,
નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.

**અન્વયાર્થ** :—તેથી (અર્થાત્ શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ વડે જ મોક્ષ થતો હોવાથી) એ રીતે આત્માને સ્વભાવથી જ્ઞાયક જાણીને હું નિર્મમત્વમાં સ્થિત રહ્યો થકો મમતાનો પરિત્યાગ કરું છું.।।૨૦૦।।

આમ (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રમાં જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

# ચરણાનુયોગસૂચક ચૂલિકા

ત્રીજા શ્રુતસ્કંધનું નામ ચરણાનુયોગસૂચક ચૂલિકા છે. શુભોપયોગી મુનિને અંતરંગ દશાને અનુરૂપ કેવા પ્રકારનો શુભોપયોગ વર્તે છે અને સાથે સાથે સહજપણે બહારની કેવી ક્રિયાઓ સ્વયં વર્તતી હોય છે તે આમાં જિનેન્દ્રકથન અનુસાર સમજાવવામાં આવ્યું છે. દીક્ષા ગ્રહણ કરવાની જિનોક્ત વિધિ, અંતરંગ સહજદશાને અનુરૂપ બહિરંગ યથાજાતરૂપપણું, ૨૮ મૂળગુણ, અંતરંગ-બહિરંગ છેદ, ઉપધિનિષેધ, ઉત્સર્ગ-અપવાદ, યુક્તાહારવિહાર, એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ, મુનિનું અન્ય મુનિઓ પ્રત્યેનું વર્તન વગેરે અનેક વિષયો આમાં યુક્તિ સહિત સમજાવવામાં આવ્યા છે. ગ્રંથકાર અને ટીકાકાર આચાર્યયુગલે ચરણાનુયોગ જેવા વિષયનું પણ, આત્મદ્રવ્યને મુખ્ય રાખીને, શુદ્ધદ્રવ્યાવલંબી અંતરંગ દશા સાથે તે તે ક્રિયાઓનો અથવા શુભ ભાવોનો સંબંધ દર્શાવતાં દર્શાવતાં, નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક એવી ચમત્કૃતિથી વર્ણન કર્યું છે કે આચરણપ્રજ્ઞાપન જેવા અધિકારમાં પણ જાણે કે કોઈ શાંતરસઝરતું અધ્યાત્મગીત ગવાઈ રહ્યું હોય એમ જ લાગ્યા કરે છે. આત્મદ્રવ્યને મુખ્ય રાખીને આવું મધુર, આવું સયુક્તિક, આવું પ્રમાણભૂત, સાદ્યંત શાંતરસનિર્ઝરતું ચરણાનુયોગનું પ્રતિપાદન અન્ય કોઈ શાસ્ત્રને વિષે નથી. હૃદયમાં ભરેલા અનુભવામૃતમાં રગદોળાઈને નીકળતી બન્ને આચાર્યદેવોની વાણીમાં કોઈ એવો ચમત્કાર છે કે જે જે વિષયને તે સ્પર્શે તે તે વિષયને પરમ રસમય, શીતળ શીતળ, સુધાસ્યંદી બનાવી દે છે.

❁

## ચરણાનુયોગસૂચક ચૂલિકા

હવે બીજાઓને ચરણાનુયોગ સૂચવનારી ચૂલિકા છે.

[હવે આ અધિકારની ગાથા શરૂ કરવામાં આવે છે :]

એ રીત પ્રણમી સિદ્ધ, જિનવરવૃષભ, મુનિને ફરી ફરી,
શ્રામણ્ય અંગીકૃત કરો, અભિલાષ જો દુખમુક્તિની. ૨૦૧.

**અન્વયાર્થ** :—જો દુઃખથી પરિમુક્ત થવાની ઈચ્છા હોય તો, પૂર્વોક્ત રીતે (જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપનની પહેલી ત્રણ ગાથાઓ પ્રમાણે) ફરી ફરીને સિદ્ધોને, જિનવરવૃષભોને (-અર્હંતોને) તથા શ્રમણોને પ્રણમીને, (જીવ) શ્રામણ્યને અંગીકાર કરો.।।૨૦૧।।

હવે શ્રમણ થવા ઈચ્છનાર પહેલાં શું શું કરે છે તે ઉપદેશે છે :—

બંધુજનોની વિદાય લઈ, સ્ત્રી-પુત્ર-વડીલોથી છૂટી,
દગ-જ્ઞાન-તપ-ચારિત્ર-વીર્યાચાર અંગીકૃત કરી. ૨૦૨.

**અન્વયાર્થ** :—(શ્રામણ્યાર્થી) બંધુવર્ગની વિદાય લઈને, વડીલો, સ્ત્રી અને પુત્રથી મુક્ત કરવામાં આવ્યો થકો, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને અંગીકાર કરીને...।।૨૦૨।।

પછી તે કેવો થાય છે તે હવે ઉપદેશે છે :—

'મુજને ગ્રહો' કહી, પ્રણત થઈ, અનુગૃહીત થાય ગણી વડે,
—વયરૂપકુલવિશિષ્ટ, યોગી, ગુણાઢ્ય ને મુનિ-ઈષ્ટ જે. ૨૦૩.

**અન્વયાર્થ** :—જે શ્રમણ છે, ગુણાઢ્ય છે, કુળ, રૂપ તથા વયથી વિશિષ્ટ છે અને શ્રમણોને અતિ ઈષ્ટ છે એવા ગણીને 'મારો સ્વીકાર કરો' એમ કહીને પ્રણત થાય છે (–પ્રણામ કરે છે) અને અનુગૃહીત થાય છે.।।૨૦૩।।

વળી ત્યાર પછી તે કેવો થાય છે તે હવે ઉપદેશે છે :—

પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,
—એ રીત નિશ્ચિત ને જિતેન્દ્રિય સાહજિકરૂપધર બને. ૨૦૪.

**અન્વયાર્થ** :—હું પરનો નથી, પર મારાં નથી, આ લોકમાં મારું કાંઈ પણ નથી—આવા નિશ્ચયવાળો અને જિતેંદ્રિય વર્તતો થકો તે યથાજાતરૂપધર (સહજરૂપધારી) થાય છે.॥૨૦૪॥

હવે, અનાદિ સંસારથી અનભ્યસ્ત હોવાથી જે અત્યંત અપ્રસિદ્ધ છે એવા આ યથાજાતરૂપપણાનાં બહિરંગ અને અંતરંગ બે લિંગોનો—કે જેઓ અભિનવ અભ્યાસમાં કુશળતા વડે ઉપલબ્ધ થતી સિદ્ધિનાં સૂચક છે તેમનો—ઉપદેશ કરે છે :—

જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વ ને
હિંસાદિથી શૂન્યત્વ, દેહ-અસંસ્કરણ—એ લિંગ છે. ૨૦૫.
આરંભમૂર્છાશૂન્યતા, ઉપયોગયોગવિશુદ્ધતા,
નિરપેક્ષતા પરથી,—જિનોદિત મોક્ષકારણ લિંગ આ. ૨૦૬.

**અન્વયાર્થ** :—જન્મસમયના રૂપ જેવા રૂપવાળું, માથાના અને દાઢીમૂછના વાળનો લોચ કરાયેલું, શુદ્ધ (અકિંચન), હિંસાદિથી રહિત અને પ્રતિકર્મ (શરીરની સજાવટ) વિનાનું—એવું (શ્રામણ્યનું બહિરંગ) લિંગ છે.

મૂર્છા (મમત્વ) અને આરંભ રહિત, ઉપયોગની અને યોગની શુદ્ધિથી યુક્ત તથા પરની અપેક્ષા વિનાનું—એવું જિનદેવે કહેલું (શ્રામણ્યનું અંતરંગ) લિંગ છે કે જે મોક્ષનું કારણ છે.॥૨૦૫-૨૦૬॥

હવે (શ્રામણ્યાર્થી) આ બન્ને લિંગને ગ્રહીને અને આ આ (–આટલું આટલું) કરીને શ્રમણ થાય છે—એમ ભવતિક્રિયાને વિષે, બંધુવર્ગની વિદાય લેવારૂપ ક્રિયાથી માંડીને બાકીની બધી ક્રિયાઓનો એક કર્તા દર્શાવતાં, આટલાથી (અર્થાત્ આટલું કરવાથી) શ્રામણ્યની પ્રાપ્તિ થાય છે એમ ઉપદેશે છે :—

ગ્રહી પરમગુરુ-દીધેલ લિંગ, નમસ્કરણ કરી તેમને,
વ્રત ને ક્રિયા સુણી, થઈ ઉપસ્થિત, થાય છે મુનિરાજ એ. ૨૦૭

**અન્વયાર્થ** :—પરમ ગુરુ વડે દેવામાં આવેલાં તે બન્ને લિંગને ગ્રહીને, તેમને નમસ્કાર કરીને, વ્રત સહિત ક્રિયાને સાંભળીને ઉપસ્થિત (આત્માની સમીપ સ્થિત) થયો થકો તે શ્રમણ થાય છે.||૨૦૭||

અવિચ્છિન્ન સામાયિકમાં આરૂઢ થયો હોવા છતાં શ્રમણ કદાચિત્ છેદોપસ્થાનપનને યોગ્ય છે એમ હવે ઉપદેશે છે :—

વ્રત, સમિતિ, લુંચન, આવશ્યક, અણચેલ, ઈન્દ્રિયરોધનં,
નહિ સ્નાન-દાતણ, એક ભોજન, ભૂશયન, સ્થિતિભોજનં, ૨૦૮.

—આ મૂળગુણ શ્રમણો તણા જિનદેવથી પ્રજ્ઞપ્ત છે,
તેમાં પ્રમત્ત થતાં શ્રમણ છેદોપસ્થાપક થાય છે. ૨૦૯.

**અન્વયાર્થ** :—વ્રત, સમિતિ, ઈન્દ્રિયરોધ, લોચ, આવશ્યક, અચેલપણું અસ્નાન, ક્ષિતિશયન, અદંતધાવન, ઊભાં ઊભાં ભોજન અને એક વખત આહાર—આ ખરેખર શ્રમણોના મૂળગુણો જિનવરોએ કહ્યા છે; તેમાં પ્રમત્ત થયો થકો શ્રમણ છેદોપસ્થાપક થાય છે.||૨૦૮-૨૦૯||

હવે આને (શ્રમણને) પ્રવ્રજ્યાદાયકની માફક છેદોપસ્થાપક પર પણ હોય છે એમ, આચાર્યના ભેદો જણાવવા દ્વારા, ઉપદેશે છે :—

જે લિંગગ્રહણે સાધુપદ દેનાર તે ગુરુ જાણવા;
છેદદ્વયે સ્થાપન કરે તે શેષ મુનિ નિર્યાપકા. ૨૧૦.

**અન્વયાર્થ** :—લિંગગ્રહણ વખતે જે પ્રવ્રજ્યાદાયક (દીક્ષા દેનાર) છે તે તેમના ગુરુ છે અને જે છેદદ્વયે ઉપસ્થાપક છે [એટલે કે (૧) જે ભેદોમાં સ્થાપિત કરે છે તેમ જ (૨) જે સંયમમાં છેદ થતાં ફરી સ્થાપિત કરે છે] તે શેષ શ્રમણો નિર્યાપક છે.||૨૧૦||

હવે છિન્ન સંયમના પ્રતિસંધાનની વિધિ ઉપદેશે છે :—

જો છેદ થાય પ્રયત્ન સહ કૃ ત કાયની ચેષ્ટા વિષે,
આલોચનાપૂર્વક ક્રિયા કર્તવ્ય છે તે સાધુને. ૨૧૧.
છેદોપયુક્ત મુનિ, શ્રમણ વ્યવહારવિજ્ઞ કને જઈ,
નિજ દોષ આલોચન કરી, શ્રમણોપદિષ્ટ કરે વિધિ. ૨૧૨.

**અન્વયાર્થ** :—જો શ્રમણને પ્રયત્નપૂર્વક કરવામાં આવતી કાયચેષ્ટાને વિષે છેદ થાય છે તો તેણે તો આલોચનપૂર્વક ક્રિયા કરવી જોઈએ.

(પરંતુ) જો શ્રમણ છેદમાં ઉપયુક્ત થયો હોય તો તેણે જિનમતને વિષે વ્યવહારકુશળ શ્રમણ પાસે જઈને, આલોચન કરીને (-પોતાના દોષનું નિવેદન કરીને), તેઓ જે ઉપદેશે તે કરવું જોઈએ.॥૨૧૧-૨૧૨॥

હવે, શ્રામણ્યના છેદનાં આયતનો હોવાથી ૨પરદ્રવ્ય-પ્રતિબંધો નિષેધવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—

પ્રતિબંધ પરિત્યાગી સદા અધિવાસ અગર વિવાસમાં,
મુનિરાજ વિહરો સર્વદા થઈ છેદહીન શ્રામણ્યમાં. ૨૧૩.

**અન્વયાર્થ** :—અધિવાસમાં વસતાં (આત્મવાસમાં અથવા ગુરુઓના સહવાસમાં વસતાં) કે વિવાસમાં વસતાં (ગુરુઓથી ભિન્ન વાસમાં વસતાં), સદા (પરદ્રવ્યને વિષે) પ્રતિબંધો પરિહરતો થકો શ્રામણ્યને વિષે છેદવિહીન થઈને શ્રમણ વિહરો.॥૨૧૩॥

હવે, શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન હોવાથી સ્વદ્રવ્યમાં જ પ્રતિબંધ (સંબંધ, લીનતા) કરવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—

જે શ્રમણ જ્ઞાન-દ્રગાદિકે પ્રતિબદ્ધ વિચરે સર્વદા,
ને પ્રયત મૂળગુણો વિષે, શ્રામણ્ય છે પરિપૂર્ણ ત્યાં. ૨૧૪.

**અન્વયાર્થ** :—જે શ્રમણ સદા જ્ઞાનમાં અને દર્શનાદિકમાં પ્રતિબદ્ધ તથા મૂળગુણોમાં પ્રયત (પ્રયત્નશીલ) વિચરે છે, તે પરિપૂર્ણ શ્રામણ્યવાળો છે.॥૨૧૪॥

હવે, મુનિજનને નજીકનો ઉસૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ પણ, શ્રામણ્યના છેદનું આયતન હોવાથી, નિષેધ્ય છે એમ ઉપદેશે છે :—

મુનિ ક્ષપણ માંહી, નિવાસસ્થાન, વિહાર વા ભોજન મહીં,
ઉપધિ-શ્રમણ-વિકથા મહીં પ્રતિબંધને ઈચ્છે નહીં. ૨૧૫.

**અન્વયાર્થ** :—મુનિ આહારમાં, ક્ષપણમાં (ઉપવાસમાં), આવસથમાં (નિવાસસ્થાનમાં), વિહારમાં, ઉપધિમાં (પરિગ્રહમાં), શ્રમણમાં (અન્ય મુનિમાં) અથવા વિકથામાં પ્રતિબંધ ઈચ્છતો નથી.॥૨૧૫॥

હવે છેદ શું છે (અર્થાત્ કોને છેદ કહેવામાં આવે છે) તે ઉપદેશે છે :—

આસન-શયન-ગમનાદિકે ચર્યા પ્રયત્નવિહીન જે,
તે જાણવી હિંસા સદા સંતાનવાહિની શ્રમણને. ૨૧૬.

**અન્વયાર્થ** :—શ્રમણને શયન, આસન (બેસવું), સ્થાન (ઊભા રહેવું), ગમન ઈત્યાદિમાં જે અપ્રયત ચર્યા તે સર્વ કાળે સતત હિંસા માનવામાં આવી છે.॥૨૧૬॥

હવે છેદના અંતરંગ અને બહિરંગ એવા બે પ્રકાર ઉપદેશે છે :—

જીવો-મરો જીવ, યત્નહીન આચાર ત્યાં હિંસા નક્કી;
સમિતિ-પ્રયત્નસહિતને નહિ બંધ હિંસામાત્રથી. ૨૧૭.

**અન્વયાર્થ** :—જીવ મરો કે જીવો, અપ્રયત આચારવાળાને (અંતરંગ) હિંસા નિશ્ચિત છે; પ્રયતને, સમિતિવંતને (બહિરંગ) હિંસામાત્રથી બંધ નથી.॥૨૧૭॥

હવે, સર્વથા અંતરંગ છેદ નિષેધ્ય—ત્યાજ્ય છે એમ ઉપદેશે છે :

મુનિ યત્નહીન આચારવંત છ કાયનો હિંસક કહ્યો;
જલકમલવત્ નિર્લેપ ભાખ્યો, નિત્ય યત્નસહિત જો. ૨૧૮.

**અન્વયાર્થ** :—અપ્રયત આચારવાળો શ્રમણ છયે કાય સંબંધી

વધનો કરનાર માનવામાં–કહેવામાં આવ્યો છે; જો સદા પ્રયતપણે આચરણ કરે તો જળમાં કમળની માફક નિર્લેપ કહેવામાં આવ્યો છે.ા૨૧૮ા

હવે ઉપધિને (-પરિગ્રહને) એકાંતિક અંતરંગ-છેદપણું હોવાથી ઉપધિ અંતરંગ છેદની માફક છોડવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—

દૈહિક ક્રિયા થકી જીવ મરતાં બંધ થાય—ન થાય છે,
પરિગ્રહ થકી ધ્રુવ બંધ, તેથી સમસ્ત છોડ્યો યોગીએ. ૨૧૯.

**અન્વયાર્થ** :—હવે (ઉપધિ વિષે એમ છે કે), કાયચેષ્ટાપૂર્વક જીવ મરતાં બંધ થાય છે અથવા નથી થતો; (પણ) ઉપધિથી–પરિગ્રહથી નક્કી બંધ થાય છે; તેથી શ્રમણોએ (અર્હંતદેવોએ) સર્વ પરિગ્રહને છોડ્યો છે.ા૨૧૯ા

હવે આ ઉપધિનો (પરિગ્રહનો) નિષેધ તે અંતરંગ છેદનો જ નિષેધ છે એમ ઉપદેશે છે :—

નિરપેક્ષ ત્યાગ ન હોય તો નહિ ભાવશુદ્ધિ ભિક્ષુને,
ને ભાવમાં અવિશુદ્ધને ક્ષય કર્મનો કઈ રીત બને? ૨૨૦.

**અન્વયાર્થ** :—જો નિરપેક્ષ (કોઈ પણ વસ્તુની અપેક્ષા વિનાનો) ત્યાગ ન હોય તો ભિક્ષુને ભાવની વિશુદ્ધિ નથી; અને ભાવમાં જે અવિશુદ્ધ છે તેને કર્મક્ષય કઈ રીતે થઈ શકે?ા૨૨૦ા

હવે 'ઉપધિ તે એકાંતિક અંતરંગ છેદ છે' એમ વિસ્તારથી ઉપદેશે છે :—

આરંભ, અણસંયમ અને મૂર્છા ન ત્યાં—એ ક્યમ બને?
પરદ્રવ્યરત જે હોય તે કઈ રીત સાધે આત્મને? ૨૨૧.

**અન્વયાર્થ** :—ઉપધિના સદ્ભાવમાં તેને (ભિક્ષુને) મૂર્છા, આરંભ કે અસંયમ ન હોય એ કેમ બને? (ન જ બને.) તથા જે પરદ્રવ્યમાં રત હોય તે આત્માને કઈ રીતે સાધે?ા૨૨૧ા

હવે, 'કોઈને ક્યાંક ક્યારેક કોઈ પ્રકારે કોઈક ઉપધિ અનિષિદ્ધ પણ છે' એવો અપવાદ ઉપદેશે છે :—

ગ્રહણે વિસર્ગે સેવતાં નહિ છેદ જેથી થાય છે,
તે ઉપધિ સહ વર્તો ભલે મુનિ કાળક્ષેત્ર વિજાણીને. ૨૨૨.

**અન્વયાર્થ** :—જે ઉપધિને (આહાર-નીહારાદિનાં) ગ્રહણ-વિસર્જનમાં સેવતાં જેનાથી સેવનારને છેદ થતો નથી, તે ઉપધિ સહિત, કાળક્ષેત્રને જાણીને, આ લોકમાં શ્રમણ ભલે વર્તો.।।૨૨૨।।

હવે અનિષિદ્ધ ઉપધિનું સ્વરૂપ ઉપદેશે છે :—

ઉપધિ અનિંદિતને, અસંયત જન થકી અણપ્રાર્થ્યને,
મૂર્છાદિજનનરહિતને જ ગ્રહો શ્રમણ, થોડો ભલે. ૨૨૩.

**અન્વયાર્થ** :—ભલે થોડો હોય તોપણ, જે અનિંદિત હોય, અસંયત જનોથી અપ્રાર્થનીય હોય અને જે મૂર્છાદિના જનન રહિત હોય—એવા જ ઉપધિને શ્રમણ ગ્રહણ કરો.।।૨૨૩।।

હવે, 'ઉત્સર્ગ જ વસ્તુધર્મ છે, અપવાદ નહિ' એમ ઉપદેશે છે :—

ક્યમ અન્ય પરિગ્રહ હોય જ્યાં કહી દેહને પરિગ્રહ અહો!
મોક્ષેચ્છુને દેહેય નિષ્પ્રતિકર્મ ઉપદેશે જિનો ? ૨૨૪.

**અન્વયાર્થ** :—જો જિનવરેંદ્રોએ મોક્ષના અભિલાષીને, 'દેહ પરિગ્રહ છે' એમ કહીને, દેહમાં પણ અપ્રતિકર્મપણું (સંસ્કારરહિતપણું) ઉપદેશ્યું છે, તો પછી તેમનો એવો આશય છે કે તેને અન્ય પરિગ્રહ તો શાનો હોય?।।૨૨૪।।

હવે, અપવાદના કયા વિશેષો છે તે કહે છે :—

જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું ઉપકરણ જિનમાર્ગમાં,
ગુરુવચન ને સૂત્રાધ્યયન, વળી વિનય પણ ઉપકરણમાં. ૨૨૫.

**અન્વયાર્થ** :—યથાજાતરૂપ જે લિંગ (-જન્મ્યા પ્રમાણે રૂપ એવું

જે લિંગ) તે જિનમાર્ગમાં ઉપકરણ કહેવામાં આવ્યું છે; ગુરુનાં વચન, સૂત્રોનું અધ્યયન અને વિનય પણ ઉપકરણ કહેલ છે.।।૨૨૫।।

હવે, અનિષિદ્ધ એવો જે શરીરમાત્ર ઉપધિ તેના પાલનની વિધિ ઉપદેશે છે :—

આ લોકમાં નિરપેક્ષ ને પરલોક-અણપ્રતિબદ્ધ છે
સાધુ કષાયરહિત, તેથી યુક્ત આ'ર-વિહારી છે. ૨૨૬.

**અન્વયાર્થ** :—શ્રમણ કષાયરહિત વર્તતો થકો આ લોકમાં નિરપેક્ષ અને પર લોકમાં અપ્રતિબદ્ધ હોવાથી યુક્તાહારવિહારી હોય છે.।।૨૨૬।।

હવે, યુક્તાહારવિહારી સાક્ષાત્ અનાહારવિહારી (—અનાહારી અને અવિહારી) જ છે એમ ઉપદેશે છે :—

આત્મા અનેષક તે ય તપ, તત્સિદ્ધિમાં ઉદ્યત રહી
વણ-એષણા ભિક્ષા વળી, તેથી અનાહારી મુનિ. ૨૨૭.

**અન્વયાર્થ** :—જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઈચ્છા રહિત છે) તેને તે પણ તપ છે; (વળી) તેને પ્રાપ્ત કરવા માટે (—અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે) પ્રયત્ન કરનારા એવા જે શ્રમણો તેમને અન્ય (—સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા એષણા વિના (—એષણાદોષ રહિત) હોય છે; તેથી તે શ્રમણો અનાહારી છે.।।૨૨૭।।

હવે, (શ્રમણને) યુક્તાહારીપણું કઈ રીતે સિદ્ધ થાય છે તે ઉપદેશે છે :—

કેવલશરીર મુનિ ત્યાંય 'મારું ન' જાણી વણ-પ્રતિકર્મ છે,
નિજ શક્તિના ગોપન વિના તપ સાથ તન યોજેલ છે. ૨૨૮.

**અન્વયાર્થ** :—કેવળદેહી શ્રમણે (—જેને માત્ર દેહરૂપ પરિગ્રહ

જ વર્તે છે એવા મુનિએ) દેહમાં પણ 'મારો નથી' એમ સમજીને ૧પરિકર્મ રહિત વર્તતાં થકાં, પોતાના આત્માની શક્તિને ગોપવ્યા વિના તપ સાથે તેને (–દેહને) યુક્ત કર્યો (–જોડ્યો) છે.॥૨૨૮॥

હવે યુક્તાહારનું સ્વરૂપ વિસ્તારથી ઉપદેશે છે :—

આહાર તે એક જ, ઊણોદર ને યથા-ઉપલબ્ધ છે,
ભિક્ષા વડે, દિવસે, રસેચ્છાહીન, વણ-મધુમાંસ છે. ૨૨૯.

**અન્વયાર્થ** :—ખરેખર તે આહાર (–યુક્તાહાર) એક વખત, ઊણોદર, યથાલબ્ધ (–જેવો મળે તેવો), ભિક્ષાચરણથી, દિવસે, રસની અપેક્ષા વિનાનો અને મધ-માંસ રહિત હોય છે.॥૨૨૯॥

હવે ઉત્સર્ગ અને અપવાદની મૈત્રી વડે આચરણનું ૧સુસ્થિતપણું ઉપદેશે છે :—

વૃદ્ધત્વ, બાળપણા વિષે, ગ્લાનત્વ, શ્રાંત દશા વિષે,
ચર્યા ચરો નિજયોગ્ય, જે રીત મૂળછેદ ન થાય છે. ૨૩૦.

**અન્વયાર્થ** :—બાળ, વૃદ્ધ, ૨શ્રાંત કે ૩ગ્લાન શ્રમણ મૂળનો છેદ જે રીતે ન થાય તે રીતે પોતાને યોગ્ય આચરણ આચરો.॥૨૩૦॥

હવે ઉત્સર્ગ અને અપવાદના વિરોધ (–અમૈત્રી) વડે આચરણનું દુઃસ્થિતપણું થાય છે એમ ઉપદેશે છે :—

જો દેશ-કાળ તથા ક્ષમા-શ્રમ-ઉપધિને મુનિ જાણીને
વર્તે અહારવિહારમાં, તો અલ્પલેપી શ્રમણ તે. ૨૩૧.

**અન્વયાર્થ** :—જો શ્રમણ આહાર અથવા વિહારમાં દેશ, કાળ, શ્રમ, ૧ક્ષમતા તથા ઉપધિને જાણીને પ્રવર્તે તો તે અલ્પલેપી હોય છે.॥૨૩૧॥

આ રીતે આચરણપ્રજ્ઞાપન સમાપ્ત થયું.

હવે શ્રામણ્ય જેનું બીજું નામ છે એવા એકાગ્રતાલક્ષણવાળા મોક્ષમાર્ગનું પ્રજ્ઞાપન છે. તેમાં પ્રથમ, તેના (–મોક્ષમાર્ગના) મૂળસાધનભૂત આગમમાં જ વ્યાપાર (–પ્રવૃત્તિ) કરાવે છે :—

શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય, ને ઐકાગ્ર્ય વસ્તુનિશ્ચયે,
નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે. ૨૩૨.

**અન્વયાર્થ** :—શ્રમણ એકાગ્રતાને પ્રાપ્ત હોય છે; એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને હોય છે; (પદાર્થોનો) નિશ્ચય આગમ દ્વારા થાય છે; તેથી આગમમાં વ્યાપાર મુખ્ય છે.॥૨૩૨॥

હવે, આગમહીનને મોક્ષાખ્ય ('મોક્ષ' નામથી કહેવાતો) કર્મક્ષય થતો નથી એમ પ્રતિપાદન કરે છે :—

આગમરહિત જે શ્રમણ તે જાણે ન પરને, આત્મને;
ભિક્ષુ પદાર્થ-અજાણ તે ક્ષય કર્મનો કઈ રીત કરે? ૨૩૩.

**અન્વયાર્થ** :—આગમહીન શ્રમણ આત્માને (પોતાને) અને પરને જાણતો નથી જ; પદાર્થોને નહિ જાણતો ભિક્ષુ કર્મોને કઈ રીતે ક્ષય કરે?॥૨૩૩॥

હવે, મોક્ષમાર્ગે જનારાઓને આગમ જ એક ચક્ષુ છે એમ ઉપદેશે છે :—

મુનિરાજ આગમચક્ષુ ને સૌ ભૂત ઈન્દ્રિયચક્ષુ છે,
છે દેવ અવધિચક્ષુ ને સર્વત્રચક્ષુ સિદ્ધ છે. ૨૩૪.

**અન્વયાર્થ** :—સાધુ આગમચક્ષુ (–આગમરૂપ ચક્ષુવાળા) છે, સર્વ ભૂતો (–પ્રાણીઓ) ઈન્દ્રિયચક્ષુ છે, દેવો અવધિચક્ષુ છે અને સિદ્ધો સર્વતઃચક્ષુ (–સર્વ તરફથી ચક્ષુવાળા અર્થાત્ સર્વ આત્મપ્રદેશે ચક્ષુવાળા) છે.॥૨૩૪॥

હવે, આગમરૂપ ચક્ષુ વડે બધુંય દેખાય છે જ એમ સમર્થન કરે છે :—

સૌ ચિત્ર ગુણપર્યાયયુક્ત પદાર્થ આગમસિદ્ધ છે;
તે સર્વને જાણે શ્રમણ એ દેખીને આગમ વડે. ૨૩૫.

**અન્વયાર્થ** :—બધા પદાર્થો વિચિત્ર (અનેક પ્રકારના) ગુણપર્યાયો સહિત આગમસિદ્ધ છે. તે સર્વને એ શ્રમણો આગમ વડે ખરેખર દેખીને જાણે છે.।।૨૩૫।।

હવે, આગમજ્ઞાન, તત્પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન અને તદુભયપૂર્વક સંયતત્વના યુગપદપણાને મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ કરે છે [અર્થાત્ (૧) આગમજ્ઞાન, (૨) તે-પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન અને (૩) તે બન્ને-પૂર્વક સંયતપણું—એ ત્રણેનું સાથે હોવું તે જ મોક્ષમાર્ગ છે એવો નિયમ સિદ્ધ કરે છે] :—

દૃષ્ટિ ન આગમપૂર્વિકા તે જીવને સંયમ નહીં
—એ સૂત્ર કેરું છે વચન; મુનિ કેમ હોય અસંયમી ? ૨૩૬.

**અન્વયાર્થ** :—આ લોકમાં જેને આગમપૂર્વક દૃષ્ટિ (-દર્શન) નથી તેને સંયમ નથી એમ સૂત્ર કહે છે; અને અસંયત તે શ્રમણ કઈ રીતે હોય?।।૨૩૬।।

હવે, આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના અયુગપદપણાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી એમ સિદ્ધ કરે છે :—

સિદ્ધિ નહીં આગમ થકી, શ્રદ્ધા ન જો અર્થો તણી;
નિર્વાણ નહિ અર્થો તણી શ્રદ્ધાથી, જો સંયમ નહીં. ૨૩૭.

**અન્વયાર્થ** :—આગમથી, જો પદાર્થોનું શ્રદ્ધાન ન હોય તો, સિદ્ધિ (મુક્તિ) થતી નથી; પદાર્થોને શ્રદ્ધનારો પણ, જો અસંયત હોય તો, નિર્વાણ પામતો નથી.।।૨૩૭।।

હવે, આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વનું યુગપદપણું હોવા છતાં પણ, આત્મજ્ઞાન મોક્ષમાર્ગનું સાધકતમ (ઉત્કૃષ્ટ સાધક) છે એમ સમજાવે છે :—

અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટિ ભવો વડે,
તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છ્વાસમાત્રથી ક્ષય કરે. ૨૩૮.

**અન્વયાર્થ** :—જે કર્મ અજ્ઞાની લક્ષ કોટિ ભવો વડે ખપાવે છે, તે કર્મ જ્ઞાની ત્રણ પ્રકારે (મન-વચન-કાયાથી) ગુપ્ત હોવાને લીધે ઉચ્છ્વાસમાત્રથી ખપાવે છે.।।૨૩૮।।

હવે, આત્મજ્ઞાનશૂન્યને સર્વઆગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન તથા સંયતત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર છે (–કાંઈ કરતું નથી) એમ ઉપદેશે છે :—

અણુમાત્ર પણ મૂર્છા તણો સદ્ભાવ જો દેહાદિકે,
તો સર્વઆગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને. ૨૩૯.

**અન્વયાર્થ** :—અને જો દેહાદિક પ્રત્યે પરમાણુ જેટલી પણ મૂર્છા વર્તતી હોય, તો તે ભલે સર્વઆગમધર હોય તોપણ સિદ્ધિ પામતો નથી.।।૨૩૯।।

હવે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાનું અને આત્મજ્ઞાનનું યુગપદ-પણું સાધે છે (અર્થાત્ આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયતત્વ—એ ત્રિકની સાથે આત્મજ્ઞાનનું યુગપદપણું સાધે છે) :—

જે પંચસમિત, ત્રિગુપ્ત, ઇન્દ્રિનિરોધી, વિજયી કષાયનો,
પરિપૂર્ણ દર્શનજ્ઞાનથી, તે શ્રમણને સંયત કહ્યો. ૨૪૦.

**અન્વયાર્થ** :—પાંચ સમિતિયુક્ત, પાંચ ઇંદ્રિયોના સંવરવાળો, ત્રણ ગુપ્તિ સહિત, જિતકષાય અને દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ—એવો જે શ્રમણ તેને સંયત કહ્યો છે.।।૨૪૦।।

હવે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાનું અને આત્મજ્ઞાનનું યુગપદ-પણું જેને સિદ્ધ થયું છે એવા આ સંયતનું કયું લક્ષણ છે તે ઉપદેશે છે :—

નિંદા-પ્રશંસા, દુઃખ-સુખ, અરિ-બંધુમાં જ્યાં સામ્ય છે,
વળી લોષ્ટ-કનકે, જીવિત-મરણે સામ્ય છે, તે શ્રમણ છે. ૨૪૧.

**અન્વયાર્થ** :—શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, સુખ અને દુઃખ જેને સમાન છે, પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, લોષ્ટ (માટીનું ઢેફું) અને કાંચન જેને સમાન છે તેમ જ જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, તે શ્રમણ છે.।।૨૪૧।।

હવે એમ સમર્થન કરે છે કે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાની સાથે આત્મજ્ઞાનના યુગપદપણાની સિદ્ધિરૂપ જે આ સંયતપણું તે જ મોક્ષમાર્ગ છે, કે જેનું બીજું નામ એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય છે :—

દગ, જ્ઞાન ને ચારિત્ર ત્રણમાં યુગપદે આરૂઢ જે,
તેને કહ્યો ઐકાગ્ર્યગત, શ્રામણ્ય ત્યાં પરિપૂર્ણ છે. ૨૪૨.

**અન્વયાર્થ** :—જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર—એ ત્રણમાં યુગપદ્ આરૂઢ છે, તે એકાગ્રતાને પામેલો છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. તેને શ્રામણ્ય પરિપૂર્ણ છે.।।૨૪૨।।

હવે, અનેકાગ્રતાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી (અર્થાત્ અનેકાગ્રતા તે મોક્ષમાર્ગ નથી) એમ દર્શાવે છે :—

પરદ્રવ્યને આશ્રય શ્રમણ અજ્ઞાની પામે મોહને
વા રાગને વા દ્વેષને, તો વિવિધ બાંધે કર્મને. ૨૪૩.

**અન્વયાર્થ** :—જો શ્રમણ, અન્ય દ્રવ્યનો આશ્રય કરીને અજ્ઞાની થયો થકો, મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે, તો તે વિવિધ કર્મો વડે બંધાય છે.।।૨૪૩।।

હવે, એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે એમ (આચાર્યભગવાન) નક્કી કરતા થકા (મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપનનો) ઉપસંહાર કરે છે :—

નહિ મોહ, ને નહિ રાગ, દ્વેષ કરે નહીં અર્થો વિષે,
તો નિયમથી મુનિરાજ એ વિધવિધ કર્મો ક્ષય કરે. ૨૪૪.

**અન્વયાર્થ** :—જો શ્રમણ પદાર્થોમાં મોહ કરતો નથી, રાગ

કરતો નથી, દ્વેષ કરતો નથી, તો તે નિયમથી (ચોક્કસ) વિવિધ કર્મોને ખપાવે છે.॥૨૪૪॥

આ રીતે મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપન સમાપ્ત થયું.

સહજ ચિદાનંદ.

હવે શુભોપયોગનું પ્રજ્ઞાપન કરે છે. તેમાં (પ્રથમ), શુભોપયોગીઓને શ્રમણ તરીકે ગૌણપણે દર્શાવે છે :—

શુદ્ધોપયોગી શ્રમણ છે, શુભયુક્ત પણ શાસ્ત્રે કહ્યા;
શુદ્ધોપયોગી છે નિરાસ્રવ, શેષ સાસ્રવ જાણવા. ૨૪૫.

**અન્વયાર્થ** :—શાસ્ત્રને વિષે (એમ કહ્યું છે કે), શુદ્ધોપયોગી તે શ્રમણ છે, શુભોપયોગી પણ શ્રમણ છે; તેમાંય, શુદ્ધોપયોગી નિરાસ્રવ છે, બાકીના સાસ્રવ છે (અર્થાત્ શુભોપયોગી આસ્રવ સહિત છે).॥૨૪૫॥

હવે શુભોપયોગી શ્રમણનું લક્ષણ સૂત્ર દ્વારા (ગાથા દ્વારા) કહે છે :—

વાત્સલ્ય પ્રવચનરત વિષે ને ભક્તિ અર્હંતાદિકે
—એ હોય જો શ્રામણ્યમાં, તો ચરણ તે શુભયુક્ત છે. ૨૪૬.

**અન્વયાર્થ** :—શ્રામણ્યમાં જો અર્હંતાદિક પ્રત્યે ભક્તિ તથા પ્રવચનરત જીવો પ્રત્યે વત્સલતા વર્તતી હોય તો તે શુભયુક્ત ચર્યા (શુભોપયોગી ચારિત્ર) છે.॥૨૪૬॥

હવે શુભોપયોગી શ્રમણોની પ્રવૃત્તિ દર્શાવે છે :—

શ્રમણો પ્રતિ વંદન, નમન, અનુગમન, અભ્યુત્થાન ને
વળી શ્રમનિવારણ છે ન નિંદિત રાગયુત ચર્યા વિષે. ૨૪૭.

**અન્વયાર્થ** :—શ્રમણો પ્રત્યે વંદન-નમસ્કાર સહિત અભ્યુત્થાન અને અનુગમનરૂપ વિનીત વર્તન કરવું તથા તેમનો શ્રમ દૂર કરવો તે રાગચર્યામાં નિંદિત નથી.॥૨૪૭॥

હવે, શુભોપયોગીઓને જ આવી પ્રવૃત્તિઓ હોય છે એમ પ્રતિપાદન કરે છે :—

ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ-ગ્રહણ શિષ્યો તણું,
ઉપદેશ જિનપૂજા તણો—વર્તન તું જાણ સરાગનું. ૨૪૮.

**અન્વયાર્થ** :—દર્શનજ્ઞાનનો (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો)

ઉપદેશ, શિષ્યોનું ગ્રહણ તથા તેમનું પોષણ, અને જિનેંદ્રની પૂજાનો ઉપદેશ ખરેખર સરાગીઓની ચર્યા છે.॥૨૪૮॥

હવે, બધીયે પ્રવૃત્તિઓ શુભોપયોગીઓને જ હોય છે એમ નક્કી કરે છે :—

વણ જીવકાયવિરાધના ઉપકાર જે નિત્યે કરે
ચઉવિધ સાધુસંઘને, તે શ્રમણ રાગપ્રધાન છે. ૨૪૯.

**અન્વયાર્થ** :—જે કોઈ (શ્રમણ) સદા (છ) કાયની વિરાધના વિના ચાર પ્રકારના શ્રમણસંઘને ઉપકાર કરે છે, તે રાગની પ્રધાનતાવાળો છે.॥૨૪૯॥

હવે પ્રવૃત્તિ સંયમની વિરોધી હોવાનો નિષેધ કરે છે (અર્થાત્ શુભોપયોગી શ્રમણને સંયમ સાથે વિરોધવાળી પ્રવૃત્તિ ન હોવી જોઈએ એમ કહે છે) :—

વૈયાવૃતે ઉદ્યત શ્રમણ ષટ્ કાયને પીડા કરે
તો શ્રમણ નહિ, પણ છે ગૃહી; તે શ્રાવકોનો ધર્મ છે. ૨૫૦.

**અન્વયાર્થ** :—જો (શ્રમણ) વૈયાવૃત્ત્ય માટે ઉદ્યમવંત વર્તતાં છ કાયને પીડા કરે તો તે શ્રમણ નથી, ગૃહસ્થ છે; (કારણ કે) તે (છ કાયની વિરાધના સહિત વૈયાવૃત્ત્ય) શ્રાવકોનો ધર્મ છે.॥૨૫૦॥

હવે પ્રવૃત્તિના વિષયના બે વિભાગો દર્શાવે છે (અર્થાત્ શુભોપયોગીએ કોના પ્રત્યે ઉપકારની પ્રવૃત્તિ કરવાયોગ્ય છે અને કોના પ્રત્યે ઉપકારની પ્રવૃત્તિ કરવાયોગ્ય નથી તે દર્શાવે છે) :—

છે અલ્પ લેપ છતાંય દર્શનજ્ઞાનપરિણત જૈનને
નિરપેક્ષતાપૂર્વક કરો ઉપકાર અનુકંપા વડે. ૨૫૧.

**અન્વયાર્થ** :—અલ્પ લેપ થતો હોવા છતાં પણ સાકાર-અનાકાર ચર્યાયુક્ત જૈનોને અનુકંપાથી નિરપેક્ષપણે (શુભોપયોગી) ઉપકાર કરો.॥૨૫૧॥

હવે પ્રવૃત્તિના કાળનો વિભાગ દર્શાવે છે (અર્થાત્ શુભોપયોગી શ્રમણે કયા વખતે પ્રવૃત્તિ કરવાયોગ્ય છે અને કયા વખતે પ્રવૃત્તિ કરવાયોગ્ય નથી તે દર્શાવે છે) :—

આક્રાંત દેખી શ્રમણને શ્રમ, રોગ વા ભૂખ, પ્યાસથી,
સાધુ કરો સેવા સ્વશક્તિપ્રમાણ એ મુનિરાજની. ૨૫૨.

**અન્વયાર્થ** :—રોગથી, ક્ષુધાથી, તૃષાથી અથવા શ્રમથી આક્રાંત શ્રમણને દેખીને સાધુ પોતાની શક્તિ અનુસાર વૈયાવૃત્ત્યાદિક કરો.।।૨૫૨।।

હવે લોકની સાથે વાતચીતની પ્રવૃત્તિ તેના નિમિત્તના વિભાગ સહિત દર્શાવે છે (અર્થાત્ શુભોપયોગી શ્રમણે લોકની સાથે વાતચીતની પ્રવૃત્તિ કયા નિમિત્તે કરવાયોગ્ય છે અને કયા નિમિત્તે કરવાયોગ્ય નથી તે કહે છે) :—

સેવાનિમિત્તે રોગી-બાળક-વૃદ્ધ-ગુરુ શ્રમણો તણી,
લૌકિક જનો સહ વાત શુભ-ઉપયોગયુત નિંદિત નથી. ૨૫૩.

**અન્વયાર્થ** :—વળી રોગી, ગુરુ (–પૂજ્ય, વડેરા), બાળ અને વૃદ્ધ શ્રમણોની સેવાના (વૈયાવૃત્ત્યના) નિમિત્તે, શુભોપયોગવાળી લૌકિક જનો સાથેની વાતચીત નિંદિત નથી.।।૨૫૩।।

હવે એ રીતે કહેવામાં આવેલા શુભોપયોગનો ગૌણ-મુખ્ય વિભાગ દર્શાવે છે (અર્થાત્ કોને શુભોપયોગ ગૌણ હોય છે અને કોને મુખ્ય હોય છે તે કહે છે) :—

આ શુભ ચર્યા શ્રમણને, વળી મુખ્ય હોય ગૃહસ્થને;
તેના વડે જ ગૃહસ્થ પામે મોક્ષસુખ ઉત્કૃષ્ટને. ૨૫૪.

**અન્વયાર્થ** :—આ પ્રશસ્તભૂત ચર્યા શ્રમણોને (ગૌણ) હોય છે અને ગૃહસ્થોને તો મુખ્ય હોય છે એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે; તેનાથી જ (પરંપરાએ) ગૃહસ્થ પરમ સૌખ્યને પામે છે.।।૨૫૪।।

હવે શુભોપયોગને કારણની વિપરીતતાથી ફળની વિપરીતતા હોય છે એમ સિદ્ધ કરે છે :–

ફળ હોય છે વિપરીત વસ્તુવિશેષથી શુભ રાગને,
નિષ્પત્તિ વિપરીત હોય ભૂમિવિશેષથી જ્યમ બીજને. ૨૫૫.

**અન્વયાર્થ** :—જેમ આ જગતમાં અનેક પ્રકારની ભૂમિમાં પડેલાં બીજ ધાન્યકાળે વિપરીતપણે ફળે છે, તેમ પ્રશસ્ત રાગ વસ્તુભેદથી (—પાત્રના ભેદથી) વિપરીતપણે ફળે છે.।।૨૫૫।।

હવે કારણની વિપરીતતા અને ફળની વિપરીતતા દર્શાવે છે :—

છદ્મસ્થ-અભિહિત ધ્યાનદાને વ્રતનિયમપઠનાદિકે
રત જીવ મોક્ષ લહે નહીં, બસ ભાવ શાતાત્મક લહે. ૨૫૬.

**અન્વયાર્થ** :—જે જીવ છદ્મસ્થવિહિત વસ્તુઓને વિષે (છદ્મસ્થે—અજ્ઞાનીએ કહેલા દેવગુરુધર્માદિને વિષે) વ્રત-નિયમ-અધ્યયન-ધ્યાન-દાનમાં રત હોય તે જીવ મોક્ષને પામતો નથી, શાતાત્મક ભાવને પામે છે.।।૨૫૬।।

હવે (આ ગાથામાં પણ) કારણવિપરીતતા અને ફળવિપરીતતા જ સમજાવે છે :—

પરમાર્થથી અનભિજ્ઞ, વિષયકષાયઅધિક જનો પરે
ઉપકાર-સેવા-દાન સર્વ કુદેવમનુજપણે ફળે. ૨૫૭.

**અન્વયાર્થ** :—જેમણે પરમાર્થને જાણ્યો નથી અને જેઓ વિષયકષાયે અધિક છે એવા પુરુષો પ્રત્યેની સેવા, ઉપકાર કે દાન કુદેવપણે અને કુમનુષ્યપણે ફળે છે.।।૨૫૭।।

હવે કારણની વિપરીતતાથી અવિપરીત ફળ સિદ્ધ થતું નથી એમ શ્રદ્ધા કરાવે છે :—

'વિષયો કષાયો પાપ છે' જો એમ નિરૂપણ શાસ્ત્રમાં,
તો કેમ તત્પ્રતિબદ્ધ પુરુષો હોય રે નિસ્તારકા ? ૨૫૮.

**અન્વયાર્થ** :—જો 'તે વિષયકષાયો પાપ છે' એમ શાસ્ત્રોમાં પ્રરૂપણ કરવામાં આવ્યું છે, તો તેમાં પ્રતિબદ્ધ (વિષયકષાયોમાં લીન) તે

પુરુષો નિસ્તારક કેમ હોઈ શકે?॥૨૫૮॥

હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે દર્શાવે છે :—

તે પુરુષ જાણ સુમાર્ગશાળી, પાપ-ઉપરમ જેહને,
સમભાવ જ્યાં સૌ ધાર્મિકે, ગુણસમૂહસેવન જેહને. ૨૫૯.

**અન્વયાર્થ** :—જેને પાપ વિરામ પામ્યું છે, જે સર્વ ધાર્મિકો પ્રત્યે સમભાવવાળો છે અને જે ગુણસમુદાયને સેવનારો છે તે પુરુષ સુમાર્ગવંત છે.॥૨૫૯॥

હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે વિશેષ સમજાવે છે :—

અશુભોપયોગરહિત શ્રમણો—શુદ્ધ વા શુભયુક્ત જે,
તે લોકને તારે; અને તદ્ભક્ત પામે પુણ્યને. ૨૬૦.

**અન્વયાર્થ** :—જેઓ અશુભોપયોગરહિત વર્તતા થકા શુદ્ધોપયુક્ત અથવા શુભોપયુક્ત હોય છે, તેઓ (તે શ્રમણો) લોકને તારે છે; (અને) તેમના પ્રત્યે ભક્તિવાળો જીવ પ્રશસ્તને (–પુણ્યને) પામે છે.॥૨૬૦॥

હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તેની ઉપાસનારૂપ પ્રવૃત્તિ સામાન્યપણે અને વિશેષપણે કરવાયોગ્ય છે એમ બે સૂત્રોથી દર્શાવે છે :—

પ્રકૃત વસ્તુ દેખી અભ્યુત્થાન આદિ ક્રિયા થકી
વર્તો શ્રમણ, પછી વર્તનીય ગુણાનુસાર વિશેષથી. ૨૬૧.

**અન્વયાર્થ** :—પ્રકૃત વસ્તુને દેખીને (પ્રથમ તો) અભ્યુત્થાન આદિ ક્રિયાઓ વડે (શ્રમણ) વર્તો; પછી ગુણ પ્રમાણે ભેદ પાડવો.—આમ ઉપદેશ છે.॥૨૬૧॥

(એ રીતે પહેલું સૂત્ર કહીને હવે એ વિષયનું બીજું સૂત્ર કહે છે :—)

ગુણથી અધિક શ્રમણો પ્રતિ સત્કાર, અભ્યુત્થાન ને
અંજલિકરણ, પોષણ, ગ્રહણ, સેવન અહીં ઉપદિષ્ટ છે. ૨૬૨.

**અન્વયાર્થ** :—ગુણાધિક (ગુણે અધિક શ્રમણો) પ્રત્યે અભ્યુત્થાન, ગ્રહણ (આદરથી સ્વીકાર), ઉપાસન, પોષણ (તેમનાં અશન, શયન વગેરેની ચિંતા), સત્કાર (ગુણપ્રશંસા), અંજલિકરણ (વિનયથી હાથ જોડવા) અને પ્રણામ કરવાનું અહીં કહ્યું છે.।।૨૬૨।।

હવે શ્રમણાભાસો પ્રત્યે સર્વ પ્રવૃત્તિઓ નિષેધે છે :—

મુનિ સૂત્ર-અર્થપ્રવીણ સંયમજ્ઞાનતપસમૃદ્ધને
પ્રણિપાત, અભ્યુત્થાન, સેવા સાધુએ કર્તવ્ય છે. ૨૬૩.

**અન્વયાર્થ** :—શ્રમણોએ સૂત્રાર્થવિશારદ (સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ) તથા સંયમતપજ્ઞાનાઢ્ય (સંયમ, તપ અને આત્મજ્ઞાનમાં સમૃદ્ધ) શ્રમણો પ્રત્યે અભ્યુત્થાન, ઉપાસના અને પ્રણિપાત કરવાયોગ્ય છે.।।૨૬૩।।

ટીકા :—જેમને સૂત્રોમાં અને પદાર્થોમાં વિશારદપણા વડે સંયમ, તપ અને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે તે શ્રમણો પ્રત્યે જ અભ્યુત્થાનાદિક પ્રવૃત્તિઓ અનિષિદ્ધ છે, પરંતુ તે સિવાય બીજા શ્રમણાભાસો પ્રત્યે તે પ્રવૃત્તિઓ નિષિદ્ધ જ છે. ૨૬૩.

હવે કેવો જીવ શ્રમણાભાસ છે તે કહે છે :—

શાસ્ત્રે કહ્યું—તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહીં,
જિન-ઉક્ત આત્મપ્રધાન સર્વ પદાર્થ જો શ્રદ્ધે નહીં. ૨૬૪.

**અન્વયાર્થ** :—સૂત્ર, સંયમ અને તપથી સંયુક્ત હોવા છતાં પણ જો (તે જીવ) જિનોક્ત આત્મપ્રધાન પદાર્થોને શ્રદ્ધતો નથી તો તે શ્રમણ નથી—એમ (આગમમાં) કહ્યું છે.।।૨૬૪।।

હવે જે શ્રામણ્યે સમાન છે તેનું અનુમોદન (–આદર) નહિ કરનારનો વિનાશ દર્શાવે છે :—

મુનિ શાસને સ્થિત દેખીને જે દ્વેષથી નિંદા કરે,
અનુમત નહીં કિરિયા વિષે, તે નાશ ચરણ તણો કરે. ૨૬૫.

**અન્વયાર્થ** :—જે શાસનસ્થ (જિનદેવના શાસનમાં રહેલા) શ્રમણને દેખીને દ્વેષથી તેના અપવાદ બોલે છે અને (સત્કારાદિ) ક્રિયાઓ કરવામાં અનુમત (ખુશી) નથી, તેનું ચારિત્ર નષ્ટ થાય છે.।।૨૬૫।।

હવે, જે શ્રામણ્યે અધિક હોય તેના પ્રત્યે જાણે કે તે શ્રામણ્યે હીન (પોતાનાથી મુનિપણામાં હલકો) હોય એમ આચરણ કરનારનો વિનાશ દર્શાવે છે :—

જે હીનગુણ હોવા છતાં 'હું પણ શ્રમણ છું' મદ કરે,
ઈચ્છે વિનય ગુણ-અધિક પાસ, અનંતસંસારી બને. ૨૬૬.

**અન્વયાર્થ** :—જે શ્રમણ ગુણે હીન (હલકો) હોવા છતાં 'હું પણ શ્રમણ છું' એમ માનીને અર્થાત્ ગર્વ કરીને ગુણે અધિક પાસેથી (–જે પોતાના કરતાં અધિક ગુણવાળા હોય એવા શ્રમણ પાસેથી) વિનય ઈચ્છે છે, તે અનંતસંસારી થાય છે.।।૨૬૬।।

હવે, જે શ્રમણ શ્રામણ્યે અધિક હોય તે જો પોતાનાથી હીન શ્રમણ પ્રત્યે સમાન જેવું (–પોતાના બરોબરિયા જેવું) આચરણ કરે તો તેનો વિનાશ દર્શાવે છે :—

મુનિ અધિકગુણ હીનગુણ પ્રતિ વર્તે યદિ વિનયાદિમાં,
તો ભ્રષ્ટ થાય ચરિત્રથી ઉપયુક્ત મિથ્યા ભાવમાં. ૨૬૭.

**અન્વયાર્થ** :—જેઓ શ્રામણ્યમાં અધિક ગુણવાળા હોવા છતાં હીન ગુણવાળા પ્રત્યે (વંદનાદિ) ક્રિયાઓમાં વર્તે છે, તેઓ મિથ્યા ઉપયુક્ત થયા થકા ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.।।૨૬૭।।

હવે અસત્સંગ નિષેધ્ય છે એમ દર્શાવે છે :—

સૂત્રાર્થપદનિશ્ચય, કષાયપ્રશાંતિ, તપ-અધિકત્વ છે,
તે પણ અસંયત થાય, જો છોડે ન લૌકિક-સંગને. ૨૬૮.

**અન્વયાર્થ** :—સૂત્રો અને અર્થોના પદને (અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત (નિર્ણીત) કરેલ છે, કષાયોને જેણે શમાવ્યા છે અને જે અધિક તપવાળો છે—એવો જીવ પણ જો લૌકિક જનોના સંસર્ગને છોડતો નથી, તો તે સંયત રહેતો નથી (અર્થાત્ અસંયત થઈ જાય છે).।।૨૬૮।।

હવે 'લૌકિક'નું (અર્થાત્ લૌકિક જનનું) લક્ષણ કહે છે :—

નિર્ગ્રંથરૂપ દીક્ષા વડે સંયમતપે સંયુક્ત જે,
લૌકિક કહ્યો તેને ય, જો છોડે ન ઐહિક કર્મને. ૨૬૯.

**અન્વયાર્થ** :—જે (જીવ) નિર્ગ્રંથપણે દીક્ષિત હોવાથી સંયમતપસંયુક્ત હોય તેને પણ, જો તે ઐહિક કાર્યો સહિત વર્તતો હોય તો, 'લૌકિક' કહ્યો છે.।।૨૬૯।।

હવે સત્સંગ વિધેય (–કરવાયોગ્ય) છે એમ દર્શાવે છે :—

તેથી શ્રમણને હોય જો દુખમુક્તિ કેરી ભાવના,
તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં. ૨૭૦.

**અન્વયાર્થ** :—(લૌકિક જનના સંગથી સંયત પણ અસંયત થાય છે) તેથી જો શ્રમણ દુઃખથી પરિમુક્ત થવા ઈચ્છતો હોય તો તે સમાન ગુણવાળા શ્રમણના અથવા અધિક ગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો.।।૨૭૦।।

હવે સંસારતત્ત્વ પ્રગટ કરે છે :—

સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,
અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.

**અન્વયાર્થ** :—જેઓ, ભલે તેઓ સમયમાં હોય તોપણ (–ભલે તેઓ દ્રવ્યલિંગીપણે જિનમતમાં હોય તોપણ), 'આ તત્ત્વ છે (અર્થાત્ આમ જ વસ્તુસ્વરૂપ છે)' એમ નિશ્ચયવંત વર્તતા થકા પદાર્થોને અયથાતથપણે

ગ્રહે છે (–જેવા નથી તેવા સમજે છે), તેઓ અત્યંતફળસમૃદ્ધ (અનંત કર્મફળોથી ભરેલા) એવા હવે પછીના કાળમાં પરિભ્રમણ કરશે.॥૨૭૧॥

હવે મોક્ષતત્ત્વ પ્રગટ કરે છે :—

અયથાચરણહીન, સૂત્ર-અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,
તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨.

**અન્વયાર્થ** :—જે જીવ યથાતથપણે પદોના અને અર્થોના (પદાર્થોના) નિશ્ચયવાળો હોવાથી પ્રશાંતાત્મા છે અને અયથાચાર રહિત છે, તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ અફળ (–કર્મફળ રહિત થયેલા) એવા આ સંસારમાં ચિરકાળ રહેતો નથી (–અલ્પ કાળમાં મુક્ત થાય છે).॥૨૭૨॥

હવે મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ પ્રગટ કરે છે :—

જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,
આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩

**અન્વયાર્થ** :—સમ્યક્ (યથાતથપણે) પદાર્થોને જાણતા થકા જેઓ બહિરંગ તથા અંતરંગ પરિગ્રહને છોડીને વિષયોમાં આસક્ત નથી, તેમને 'શુદ્ધ' કહેવામાં આવ્યા છે.॥૨૭૩॥

હવે મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને (અર્થાત્ શુદ્ધોપયોગીને) સર્વ મનોરથના સ્થાન તરીકે અભિનન્દે (પ્રશંસે) છે :—

રે ! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,
છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણમું તેહને. ૨૭૪.

**અન્વયાર્થ** :—શુદ્ધને (–શુદ્ધોપયોગીને) શ્રામણ્ય કહ્યું છે, શુદ્ધને દર્શન અને જ્ઞાન કહ્યું છે, શુદ્ધને નિર્વાણ હોય છે, તે જ (–શુદ્ધ જ) સિદ્ધ હોય છે; તેને નમસ્કાર હો.॥૨૭૪॥

હવે (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) શિષ્યજનને શાસ્ત્રના ફળ સાથે જોડતા થકા શાસ્ત્ર સમાપ્ત કરે છે :—

સાકાર અણ-આકાર ચર્યાયુક્ત આ ઉપદેશને
જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.

**અન્વયાર્થ** :—જે સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો આ ઉપદેશને જાણે છે, તે અલ્પ કાળે પ્રવચનના સારને (—ભગવાન આત્માને) પામે છે.૫૨૭૫૫

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રનો ચરણાનુયોગસૂચક ચૂલિકા નામનો તૃતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન

સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને; ૧.

વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,
મુનિ જ્ઞાન-દ્રગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨.

તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩.

અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને; ૪.

તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,
પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫

સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની
પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬.

ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;
ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે. ૭.

જે ભાવમાં પ્રણમે દરવ, તે કાળ તન્મય તે કહ્યું;
જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. ૮.

શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,
શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯.

પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;
ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦.

જો ધર્મપરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો
તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગસુખ શુભયુક્ત જો. ૧૧.

અશુભોદયે આત્મા કુનર, તિર્યંચ ને નારકપણે
નિત્યે સહસ્ર દુખે પીડિત સંસારમાં અતિ અતિ ભમે. ૧૨.

અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને
વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩.

સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને
સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪.

જે ઉપયોગવિશુદ્ધ તે મોહાદિઘાતિરજ થકી
સ્વયમેવ રહિત થયો થકો જ્ઞેયાન્તને પામે સહી. ૧૫.

સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેન્દ્રપૂજિત એ રીતે
સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે. ૧૬.

વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,
તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.

ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,
વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્‌ભૂત ખરે. ૧૮.

પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને
ઇન્દ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.

કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,
જેથી અતીન્દ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.

પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;
જાણે નહીં તે તેમને અવગ્રહ-ઈહાદિ ક્રિયા વડે. ૨૧.

ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,
ઇન્દ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.

જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ ભાખ્યું, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે;
ને જ્ઞેય લોકાલોક તેથી સર્વગત એ જ્ઞાન છે. ૨૩.

જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ નહિ—એ માન્યતા છે જેહને,
તેના મતે જીવ જ્ઞાનથી હીન કે અધિક અવશ્ય છે. ૨૪.

જો હીન આત્મા હોય, નવ જાણે અચેતન જ્ઞાન એ,
ને અધિક જ્ઞાનથી હોય તો વણ જ્ઞાન ક્યમ જાણે અરે? ૨૫.

છે સર્વગત જિનવર અને સૌ અર્થ જિનવરપ્રાપ્ત છે,
જિન જ્ઞાનમય ને સર્વ અર્થો વિષય જિનના હોઈને. ૨૬.

છે જ્ઞાન આત્મા જિનમતે; આત્મા વિના નહિ જ્ઞાન છે,
તે કારણે છે જ્ઞાન જીવ, જીવ જ્ઞાન છે વા અન્ય છે. ૨૭.

છે 'જ્ઞાની' જ્ઞાનસ્વભાવ, અર્થો જ્ઞેયરૂપ છે 'જ્ઞાની'ના,
જ્યમ રૂપ છે નેત્રો તણાં, નહિ વર્તતા અન્યોન્યમાં. ૨૮.

જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને
નિત્યે અતીન્દ્રિય આતમા, જ્યમ નેત્ર જાણે રૂપને. ૨૯.

જ્યમ દૂધમાં સ્થિત ઇન્દ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે
દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦.

નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,
ને સર્વગત છે જ્ઞાન તો ક્યમ જ્ઞાનસ્થિત અર્થો નહીં? ૩૧.

પ્રભુકેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે;
દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.

શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,
ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩.

પુદ્‌ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે,
છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.

જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;
પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫.

છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;
એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬.

તે દ્રવ્યના સદ્‌ભૂત-અસદ્‌ભૂત પર્યયો સૌ વર્તતા,
તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭.

જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,
તે સૌ અસદ્‌ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮.

જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા
નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા? ૩૯

ઈહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,
તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના—જિનજી કહે. ૪૦.

જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,
પર્યાય નષ્ટ-અજાતને, ભાખ્યું અતીન્દ્રિય જ્ઞાન તે. ૪૧.

જો જ્ઞેય અર્થે પરિણમે જ્ઞાતા, ન ક્ષાયિક જ્ઞાન છે;
તે કર્મને જ અનુભવે છે એમ જિનદેવો કહે. ૪૨.

ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,
તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે. ૪૩.

ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને
વર્તે સહજ તે કાળમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪.

છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયિકી;
મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫.

આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ-અશુભ બને નહીં,
તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહીં! ૪૬.

સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને
યુગપદ્ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.

જાણે નહીં યુગપદ્ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,
તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.

જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને
યુગપદ્ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને? ૪૯.

જો જ્ઞાન 'જ્ઞાની'નું ઊપજે ક્રમશઃ અરથ અવલંબીને,
તો નિત્ય નહિ, ક્ષાયિક નહીં ને સર્વગત નહિ જ્ઞાન એ. ૫૦.

નિત્યે વિષમ, વિધવિધ, સકળ પદાર્થગણ સર્વત્રનો
જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો! ૫૧.

તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,
સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.

અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીન્દ્રિ ને ઐન્દ્રિય છે,
છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩

દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીન્દ્રિને, પ્રચ્છન્નને,
તે સર્વને—પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪.

પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી
કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫

રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્ગલિક તે
છે ઈન્દ્રિવિષયો, તેમનેય ન ઈન્દ્રિયો યુગપદ ગ્રહે. ૫૬.

તે ઈન્દ્રિયો પરદ્રવ્ય, જીવસ્વભાવ ભાખી ન તેમને;
તેનાથી જે ઉપલબ્ધ તે પ્રત્યક્ષ કઈ રીત જીવને ? ૫૭.

અર્થો તણું જે જ્ઞાન પરતઃ થાય તેહ પરોક્ષ છે;
જીવમાત્રથી જ જણાય જો, તો જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૮.

સ્વયમેવ જાત, સમંત, અર્થ અનંતમાં વિસ્તૃત ને
અવગ્રહ-ઈહાદિ રહિત, નિર્મળ જ્ઞાન સુખ એકાંત છે. ૫૯.

જે જ્ઞાન 'કેવળ' તે જ સુખ, પરિણામ પણ વળી તે જ છે;
ભાખ્યો ન તેમાં ખેદ જેથી ઘાતિકર્મ વિનષ્ટ છે. ૬૦.

અર્થાન્તગત છે જ્ઞાન, લોકાલોકવિસ્તૃત દૃષ્ટિ છે;
છે નષ્ટ સર્વ અનિષ્ટ ને જે ઈષ્ટ તે સૌ પ્રાપ્ત છે. ૬૧.

સુણી 'ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે',
શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે. ૬૨.

સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઈન્દ્રિયો વડે,
નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે. ૬૩.

વિષયો વિષે રતિ જેમને, દુખ છે સ્વભાવિક તેમને;
જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે. ૬૪.

ઈન્દ્રિયસમાશ્રિત ઈષ્ટ વિષયો પામીને, નિજ ભાવથી
જીવ પ્રણમતો સ્વયમેવ સુખરૂપ થાય, દેહ થતો નથી. ૬૫

એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહિ સુખ દેહીને,
પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુખ થાય છે. ૬૬.

જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;
જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં? ૬૭.

જ્યમ આભમાં સ્વયમેવ ભાસ્કર ઉષ્ણ, દેવ, પ્રકાશ છે,
સ્વયમેવ લોકે સિદ્ધ પણ ત્યમ જ્ઞાન, સુખ ને દેવ છે. ૬૮.

સહજ ચિદાનંદ.

ગુરુ-દેવ-યતિપૂજા વિષે, વળી દાન ને સુશીલો વિષે,
જીવ રક્ત ઉપવાસાદિકે, શુભ-ઉપયોગસ્વરૂપ છે. ૬૯.

શુભયુક્ત આત્મા દેવ વા તિર્યંચ વા માનવ બને;
તે પર્યયે તાવત્સમય ઇન્દ્રિયસુખ વિધવિધ લહે. ૭૦.

સુરનેય સૌખ્ય સ્વભાવસિદ્ધ ન—સિદ્ધ છે આગમ વિષે;
તે દેહવેદનથી પીડિત રમણીય વિષયોમાં રમે. ૭૧.

તિર્યંચ-નારક-સુર-નરો જો દેહગત દુખ અનુભવે,
તો જીવનો ઉપયોગ એ શુભ ને અશુભ કઈ રીત છે? ૭૨.

ચક્રી અને દેવેન્દ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી
પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩.

પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,
તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્ભવ કરે. ૭૪.

તે ઉદિતતૃષ્ણ જીવો, દુખિત તૃષ્ણાથી, વિષયિક સુખને
ઇચ્છે અને આમરણ દુખસંતપ્ત તેને ભોગવે. ૭૫.

પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;
જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬.

નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.

વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,
શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુખનો કરે. ૭૮.

જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,
જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.

જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,
જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨.

દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;
તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને. ૮૩.

રે! મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને
વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪.

અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,
વિષયો તણો વળી સંગ,—લિંગો જાણવાં આ મોહનાં. ૮૫.

શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,
તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.

દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ 'અર્થ' સંજ્ઞાથી કહ્યાં;
ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.

જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,
તે જીવ પામે અલ્પ કાળે સર્વ દુઃખવિમોક્ષને. ૮૮.

જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે
દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯.

તેથી યદિ જીવ ઈચ્છતો નિર્મોહતા નિજ આત્મને,
જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦.

શ્રામણ્યમાં સત્તામયી સવિશેષ આ દ્રવ્યો તણી
શ્રદ્ધા નહીં, તે શ્રમણ ના; તેમાંથી ધર્મોદ્ભવ નહીં. ૯૧.

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,
વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨.

# જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન

છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,
વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩.

પર્યાયમાં રત જીવ જે તે 'પરસમય' નિર્દિષ્ટ છે;
આત્મસ્વભાવે સ્થિત જે તે 'સ્વકસમય' જ્ઞાતવ્ય છે. ૯૪.

છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે,
વળી ગુણ ને પર્યય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને. ૯૫.

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી
અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.

વિધવિધલક્ષણીનું સરવ-ગત 'સત્ત્વ' લક્ષણ એક છે,
—એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.

દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'—તત્ત્વતઃ શ્રી જિનો કહે;
એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.

દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે;
ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯.

ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;
ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય-પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.

ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,
ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે
એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.

ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,
પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.

અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,
તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪.

જો દ્રવ્ય હોય ન સત્, ઠરે જ અસત્, બને ક્યમ દ્રવ્ય એ?
વા ભિન્ન ઠરતું સત્ત્વથી! તેથી સ્વયં તે સત્ત્વ છે. ૧૦૫.

જિન વીરનો ઉપદેશ એમ—પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા,
અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે-પણે તે એક ક્યાં? ૧૦૬.

‘સત્ દ્રવ્ય’, ‘સત્ પર્યાય’, ‘સત્ગુણ’—સત્ત્વનો વિસ્તાર છે;
નથી તે-પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭.

સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,
—આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને. ૧૦૮.

પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ ‘સત્’-અવિશિષ્ટ છે;
‘દ્રવ્યો સ્વભાવે સ્થિત સત્ છે’—એ જ આ ઉપદેશ છે. ૧૦૯.

પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;
દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦.

આવું દરવ દ્રવ્યાર્થ-પર્યાયાર્થથી નિજભાવમાં
સદ્ભાવ-અણસદ્ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.

જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે-રૂપે
શું છોડતો દ્રવ્યત્વને? નહિ છોડતો ક્યમ અન્ય એ? ૧૧૨.

માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;
એ રીત નહિ હોતો થકો ક્યમ તે અનન્યપણું ધરે? ૧૧૩.

દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે
છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.

અસ્તિ, તથા છે નાસ્તિ, તેમ જ દ્રવ્ય અણવક્તવ્ય છે,
વળી ઉભય કો પર્યાયથી, વા અન્યરૂપ કથાય છે. ૧૧૫.

નથી 'આ જ' એવો કોઈ, જ્યાં કિરિયા સ્વભાવ-નિપન્ન છે;
કિરિયા નથી ફળહીન, જો નિષ્ફળ ધરમ ઉત્કૃ ષ્ટ છે. ૧૧૬.

નામાખ્ય કર્મ સ્વભાવથી નિજ જીવદ્રવ્ય-સ્વભાવને
અભિભૂત કરી તિર્યંચ, દેવ, મનુષ્ય વા નારક કરે. ૧૧૭.

તિર્યંચ-સુર-નર-નારકી જીવ નામકર્મ-નિપન્ન છે;
નિજ કર્મરૂપ પરિણમનથી જ સ્વભાવલબ્ધિ ન તેમને. ૧૧૮.

નહિ કોઈ ઊપજે વિણસે ક્ષણભંગસંભવમય જગે,
કારણ જનમ તે નાશ છે; વળી જન્મ-નાશ વિભિન્ન છે. ૧૧૯.

તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં;
સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦.

કર્મે મલિન જીવ કર્મસંયુત પામતો પરિણામને,
તેથી કરમ બંધાય છે; પરિણામ તેથી કર્મ છે. ૧૨૧.

પરિણામ પોતે જીવ છે, ને છે ક્રિયા એ જીવમયી;
કિરિયા ગણી છે કર્મ; તેથી કર્મનો કર્તા નથી. ૧૨૨.

જીવ ચેતનારૂપ પરિણમે; વળી ચેતના ત્રિવિધા ગણી;
તે જ્ઞાનવિષયક, કર્મવિષયક, કર્મફળવિષયક કહી. ૧૨૩.

છે 'જ્ઞાન' અર્થવિકલ્પ, ને જીવથી કરાતું 'કર્મ' છે,
—તે છે અનેક પ્રકારનું, 'ફળ' સૌખ્ય અથવા દુઃખ છે. ૧૨૪.

પરિણામ-આત્મક જીવ છે, પરિણામ જ્ઞાનાદિક બને;
તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે. ૧૨૫.

'કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી
મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની. ૧૨૬.

છે દ્રવ્ય જીવ, અજીવ; ચિત-ઉપયોગમય તે જીવ છે;
પુદ્‌ગલપ્રમુખ જે છે અચેતન દ્રવ્ય, તેહ અજીવ છે. ૧૨૭.

આકાશમાં જે ભાગ ધર્મ-અધર્મ-કાળ સહિત છે,
જીવ-પુદ્‌ગલોથી યુક્ત છે, તે સર્વકાળે લોક છે. ૧૨૮.

ઉત્પાદ, વ્યય ને ધ્રુવતા જીવપુદ્‌ગલાત્મક લોકને
પરિણામ દ્વારા, ભેદ વા સંઘાત દ્વારા થાય છે. ૧૨૯.

જે લિંગથી દ્રવ્યો મહીં 'જીવ' 'અજીવ' એમ જણાય છે,
તે જાણ મૂર્ત-અમૂર્ત ગુણ, અતત્પણાથી વિશિષ્ટ જે. ૧૩૦.

ગુણ મૂર્ત ઈન્દ્રિયગ્રાહ્ય તે પુદ્‌ગલમયી બહુવિધ છે;
દ્રવ્યો અમૂર્તિક જેહ તેના ગુણ અમૂર્તિક જાણજે. ૧૩૧.

છે વર્ણ તેમ જ ગંધ વળી રસ-સ્પર્શ પુદ્‌ગલદ્રવ્યને,
—અતિસૂક્ષ્મથી પૃથ્વી સુધી; વળી શબ્દ પુદ્‌ગલ, વિવિધ જે. ૧૩૨.

અવગાહ ગુણ આકાશનો, ગતિહેતુતા છે ધર્મનો,
વળી સ્થાનકારણતારૂપી ગુણ જાણ દ્રવ્ય અધર્મનો. ૧૩૩.

છે કાળનો ગુણ વર્તના, ઉપયોગ ભાખ્યો જીવમાં,
એ રીત મૂર્તિવિહીનના ગુણ જાણવા સંક્ષેપમાં. ૧૩૪.

જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, ધર્મ, અધર્મ વળી આકાશને
છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫.

લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,
છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્‌ગલો તે શેષ છે. ૧૩૬.

જે રીત આભ-પ્રદેશ, તે રીત શેષદ્રવ્ય-પ્રદેશ છે;
અપ્રદેશ પરમાણુ વડે ઉદ્‌ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.

છે કાળ તો અપ્રદેશ; એકપ્રદેશ પરમાણુ યદા
આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮.

તે દેશના અતિક્રમણ સમ છે ‘સમય’, તત્પૂર્વાપરે
જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી ‘સમય’ છે. ૧૩૯.

આકાશ જે અણુવ્યાપ્ય, ‘આભપ્રદેશ’ સંજ્ઞા તેહને;
તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.

વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને
બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧.

એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્‌ભાવ છે
જો કાળને, તો કાળ તેહ સ્વભાવ-સમવસ્થિત છે. ૧૪૨.

પ્રત્યેક સમયે જન્મ-ધ્રૌવ્ય-વિનાશ અર્થો કાળને
વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્‌ભાવ છે. ૧૪૩.

જે અર્થને ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી,
તે અર્થ જાણો શૂન્ય કેવળ—અન્ય જે અસ્તિત્વથી. ૧૪૪.

સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;
તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫.

ઈન્દ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને
વળી પ્રાણ શ્વાસોચ્છ્‌વાસ—એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬.

જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,
તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્‌ગલદરવનિષ્પન્ન છે. ૧૪૭.

મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણનો,
જીવ કર્મફળ-ઉપભોગ કરતાં, બંધ પામે કર્મનો. ૧૪૮.

જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,
તો બંધ જ્ઞાનાવરણ-આદિક કર્મનો તે થાય છે. ૧૪૯.

કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,
મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. ૧૫૦.

કરી ઇન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને—ઉપયોગને,
તે કર્મથી રંજિત નહીં; ક્યમ પ્રાણ તેને અનુસરે? ૧૫૧.

અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થે ઊપજતો
જે અર્થ તે પર્યાય છે, જ્યાં ભેદ સંસ્થાનાદિનો. ૧૫૨.

તિર્યંચ, નારક, દેવ, નર—એ નામકર્મોદય વડે
છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩.

અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને
જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪.

છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.

ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,
ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહીં. ૧૫૬.

જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને, અણગારને,
જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.

કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,
જે ઉગ્ર ને ઉન્માર્ગ પર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮.

મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને
શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯.

હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.

મન, વાણી તેમ જ દેહ પુદ્‌ગલદ્રવ્યરૂપ નિર્દિષ્ટ છે;
ને તેહ પુદ્‌ગલદ્રવ્ય બહુ પરમાણુઓનો પિંડ છે. ૧૬૧.

હું પૌદ્‌ગલિક નથી, પુદ્‌ગલો મેં પિંડરૂપ કર્યાં નથી;
તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી. ૧૬૨.

પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,
તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.

એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે,
સ્નિગ્ધત્વ વા રૂક્ષત્વ એ પરિણામથી પરમાણુને. ૧૬૪.

હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,
બંધાય જો ગુણદ્વય અધિક; નહીં બંધ હોય જઘન્યનો. ૧૬૫

ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો;
પંચાંશી અણુ સહ બંધ થાય ત્રયાંશમય રૂક્ષાણુનો. ૧૬૬.

સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે,
તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭.

અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્‌ગલકાયથી
આ લોક બાદર-સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય-અયોગ્યથી. ૧૬૮.

સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને
કર્મત્વને પામે; નહીં જીવ પરિણમાવે તેમને. ૧૬૯.

કર્મત્વપરિણત પુદ્‌ગલોના સ્કંધ તે તે ફરી ફરી
શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.

જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે,
કાર્મણ-અહારક દેહ જે, તે સર્વ પુદ્‌ગલરૂપ છે. ૧૭૧.

છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,
વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.

અન્યોન્ય સ્પર્શથી બંધ થાય રૂપાદિગુણયુત મૂર્તને;
પણ જીવ મૂર્તિરહિત બાંધે કેમ પુદ્‌ગલકર્મને? ૧૭૩.

જે રીત દર્શન-જ્ઞાન થાય રૂપાદિનું—ગુણ-દ્રવ્યનું,
તે રીત બંધન જાણ મૂર્તિરહિતને પણ મૂર્તનું. ૧૭૪.

વિધવિધ વિષયો પામીને ઉપયોગ-આત્મક જીવ જે
પ્રદ્વેષ-રાગ-વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫.

જે ભાવથી દેખે અને જાણે વિષયગત અર્થને,
તેનાથી છે ઉપરક્તતા; વળી કર્મબંધન તે વડે. ૧૭૬.

રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્ગલ તણો,
અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭.

સપ્રદેશ છે તે જીવ, જીવપ્રદેશમાં આવે અને
પુદ્ગલસમૂહ રહે યથોચિત, જાય છે, બંધાય છે. ૧૭૮.

જીવ રક્ત બાંધે કર્મ, રાગ રહિત જીવ મુકાય છે;
—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય જાણજે. ૧૭૯.

પરિણામથી છે બંધ, રાગ-વિમોહ-દ્વેષથી યુક્ત જે;
છે મોહ-દ્વેષ અશુભ, રાગ અશુભ વા શુભ હોય છે. ૧૮૦.

પર માંહી શુભ પરિણામ પુણ્ય, અશુભ પરમાં પાપ છે;
નિજદ્રવ્યગત પરિણામ સમયે દુઃખક્ષયનો હેતુ છે. ૧૮૧.

સ્થાવર અને ત્રસ પૃથ્વીઆદિક જીવકાય કહેલ જે,
તે જીવથી છે અન્ય તેમ જ જીવ તેથી અન્ય છે. ૧૮૨.

પરને સ્વને નહિ જાણતો એ રીત પામી સ્વભાવને,
તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે. ૧૮૩.

નિજ ભાવ કરતો જીવ છે કર્તા ખરે નિજ ભાવનો;
પણ તે નથી કર્તા સકલ પુદ્ગલદરવમય ભાવનો. ૧૮૪.

જીવ સર્વ કાળે પુદ્ગલોની મધ્યમાં વર્તે ભલે,
પણ નવ ગ્રહે, ન તજે, કરે નહિ જીવ પુદ્ગલકર્મને. ૧૮૫.

તે હાલ દ્રવ્યજનિત નિજ પરિણામનો કર્તા બને,
તેથી ગ્રહાય અને કદાપિ મુકાય છે કર્મો વડે. ૧૮૬.

જીવ રાગ-દ્વેષથી યુક્ત જ્યારે પરિણમે શુભ-અશુભમાં,
જ્ઞાનાવરણઈત્યાદિભાવે કર્મધૂલિ પ્રવેશ ત્યાં. ૧૮૭.

સપ્રદેશ જીવ સમયે કષાયિત મોહરાગાદિ વડે,
સંબંધ પામી કર્મરજનો, બંધરૂપ કથાય છે. ૧૮૮.

—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો
અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.

‘હું આ અને આ મારું’ એ મમતા ન દેહ-ધને તજે,
તે છોડી જીવ શ્રામણ્યને ઉન્માર્ગનો આશ્રય કરે. ૧૯૦.

હું પર તણો નહિ, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું
—જે એમ ધ્યાવે, ધ્યાનકાળે તેહ શુદ્ધાત્મા બને. ૧૯૧.

એ રીત દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,
માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ ધ્રુવ છે. ૧૯૨.

લક્ષ્મી, શરીર, સુખદુઃખ અથવા શત્રુમિત્ર જનો અરે!
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે. ૧૯૩.

—આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્મને,
સાકાર અણ-આકાર હો, તે મોહગ્રંથિ ક્ષય કરે. ૧૯૪.

હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે
જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.

જે મોહમળ કરી નષ્ટ, વિષયવિરક્ત થઈ, મન રોકીને,
આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૧૯૬.

શા અર્થને ધ્યાવે શ્રમણ, જે નષ્ટઘાતિકર્મ છે,
પ્રત્યક્ષસર્વપદાર્થ ને જ્ઞેયાન્તપ્રાપ્ત, નિઃશંક છે? ૧૯૭.

બાધા રહિત, સકલાત્મમાં સંપૂર્ણસુખજ્ઞાનાઢ્ય જે,
ઇન્દ્રિય-અતીત અનિન્દ્રિ તે ધ્યાવે પરમ આનંદને. ૧૯૮.

શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને
સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯.

એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,
નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.

સહજ ચિદાનંદ.

# ચરણાનુયોગસૂચક ચૂલિકા

એ રીત પ્રણમી સિદ્ધ, જિનવરવૃષભ, મુનિને ફરી ફરી,
શ્રામણ્ય અંગીકૃત કરો, અભિલાષ જો દુખમુક્તિની. ૨૦૧.

બંધુજનોની વિદાય લઈ, સ્ત્રી-પુત્ર-વડીલોથી છૂટી,
દૃગ-જ્ઞાન-તપ-ચારિત્ર-વીર્યાચાર અંગીકૃત કરી. ૨૦૨.

'મુજને ગ્રહો' કહી, પ્રણત થઈ, અનુગૃહીત થાય ગણી વડે,
—વયરૂપકુલવિશિષ્ટ, યોગી, ગુણાઢ્ય ને મુનિ-ઈષ્ટ જે. ૨૦૩.

પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,
—એ રીત નિશ્ચિત ને જિતેન્દ્રિય સાહજિકરૂપધર બને. ૨૦૪.

જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વ ને
હિંસાદિથી શૂન્યત્વ, દેહ-અસંસ્કરણ—એ લિંગ છે. ૨૦૫.

આરંભમૂર્છાશૂન્યતા, ઉપયોગયોગવિશુદ્ધતા,
નિરપેક્ષતા પરથી,—જિનોદિત મોક્ષકારણ લિંગ આ. ૨૦૬.

ગ્રહી પરમગુરુ-દીધેલ લિંગ, નમસ્કરણ કરી તેમને,
વ્રત ને ક્રિયા સુણી, થઈ ઉપસ્થિત, થાય છે મુનિરાજ એ. ૨૦૭

વ્રત, સમિતિ, લુંચન, આવશ્યક, અણચેલ, ઈન્દ્રિયરોધનં,
નહિ સ્નાન-દાતણ, એક ભોજન, ભૂશયન, સ્થિતિભોજનં, ૨૦૮.

—આ મૂળગુણ શ્રમણો તણા જિનદેવથી પ્રજ્ઞપ્ત છે,
તેમાં પ્રમત્ત થતાં શ્રમણ છેદોપસ્થાપક થાય છે. ૨૦૯.

જે લિંગગ્રહણે સાધુપદ દેનાર તે ગુરુ જાણવા;
છેદદ્વયે સ્થાપન કરે તે શેષ મુનિ નિર્યાપકા. ૨૧૦.

જો છેદ થાય પ્રયત્ન સહ કૃત કાયની ચેષ્ટા વિષે,
આલોચનાપૂર્વક ક્રિયા કર્તવ્ય છે તે સાધુને. ૨૧૧.

છેદોપયુક્ત મુનિ, શ્રમણ વ્યવહારવિજ્ઞ કને જઈ,
નિજ દોષ આલોચન કરી, શ્રમણોપદિષ્ટ કરે વિધિ. ૨૧૨.

પ્રતિબંધ પરિત્યાગી સદા અધિવાસ અગર વિવાસમાં,
મુનિરાજ વિહરો સર્વદા થઈ છેદહીન શ્રામણ્યમાં. ૨૧૩.

જે શ્રમણ જ્ઞાન-દ્રગાદિકે પ્રતિબદ્ધ વિચરે સર્વદા,
ને પ્રયત મૂળગુણો વિષે, શ્રામણ્ય છે પરિપૂર્ણ ત્યાં. ૨૧૪.

મુનિ ક્ષપણ માંહી, નિવાસસ્થાન, વિહાર વા ભોજન મહીં,
ઉપધિ-શ્રમણ-વિકથા મહીં પ્રતિબંધને ઈચ્છે નહીં. ૨૧૫.

આસન-શયન-ગમનાદિકે ચર્યા પ્રયત્નવિહીન જે,
તે જાણવી હિંસા સદા સંતાનવાહિની શ્રમણને. ૨૧૬.

જીવો-મરો જીવ, યત્નહીન આચાર ત્યાં હિંસા નક્કી;
સમિતિ-પ્રયત્નસહિતને નહિ બંધ હિંસામાત્રથી. ૨૧૭.

મુનિ યત્નહીન આચારવંત છ કાયનો હિંસક કહ્યો;
જલકમલવત્ નિર્લેપ ભાખ્યો, નિત્ય યત્નસહિત જો. ૨૧૮.

દૈહિક ક્રિયા થકી જીવ મરતાં બંધ થાય—ન થાય છે,
પરિગ્રહ થકી ધ્રુવ બંધ, તેથી સમસ્ત છોડ્યો યોગીએ. ૨૧૯.

નિરપેક્ષ ત્યાગ ન હોય તો નહિ ભાવશુદ્ધિ ભિક્ષુને,
ને ભાવમાં અવિશુદ્ધને ક્ષય કર્મનો કઈ રીત બને? ૨૨૦.

આરંભ, અણસંયમ અને મૂર્છા ન ત્યાં—એ ક્યમ બને?
પરદ્રવ્યરત જે હોય તે કઈ રીત સાધે આત્મને? ૨૨૧.

ગ્રહણે વિસર્ગે સેવતાં નહિ છેદ જેથી થાય છે,
તે ઉપધિ સહ વર્તો ભલે મુનિ કાળક્ષેત્ર વિજાણીને. ૨૨૨.

ઉપધિ અનિંદિતને, અસંયત જન થકી અણપ્રાર્થ્યને,
મૂર્છાદિજનનરહિતને જ ગ્રહો શ્રમણ, થોડો ભલે. ૨૨૩.

ક્યમ અન્ય પરિગ્રહ હોય જ્યાં કહી દેહને પરિગ્રહ અહો!
મોક્ષેચ્છુને દેહેય નિષ્પ્રતિકર્મ ઉપદેશે જિનો ? ૨૨૪.

જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું ઉપકરણ જિનમાર્ગમાં,
ગુરુવચન ને સૂત્રાધ્યયન, વળી વિનય પણ ઉપકરણમાં. ૨૨૫.

આ લોકમાં નિરપેક્ષ ને પરલોક-અણપ્રતિબદ્ધ છે
સાધુ કષાયરહિત, તેથી યુક્ત આ'ર-વિહારી છે. ૨૨૬.

આત્મા અનેષક તે ય તપ, તત્સિદ્ધિમાં ઉદ્યત રહી
વણ-એષણા ભિક્ષા વળી, તેથી અનાહારી મુનિ. ૨૨૭.

કેવલશરીર મુનિ ત્યાંય 'મારું ન' જાણી વણ-પ્રતિકર્મ છે,
નિજ શક્તિના ગોપન વિના તપ સાથ તન યોજેલ છે. ૨૨૮.

આહાર તે એક જ, ઊણોદર ને યથા-ઉપલબ્ધ છે,
ભિક્ષા વડે, દિવસે, રસેચ્છાહીન, વણ-મધુમાંસ છે. ૨૨૯.

વૃદ્ધત્વ, બાળપણા વિષે, ગ્લાનત્વ, શ્રાંત દશા વિષે,
ચર્યા ચરો નિજયોગ્ય, જે રીત મૂળછેદ ન થાય છે. ૨૩૦.

જો દેશ-કાળ તથા ક્ષમા-શ્રમ-ઉપધિને મુનિ જાણીને
વર્તે અહારવિહારમાં, તો અલ્પલેપી શ્રમણ તે. ૨૩૧.

શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય, ને ઐકાગ્ર્ય વસ્તુનિશ્ચયે,
નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે. ૨૩૨.

આગમરહિત જે શ્રમણ તે જાણે ન પરને, આત્મને;
ભિક્ષુ પદાર્થ-અજાણ તે ક્ષય કર્મનો કઈ રીત કરે? ૨૩૩.

મુનિરાજ આગમચક્ષુ ને સૌ ભૂત ઇન્દ્રિયચક્ષુ છે,
છે દેવ અવધિચક્ષુ ને સર્વત્રચક્ષુ સિદ્ધ છે. ૨૩૪.

સૌ ચિત્ર ગુણપર્યાયયુક્ત પદાર્થ આગમસિદ્ધ છે;
તે સર્વને જાણે શ્રમણ એ દેખીને આગમ વડે. ૨૩૫.

દૃષ્ટિ ન આગમપૂર્વિકા તે જીવને સંયમ નહીં
—એ સૂત્ર કેરું છે વચન; મુનિ કેમ હોય અસંયમી ? ૨૩૬.

સિદ્ધિ નહીં આગમ થકી, શ્રદ્ધા ન જો અર્થો તણી;
નિર્વાણ નહિ અર્થો તણી શ્રદ્ધાથી, જો સંયમ નહીં. ૨૩૭.

અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટિ ભવો વડે,
તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છ્વાસમાત્રથી ક્ષય કરે. ૨૩૮.

અણુમાત્ર પણ મૂર્છા તણો સદ્ભાવ જો દેહાદિકે,
તો સર્વઆગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને. ૨૩૯.

જે પંચસમિત, ત્રિગુપ્ત, ઇન્દ્રિનિરોધી, વિજયી કષાયનો,
પરિપૂર્ણ દર્શનજ્ઞાનથી, તે શ્રમણને સંયત કહ્યો. ૨૪૦.

નિંદા-પ્રશંસા, દુઃખ-સુખ, અરિ-બંધુમાં જ્યાં સામ્ય છે,
વળી લોષ્ટ-કનકે, જીવિત-મરણે સામ્ય છે, તે શ્રમણ છે. ૨૪૧.

દૃગ, જ્ઞાન ને ચારિત્ર ત્રણમાં યુગપદે આરૂઢ જે,
તેને કહ્યો ઐકાગ્ર્યગત, શ્રામણ્ય ત્યાં પરિપૂર્ણ છે. ૨૪૨.

પરદ્રવ્યને આશ્રય શ્રમણ અજ્ઞાની પામે મોહને<br>
વા રાગને વા દ્વેષને, તો વિવિધ બાંધે કર્મને. ૨૪૩.

નહિ મોહ, ને નહિ રાગ, દ્વેષ કરે નહીં અર્થો વિષે,<br>
તો નિયમથી મુનિરાજ એ વિધવિધ કર્મો ક્ષય કરે. ૨૪૪.

ૐ
સહજ ચિદાનંદ.

શુદ્ધોપયોગી શ્રમણ છે, શુભયુક્ત પણ શાસ્ત્રે કહ્યા;
શુદ્ધોપયોગી છે નિરાસ્રવ, શેષ સાસ્રવ જાણવા. ૨૪૫.

વાત્સલ્ય પ્રવચનરત વિષે ને ભક્તિ અર્હંતાદિકે
—એ હોય જો શ્રામણ્યમાં, તો ચરણ તે શુભયુક્ત છે. ૨૪૬.

શ્રમણો પ્રતિ વંદન, નમન, અનુગમન, અભ્યુત્થાન ને
વળી શ્રમનિવારણ છે ન નિંદિત રાગયુત ચર્યા વિષે. ૨૪૭.

ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ-ગ્રહણ શિષ્યો તણું,
ઉપદેશ જિનપૂજા તણો—વર્તન તું જાણ સરાગનું. ૨૪૮.

વણ જીવકાયવિરાધના ઉપકાર જે નિત્યે કરે
ચઉવિધ સાધુસંઘને, તે શ્રમણ રાગપ્રધાન છે. ૨૪૯.

વૈયાવૃતે ઉદ્યત શ્રમણ ષટ્ કાયને પીડા કરે
તો શ્રમણ નહિ, પણ છે ગૃહી; તે શ્રાવકોનો ધર્મ છે. ૨૫૦.

છે અલ્પ લેપ છતાંય દર્શનજ્ઞાનપરિણત જૈનને
નિરપેક્ષતાપૂર્વક કરો ઉપકાર અનુકંપા વડે. ૨૫૧.

આક્રાંત દેખી શ્રમણને શ્રમ, રોગ વા ભૂખ, પ્યાસથી,
સાધુ કરો સેવા સ્વશક્તિપ્રમાણ એ મુનિરાજની. ૨૫૨.

સેવાનિમિત્તે રોગી-બાળક-વૃદ્ધ-ગુરુ શ્રમણો તણી,
લૌકિક જનો સહ વાત શુભ-ઉપયોગયુત નિંદિત નથી. ૨૫૩.

આ શુભ ચર્યા શ્રમણને, વળી મુખ્ય હોય ગૃહસ્થને;
તેના વડે જ ગૃહસ્થ પામે મોક્ષસુખ ઉત્કૃષ્ટને. ૨૫૪.

ફળ હોય છે વિપરીત વસ્તુવિશેષથી શુભ રાગને,
નિષ્પત્તિ વિપરીત હોય ભૂમિવિશેષથી જ્યમ બીજને. ૨૫૫.

છદ્મસ્થ-અભિહિત ધ્યાનદાને વ્રતનિયમપઠનાદિકે
રત જીવ મોક્ષ લહે નહીં, બસ ભાવ શાતાત્મક લહે. ૨૫૬.

પરમાર્થથી અનભિજ્ઞ, વિષયકષાયઅધિક જનો પરે
ઉપકાર-સેવા-દાન સર્વ કુદેવમનુજપણે ફળે. ૨૫૭.

‘વિષયો કષાયો પાપ છે’ જો એમ નિરૂપણ શાસ્ત્રમાં,
તો કેમ તત્પ્રતિબદ્ધ પુરુષો હોય રે નિસ્તારકા ? ૨૫૮.

તે પુરુષ જાણ સુમાર્ગશાળી, પાપ-ઉપરમ જેહને,
સમભાવ જ્યાં સૌ ધાર્મિકે, ગુણસમૂહસેવન જેહને. ૨૫૯.

અશુભોપયોગરહિત શ્રમણો—શુદ્ધ વા શુભયુક્ત જે,
તે લોકને તારે; અને તદ્ભક્ત પામે પુણ્યને. ૨૬૦.

પ્રકૃત વસ્તુ દેખી અભ્યુત્થાન આદિ ક્રિયા થકી
વર્તો શ્રમણ, પછી વર્તનીય ગુણાનુસાર વિશેષથી. ૨૬૧.

ગુણથી અધિક શ્રમણો પ્રતિ સત્કાર, અભ્યુત્થાન ને
અંજલિકરણ, પોષણ, ગ્રહણ, સેવન અહીં ઉપદિષ્ટ છે. ૨૬૨.

મુનિ સૂત્ર-અર્થપ્રવીણ સંયમજ્ઞાનતપસમૃદ્ધને
પ્રણિપાત, અભ્યુત્થાન, સેવા સાધુએ કર્તવ્ય છે. ૨૬૩.

શાસ્ત્રે કહ્યું—તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહીં,
જિન-ઉક્ત આત્મપ્રધાન સર્વ પદાર્થ જો શ્રદ્ધે નહીં. ૨૬૪.

મુનિ શાસને સ્થિત દેખીને જે દ્વેષથી નિંદા કરે,
અનુમત નહીં કિરિયા વિષે, તે નાશ ચરણ તણો કરે. ૨૬૫.

જે હીનગુણ હોવા છતાં ‘હું પણ શ્રમણ છું’ મદ કરે,
ઇચ્છે વિનય ગુણ-અધિક પાસ, અનંતસંસારી બને. ૨૬૬.

મુનિ અધિકગુણ હીનગુણ પ્રતિ વર્તે યદિ વિનયાદિમાં,
તો ભ્રષ્ટ થાય ચરિત્રથી ઉપયુક્ત મિથ્યા ભાવમાં. ૨૬૭.

સૂત્રાર્થપદનિશ્ચય, કષાયપ્રશાંતિ, તપ-અધિકત્વ છે,
તે પણ અસંયત થાય, જો છોડે ન લૌકિક-સંગને. ૨૬૮.

નિર્ગ્રંથરૂપ દીક્ષા વડે સંયમતપે સંયુક્ત જે,
લૌકિક કહ્યો તેને ય, જો છોડે ન ઐહિક કર્મને. ૨૬૯.

તેથી શ્રમણને હોય જો દુખમુક્તિ કેરી ભાવના,
તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં. ૨૭૦.

સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,
અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.

અયથાચરણહીન, સૂત્ર-અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,
તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨.

જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,
આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩

રે ! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,
છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણમું તેહને. ૨૭૪.

સાકાર અણ-આકાર ચર્યાયુક્ત આ ઉપદેશને
જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.